# ન તત્ર સૂર્યો ભાતિ

સુરેશ જોષી

# ન તત્ર સૂર્યો ભાતિ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય : ટૂંકી વાર્તા

સુરેશ જોષી

ન તત્ર સૂર્યો ભાતિ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents

મુખપૃષ્ઠ vi
’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ vii
સર્જક-પરિચય 1
ન તત્ર સૂર્યો ભાતિ iii

વાર્તાની વાર્તા 4
ધુમ્મસ 14
આંધળી માછલીઓ 21
મારા ચાર ખૂનીઓ 29
વલય 34
ભય 44
દુર્લભા 50
બે સૂરજમુખી અને 57
અને મરણ 62

# મુખપૃષ્ઠ



# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# ન તત્ર સૂર્યો ભાતિ

જેને આધારે આ સૃષ્ટિ રચાઈ તેને

The sweet moist wafer of your tongue

I taste,

And find right meanings in your

silent mouth.

# વાર્તાની વાર્તા

હું એને કહું છું એષા. એ એનું સાચું નામ નથી, કોઈ નામને 'સાચું' થતાં કેટલો વખત લાગતો હશે? આમ તો એ ઘણી વાર મારે ત્યાં આવે છે. છતાં મેં એની સાથે ભાગ્યે જ વાત કરી હશે. એના મોઢા પર હંમેશાં કાંઈક આવો ભાવ હોય છે: 'હું અહીં જ છું, પણ મારા તરફ ખાસ ધ્યાન આપશો નહીં.' કોઈ પણ સન્દર્ભની સીમાની એ બહાર રહેવા ઇચ્છે છે. પહેલી વાર એને જોઈ ત્યારથી આટલું હું સમજી ગયો છું. આથી જ આજે પહેલી વાર એણે મને કહ્યું કે ચાલો ને, એક વાર્તા લખીએ, ત્યારે ઘડીભર હું એને જોતો જ રહી ગયો. થોડી વાર તો એ પણ અસાવધ બનીને મને જોઈ રહી. પછી એ જાણે એકાએક ભાનમાં આવીને નીચું જોઈ ગઈ. નીચલા હોઠને ઉપલા હોઠથી દાબી દીધો, કોઈએ જાણે આજ્ઞા કરી હોય તેમ એના હાથમાંના રૂમાલની ગડી વાળવા લાગી, ગડી વાળીને એને ઉકેલી નાખીને ફરી ગડી વાળતી રહી. આમ કરતાં કરતાં વચમાં સહેજ આંખ ઊંચી કરીને મને જોઈ લેતી. મને એની આ અસ્વસ્થતા થોડી વાર સુધી જોઈ લેવાનો લોભ લાગ્યો. આથી હું પણ થોડી વાર સુધી કશું બોલ્યો નહીં. પછી એણે એકાએક એની કાંડાઘડિયાળ તરફ જોઈને કહ્યું: 'સાડાત્રણે તો મારે જવાનું છે.' મેં જોયું તો સાડાત્રણમાં પાંચેક મિનિટ બાકી હતી. હું સમજી ગયો. એ ફરી સન્દર્ભની બહાર છટકી જવા ઇચ્છે છે. મનેય કોણ જાણે શું સૂઝ્યું તે મેં એને રોકી નહીં. એ ઊઠીને ઊભી થઈ. બારીની પાળ પરની ચોપડીની થપ્પી પરની ધૂળ ઝાટકતી બોલી: 'આ ચોપડીઓ મહિનાથી આમ ને આમ પડી છે ખરું ને'? પછી નાનું બાળક કુતૂહલથી ચિત્રો જોતું હોય તેમ એ ચોપડીનાં પાનાં ઉથલાવીને જોવા લાગી. મેં એને કહ્યું: 'જો, સાડાત્રણ તો થઈ

ગયા.' આ સાંભળીને ચોપડી મૂકી દઈને એ મારી સામે આવીને ઊભી રહી ને બોલી: 'તમારે મને કાઢી મૂકવી છે?' મેં કહ્યું: 'જો કોઈ તારી રાહ જોતું હોય તે મને ગાળ દે તો?'

એણે સામેથી પૂછ્યું: 'તો?'

મેં કહ્યું: 'હું બોલું તેનો જ પડઘો પાડવાથી વાર્તા નહિ લખાય.'

આ સાંભળી મનમાં કશોક નિશ્ચય કરીને એ બેસી પડી. પછી કહ્યું: 'બોલો પહેલું વાક્ય.'

હું બોલ્યો: 'એક હતો રાજા.'

હું એ રાજાની માનીતી ને અણમાનીતી રાણીઓ સુધી પહોંચું તે પહેલાં જ એણે મને અટકાવી દીધો ને જાણે મારું ખોટું વાક્ય સુધારતી હોય એવી અદાથી બોલી ઊઠી: 'ના, એક હતી કન્યા.' પછી મને કહ્યું: 'હવે તમારો વારો. બોલો, એની વય કેટલી હશે?' એ જાણે મને એની પોતાની વય વિશે જ પૂછી રહી હતી. એના મુખની રેખા પરથી વય પારખવાનો હું પ્રયત્ન કરતો હતો તે એ કળી ગઈ. આથી એ કોઈ નબળા વિદ્યાર્થીને ઠપકો આપતી હોય તેમ બોલી: 'તમે શું ધૂળ લેખક થયા છો? એક વાક્ય ઉમેરતાં તો આટલી બધી વાર લાગે છે!'

એનો આ ટોણો સાંભળીને મને મારી શક્તિ પુરવાર કરવાની ચાનક ચઢી. આથી હું એના પર પ્રભાવ પાડવાની ઇચ્છાથી બોલ્યો: 'એના ચરણની વય તે ઝરણાની વય, એના હૃદયની વય તે ઝંઝાવાતની વય, ને એની આંખોની વય તે એક આંસુની વય...'

આ સાંભળીને તે હસી પડી. હું સહેજ ઝાંખો પડી ગયો. એ હસવાનું માંડ ખાળીને બોલી: 'કોઈ મૂરતિયો મારી વય વિશે પૂછે ને તમે આવો જવાબ આપો તો તો હું કુંવારી જ રહી જાઉં ને!'

મેં કંઈક સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં કહ્યું: 'આજ કાલના મૂરતિયાની કન્યાની વય જાણવાની રીત બહુ જુદી હોય છે.'

મારું એ વાક્ય જાણે એણે સાંભળ્યું જ નહિ હોય એમ એણે અધીરાઈથી મને કહ્યું: ‘વારુ, પછી?’ મેં કહ્યું:’કન્યા છે, એટલે યુવક તો હોવાનો જ.’

એણે કહ્યું: ‘હું તમને પ્રેમકથા લખવાની ફરજ પાડતી નથી, ને કન્યા યુવક વગર જીવી જ ન શકે એવું થોડું છે?’

આ બોલતાં બોલતાં એનો અવાજ બદલાઈ ગયો. એ અવાજમાં રોષ ન હતો, પણ બીજું કશુંક હતું. એને ‘કશુંક’ સિવાય બીજી કોઈ રીતે વર્ણવતાં મને આવડતું નથી. જો થોડી ક્ષણ વધુ મૌન રહે તો કદાચ એ પોતાના પરનો કાબૂ ખોઈ બેસે એવી બીકથી મેં આગળ ચલાવ્યું: ‘ના, મારેય તે પ્રેમ જોડે સમ્બન્ધ નથી, કથા જોડે છે. તેમ છતાં યુવકને મૂકી તો જોઈએ, જોઈએ વારુ, શું થાય છે?’ ઉદાર બનવાનો અભિનય કરતી એ બોલી: ‘લાવો યુવક, મારી મંજૂરી છે.’ મેં કહ્યું: ‘વારુ. યુવક તો હાજર જ છે. એનું કાંઈક નામ તો રાખીશું ને?’

એ જાણે હોઠ પર નામ ગોઠવતી હોય તેમ થોડી વાર સુધી બેસી રહી. પછી કહ્યું: ‘આપણે તો લક્ષણ પ્રમાણે નામ પાડીશું. પહેલાં એનાં લક્ષણ તો જણાવા દો.’

મેં કહ્યું: ‘વારુ, પણ હવે એનું વર્ણન કરવાનો તારો વારો.’ પહેલાં તો એ ઉત્સાહપૂર્વક બોલવા ગઈ: ‘એમ માની લો ને કે એ...’ પછી પોતાના ભોળપણ પર જ રોષે ભરાઈને એ અટકી પડી. માથું ધુણાવીને બોલી: ‘યુવકની વાત હું શું જાણું?’

મેં કહ્યું: ‘યુવકો વિશે નહીં, પણ યુવક વિષે તું કશું જ જાણતી નથી એમ કહેવા જેટલી બાઘાઈ મારામાં નથી. છતાં, તને વર્ણન કરતાં કરતાં જ પકડાઈ જવાની બીક હોય તો તને એવી મૂંઝવણભરી પરિસ્થિતિમાંથી બચાવી લેવા ખાતર જ હું વર્ણન કરીશ.’ આ સાંભળીને એ રોષે ભરાશે એમ મેં માનેલું, પણ એ તો અધીરાઈભર્યા વિસ્મયથી આંખો માંડીને હું શું કહું છું તે સાંભળવા તત્પર બની રહી. મેં એને ચીઢવવા ખાતર જ કહ્યું: ‘એને ગોરો તો નહિ કહી શકાય, પણ...’ એ એકદમ મને અટકાવી દઈને બોલી: ‘ના.’

મેં કહ્યું: ‘વારુ. એ ખૂબ ગોરો ગોરો હતો, પુરુષ છતાં એની કાયા નાજુક, હોઠ ગુલાબની

પાંખડી જેવા, આંખમાં કાજળ...' એ કૃત્રિમ રોષથી બોલી ઊઠી: ' બસ, આટલું બસ થશે. તમારી બધી કવિતા એના પર ઢોળી દેશો તો પછી પેલી બિચારી કન્યાનું શું થશે?'

મેં કહ્યું: 'જો, આપણે આ વાર્તામાં બેથી વધારે પાત્ર લાવવા નથી. બોલ, તું કયા પાત્રની જવાબદારી લે છે?'

એ બોલી: 'તમે મોટા લેખક થયા છો તે જવાબદારી તો તમારી જ. તમારી અણઆવડત જ્યાં ઉઘાડી પડી જતી લાગશે ત્યાં હું દયા લાવીને થોડી મદદ કરીશ.' આ એ એવા તો ઠસ્સાથી બોલી કે હું ખરેખર સહેજ વાર તો ગભરાઈ જ ગયો. પછી મને થોડી સૂચના આપતી હોય તેમ બોલી: 'જુઓ કોલેજની કશી વાત લાવશો નહિ. એ બધું તો ક્યારનું પતી ગયું છે.'

મેં કહ્યું: 'તો એમનું મિલન ક્યાં ગોઠવીશું?'

એ ધૂંધવાઈને બોલી ઊઠી: 'તમેય તે કેવી રેઢિયાળ વાત કરો છો? હું કહું છું ને કે એ બધું તો ક્યારનું પતી ગયું. હવે કન્યા અભિસારે જવા નથી નીકળતી. એ યુવક પોતે ના પાડે તે પહેલાં એને ના કહી દેવાની તૈયારી કરીને એને મળવા જવા નીકળી છે. હવે ચલાવો આગળ.'

પ્રથમ મિલનની ક્ષણની મનોરમ કલ્પનાઓ ભાંગી પડી. મારે બધી કવિતાને સંકેલી લેવી પડી. તેમ છતાં મેં શરૂ કર્યું:

'ઉનાળાની બપોરે ઘરમાં બધાં જ આડે પડખે થયાં હતાં. થોડી વાર સુધી તો એ પણ આંખ બંધ કરીને પડી રહી. પછી અકળાઈ ઊઠીને એ બેઠી થઈ. ટેબલના ખાનામાંથી ડાયરી કાઢી... '

ત્યાં એકદમ મને અટકાવીને એ બોલી ઊઠી: 'ના, ના. નબળા લેખકો જ ડાયરીનો ઉપયોગ કરીને ભૂતકાળનો ઢગલો વાળે છે. આ કન્યા ડાયરી લખતી નથી. પત્રો હતા તેનો પણ એણે નિકાલ કરી દીધો છે. હવે આગળ ચાલો.'

મારું કામ વિકટ બનતું જતું હતું. પણ હિંમત રાખીને હું આગળ વધ્યો: ‘પછી અકળાઈ ઊઠીને એ બેઠી થઈ. બારી પાસે જઈને ઊભી રહી.’ આ સાંભળીને એ હસી પડી. મેં ધૂંધવાઈને પૂછ્યું. ‘ કેમ, એમાં હસવું કેમ આવ્યું?’

એ બોલી: ‘તમારી વાર્તાની નાયિકાઓને બારી પાસે ઊભા રહેવાની બહુ ટેવ છે, નહિ?’

મેં એને ચીઢવવા માટે કહ્યું: ‘બારી અને ઝરૂખા નહિ હોય તો સ્ત્રી શું કરે? હજી એ બન્ધનમાં છે. ઉમ્બર ઓળંગતાં પહેલાં એને કેટલાય પ્રશ્નો ઓળંગવા પડતા હોય છે!’

એ ઠાવકું મોઢું રાખીને બોલી: ‘સમસ્ત નારી જાતિ વતી તમારો આભાર માનું છું. હં, પછી?’

મેં આગળ ચલાવ્યું: એ બારી પાસે જઈને ઊભી રહી. બહારના આકરા તાપથી એની આંખ ઝંખવાઈ ગઈ. એણે ગળા આગળની બ્લાઉઝની કોરને સહેજ આંગળીથી ઊંચી કરી ને સાડીના છેડાથી પવન નાખવા લાગી. પછી એ ઠંડા પાણીથી મોઢું ધોઈ આવી. દર્પણ પાસે ઊભી રહી પોતાને જોવા લાગી. એને યાદ આવ્યું. આંગળીના ટેરવાને કરડી લેવાની એને (એટલે કે યુવકને) કેવી વિચિત્ર ટેવ હતી! એ વખતે એના મોઢામાંથી હળવો સિસકારો નીકળી જતો. એ સાંભળવા ખાતર જ એ આવું કરતો. એને એમ કરતો અટકાવવા જતાં એને ઉઝરડો પડી ગયો હતો તે જોઈને એની આંખમાં કેવાં આંસુ આવી ગયાં હતાં! ત્યાર પછી એણે જીદ પકડી હતી, ને વારે વારે એ નખને ન વધારવાનું કહેતો હતો. પણ એણેય સામે એવી જ જીદ પકડીને કહ્યું હતું: ‘પુરુષોથી બચવા માટે સ્ત્રી પાસે આટલું શસ્ત્ર તો રહેવા જ દેવું જોઈએ ને!’

ઘડીભર એની વાળની લટને આંગળીએ ગૂંચવતી એ ઊભી રહી ગઈ. પછી એણે તૈયારી કરવા માંડી. સૌથી પહેલું કામ તો બહાર જવાને માટેનાં બહાનાંની શોધ કરવાનું હતું. એક રીતે આજે જાણે એને માથેથી મોટો ભાર ઊતરી ગયાની એ નિરાંત અનુભવતી હતી, પણ પછી તરત જ જાણી કરીને જે વેદનાનો ભાર એ વહોરી લેવાની હતી તેનો ખ્યાલ આવતાં જ...’

અહીં મને અટકાવીને એ બોલી ઊઠી: ‘જુઓ, જરા સાવધ રહેજો, નહિ તો લાગણીવેડામાં સરી પડવાનો ભય રહે છે. એને જલદી બહાનું શોધીને બહાર કાઢો ને!’

મેં ફરી હિંમત એકઠી કરીને શરૂ કર્યું:

‘એની મોટી બહેનનું મંગળસૂત્ર પહેરીને એ જતી ત્યારે એ ખૂબ અકળાતો. એક વાર એ ખૂબ રોષે ભરાયો હતો ને કારણ જાણવાની જીદ કરતો હતો ત્યારે એણે કહી દીધું હતું: ‘હું મનમાં ને મનમાં કોઈને પરણી બેઠી હોઉં તો?’ આજે પણ જાણી કરીને એણે મંગળસૂત્ર પહેર્યું. સાડી પહેરવાની અનેક રીતે એ જાણતી. અમુક રીતે પહેરતાં એ સાવ નાની લાગતી, તો કેટલીક વાર એ સાડી એવી રીતે પહેરતી કે એ ભારે ગંભીર અને ઠરેલ લાગતી. આજે કોણ જાણે શા ઉમળકાથી એ નટખટ દેખાવાને સાજ સજી રહી હતી. એ જે કહેવા જતી હતી તેને પંખીના પીછાની જેમ, ફૂલની ફોરમની જેમ એ ઉરાડી દેવા ઇચ્છતી હતી. ક્યાંય એનો સહેજ સરખો દાબ વરતાય એમ એ ઇચ્છતી નહોતી. એની આંખોને એ દિવાળી ઘોડાની જેમ નચાવતી હતી...’

એ મને વચ્ચેથી અટકાવીને બોલી: ‘કવિતાઈ ને વેવલાવેડા શરૂ થયા.’

હું મનમાં તો ચીઢાયો. પણ પછી વાત આગળ ચલાવી: ‘એ લટ ગૂંથી રહેવા આવી હતી ત્યાં જ એની બાએ પૂછ્યું; ‘કેમ, ક્યાં ઊપડી? એણે તરત જવાબ દઈ દીધો: ‘જયશ્રી કાલે મુંબઈ જવાની છે ને, એને મળવા.’ જયશ્રીના ભાઈ જોડે એના વિવાહ કરવાની પેરવીમાં જ બા હતી. એ જાણીને જ એણે આ કહ્યું. બાએ વાંધો લીધો નહિ. ત્રણ વાગે મળવાનું નક્કી કર્યું હતું. હજી પંદર મિનિટ બાકી હતી. એ નીકળી, બળબળતા બપોર હતા. લાલચટ્ટક ગુલમોર ખીલ્યા હતા. એણે ગૂંથેલી મોગરાની વેણી પણ કરમાઈ જતી હતી. એની આંખો બળતી હતી. એક વાર એણે જ વંચાવેલી પેલી પંક્તિઓ યાદ આવી: One should always end a love affair in summer, when one’s soial life is at an ebb, and the sun is shining. Sunlight provides the excuse for dark glasses to hide swollen eyelids, and permits the important events of one’s life to take place unwitnessed as in Greek tragedy.

એણે વેનિટીપર્સમાંથી ગોગલ્સ કાઢ્યા. પણ ગોગલ્સ પહેરવાનું એને ગમતું નહોતું. ચારે બાજુ એક પણ વૃક્ષની છાયા વિનાનો બળબળતો વિસ્તાર હતો. એમાં એણે કલ્પનાથી એક રણદ્વીપ સરજી લીધો: શીતળ જળ, વૃક્ષની છાયા, પંખીનો ટહુકો, હૃદયનો પ્રત્યુત્તર – એ બધું ભૂલી ગઈ. વૈશાખના વંટોળને ખભે બેસીને એ ઘૂમવા લાગી. સંકેતસ્થાને એ ક્યારે આવી પહોંચી તેની પણ તેને ખબર નહિ પડી. એ પીપળાના થડને અઢેલીને ઊભી રહી ગઈ. એ મનમાં કશા વિચાર આવવા દેવા ઇચ્છતી નહોતી. આજુબાજુ જે બની રહ્યું હતું તેને ખંતપૂર્વક વિગતથી જોવાનું એણે શરૂ કર્યું. સામે જ શેરડીના રસવાળો લોખંડના સોયાથી બરફ તોડતો હતો. તૂટેલી બરફની કણી ધૂળમાં પડીને તરત બાષ્પ થઈને ઊડી જતી હતી. શેરડી પીસાતી હતી, ચક્ર ચીંચવાતું ચીંચવાતું ફરતું હતું. એકાએક એના પગમાં સીસું ભર્યું હોય એવું એને લાગ્યું. એણે સંગોપીને રાખી મૂકેલી 'ના'ના ટુકડે-ટુકડા થઈને પેલી બરફની કણીની જેમ વેરાઈ જાય, શોષાઈ જાય, બાષ્પ બનીને ઊડી જાય તો – એ નિર્જન રસ્તાના છેડા સુધી જોવા લાગી. એની કાગળ લખવાની રીતની એ હંમેશાં ટીકા કરતો, નિર્જન રસ્તા પર ચાલ્યા જતા એકલદોકલ માણસની જેમ આજુબાજુ ઘણી બધી ખાલી જગ્યા રાખીને પંક્તિઓ કાગળના વિસ્તાર વચ્ચેથી ચાલી જતી. એ ચીઢાઈ જતો ત્યારે જવાબમાં એ હંમેશાં કહેતી: 'શબ્દને મૌનને ખોળેથી ઉતારવાની ક્રૂરતા હું આચરી શકતી નથી!' આવું સાંભળીને એ વધારે ચીઢાતો ને પૂછતો: 'કોણ શીખવે છે તને આવું બધું?'

એ એને વધુ ચીઢવવા કહેતી: 'છે એક જણ.'

એ પૂછતો: 'એક જણનું નામ?'

એ કહેતી: 'હું કાંઈ પોલીસચોકીએ જુબાની આપવા નથી આવી.' આવો જવાબ સાંભળીને એના ગોરાગોરા મુખ પર લોહી દોડી જતું, એના કાનની લાળી લાલચોળ થઈ જતી, એ એના ખભા પકડીને એને હલાવી નાખતો. એની આંખમાં ખુન્નસ દેખાતું. કેટલીક વાર એ એના હાથ એટલા તો જોરથી દબાવતો કે એના નખ વાગવાથી લોહી સુધ્ધાં નીકળતું. પછી એ બીજી જ પળે એને મનાવવા લાગતો. એનો હાથ ચૂમી લેતો. થોડી વાર સુધી તો એ જરા પણ ચમક આપતી નહિ. પછી એકાએક સહેજ શરમાઈ જઈ એ એની છાતીમાં મોઢું સંતાડી દેતી. એના ખમીસ પર થોડું કંકુ છપાઈ જતું.

એને એ ખિસ્સામાંથી રૂમાલ કાઢીને ખંખેરી નાખતો. આ જોઈને એ હસી પડીને કહેતી: ‘ડરપોક!’ એ ‘ડરપોક’ શબ્દ એના હોઠ પર એકાએક ધસી આવ્યો. તોફાની છોકરાને મા ફોસલાવી પટાવીને જેર કરે તેમ એ શબ્દને એણે પાછો વાળી લીધો. કોઈક ફિલ્મની જાહેરાત ભારે ઘોંઘાટથી કરતી એક ઘોડાગાડી એની આગળથી પસાર થઈ. એની આગળ એક માણસ બે દાંડીથી નગારું વગાડતો જઈ રહ્યો હતો. એના ઘોંઘાટથી ઘોડાને ભારે ત્રાસ થતો હતો. નગારા પર નાચ્યા કરતી એ દાંડી એની આંખ આગળથી ખસતી નહોતી. એ દાંડી એના હૃદય સાથે અથડાતી હોય એવું એને લાગ્યું. ઘડીભર એની આંખે અંધારાં આવી ગયાં. એ આંખ બંધ કરીને ઊભી હતી ત્યાં જ એ આવી પહોંચ્યો. એના હાથનો સ્પર્શ થતાં જ એ ચોંકી ઊઠી. આથી એ બોલ્યો. ‘કેમ, તારો હાથ આટલો બધો ઠંડો છે!’

‘આટલા બધા તાપમાં પણ ગરમ નહિ થવાનો જાદુ છે મારી પાસે…’

‘હું જાદુથી બહુ ગભરાઉં છું.’

એને કહેવાનું મન થઈ આવ્યું: ‘એટલે જ તું નાસી જવા તૈયાર થયો છે, નહિ?’

પણ એ કશું બોલી નહીં. કશું ન સૂઝતાં બંને કોફીવાન આગળ જઈને ઊભાં. લગભગ યંત્રવત્ કોફી પી ગયાં. એ પાકીટ કાઢીને પૈસા આપવા ગયો. એણે હાથ પકડી લીધો, પાકીટ જપ્ત કર્યું. આથી એનું મોઢું ધોળું પૂણી જેવું થઈ ગયું. એ જોઈને ઘડીભર તો એ ડઘાઈ જ ગઈ. એના હાથમાંથી પાકીટ નીચે સરી પડ્યું. એ જોતાં એકાએક એ જાણે પાકીટ પર તરાપ મારીને તૂટી પડ્યો…’

એણે મને આટલેથી અટકાવી દીધો ને કહ્યું: ‘તમારી તરકીબ હું સમજી ગઈ. હું તો તમને હોશિયાર માનતી હતી. તમેય આવી તકલાદી વાત..’

હું સહેજ ચીઢાયો. મેં કહ્યું: ‘પણ હું શું કહું છું તે સાંભળ્યા વિના જ…’

એ બોલી: ‘એમાં તે શું સાંભળવાનું હતું? લો, હું કહી દઉં? સાંભળો ત્યારે. એણે પાકીટ ફરી એની પાસેથી સેરવી લીધું, ને ખોલીને જોયું તો પારદર્શી પ્લાસ્ટિકની પાછળ હતી

એની વાગ્દત્તાની છબિ. એણે એને ધારી ધારીને જોઈ લીધી. કપાળમાં મોટો ચાંલ્લો, આંખોમાં ભોળપણ, પુષ્ટ હોઠમાં વિલાસિતાનું સૂચન. એની આંગળીની પકડ ઢીલી પડી ગઈ. એણે પોતાને હાથે જ પાકીટ એના ખિસ્સામાં મૂકી દીધું, પછી હસી પડીને કહ્યું: ‘જોજે હં, એ તારા હૃદયના બધા ધબકારા સાંભળે છે. વારુ, હવે તમે આગળ ચલાવો.’

મારી તરકીબ પકડાઈ જવાથી મારું અભિમાન ઘવાયું. મેં કહ્યું: ‘તો પછી તું જ શા માટે વાર્તા નથી લખતી?’ જાણે મારી દયા ખાતી હોય એમ એ બોલી: ‘હવે આ વાર્તા માંડી છે તે તો પૂરી કરો.’

વાર્તા આગળ ચાલુ રાખવાનો ઉત્સાહ મને રહ્યો નહોતો, પણ હવે તો એને પૂરી કર્યે જ છૂટકો! મેં ફરી શરૂ કર્યું: ‘થોડી વાર સુધી તો એ કશું ન બોલ્યો. પછી વિવશ બનીને એણે એનો હાથ પોતાના હાથમાં લીધો. એ સાવ ઠંડો હતો. એથી એ બોલી: ‘કેમ, તારો હાથ પણ આટલો ઠંડો છે? મારા જાદુની તારા પર પણ અસર થઈ કે શું?’ આથી એ સહેજ ચીઢાયો: ‘જા, તને તો ટિખ્ખળ જ સૂઝે છે!’ આ સાંભળીને એ એકદમ ભભૂકી ઊઠી: ‘તો શું હું ઘેનની ટીકડી ગળી જાઉં!’ આનો એને કશો જવાબ જડ્યો નહિ. એને સૂનમૂન ઊભેલો જોઈ એ જ ફરીથી બોલી: ‘ના, એવી કશી ચિન્તા કરીશ નહિ. દીવાલ પરના લખેલા અપશબ્દના જેવું મારું નામ તું ભૂસી નાખજે.’ એ બોલી ગઈ પછી એને લાગ્યું કે આમ કરવાથી તો એ જે ‘ના’ને સાવ હળવી બનાવીને લાવી છે તે ભારે ને ભારે થતી જાય છે. એના ભારથી એ પોતે જ કચડાઈ જશે તો? આથી વાતને હળવી બનાવતાં એ બોલી: ‘લે હવે, એટલો બધો ગમ્ભીર શેનો થઈ જાય છે? એવું હોય તો હું કશું નહિ બોલું, બસ.’

થોડી વાર સુધી બંને કશું બોલ્યાં નહીં. પછી એ બોલ્યો: ‘મેં તને કાલે જોઈ હતી, તારું તો ધ્યાન નહોતું.’

એ બોલી: ‘ એમ, તો મારા પર દૂરથી દેખરેખ રાખવાની જૂની ટેવ તું ભૂલ્યો નથી!’

વળી એ ચૂપ થઈ ગયો. લોખંડના સોયાથી કચ્ચર કચ્ચર થતા બરફને એ જોઈ રહી. એકાએક એને લાગ્યું કે ચારે બાજુથી અન્ધકાર ઊમટી આવીને એને ઘેરી લે છે. એની

સામે એને અન્ધકારના ધાબા સિવાય કશું જ દેખાતું નહોતું. એમાં એ પરવશ બનીને ખોવાઈ જવા લાગી. એવામાં એણે પ્રશ્ન પૂછ્યો: 'શું જુએ છે?'

એણે જવાબ આપ્યો: 'મૃગજળ.'

એની આંખો હરણફાળે એ ઝાંઝવાને વીંધીને દોડવા લાગી. આખરે થાકીને એણે ઘડીભર આંખ બંધ કરી દીધી, પર્સમાંથી ગોગલ્સ કાઢીને પહેરી લીધા. ગોગલ્સનું આવરણ મળતાં જ પાંપણને કિનારે એક આંસુ ઝમ્યું. એને પોતાના પર રોષ ચઢ્યો. આંસુનું પાતાળઝરણું ફોડીને એ તો ચાલ્યો જશે. પછી આ આંસુને ક્યાં સંતાડવાં? એ મૂંઝાઈ ગઈ. પણ એ જ પળે એનું હૃદય અવળચંડાઈ કરી બેઠું. એ બંને હાથે એને વળગી પડી ને એના ખભા પર માથું ઢાળી દીધું. પછી ટીપે ટીપે પેલી 'ના'ને ઓગળી જવા દીધી. બધી સ્મૃતિને પણ એણે ટીપેટીપે વહી જવા દીધી. એ પોતાના હૃદય સામે રોષ એકઠો કરી શકી નહિ. એની આ ઉદ્ધતાઈને એ દૂર સરી જઈને કેવળ જોઈ રહી. એ કંઈક બોલવા ગયો, પણ હવે એણે કશું સાંભળવું નો'તું. દૂર શીમળાના ઝાડ પરથી રેશમી રૂ હવામાં ઊડતું હતું. ભારે કુતૂહલથી એ બાળકની જેમ એને જોઈ રહી. એણે અકળાઈને પૂછ્યું: 'તો હવે ક્યારે?' એ પ્રશ્ન જાણે પેલા ઊડતા રૂ સાથે જ વિખેરાઈ ગયો. આંખ પરથી એણે ગોગલ્સ કાઢી નાખ્યા. પછી એણે કહ્યું: 'આવજે ત્યારે.' એના જવાબમાં એ કશું બોલે તે પહેલાં એ ચાલી નીકળી.' મેં આટલું કહીને એને પૂછયું: 'બસ?' એણે મારા હાથમાંથી પેન લઈને પાસે પડેલા કાગળ પર લખ્યું:

The lost return to us when we are lost.

•

ક્ષિતિજ: મે, 1964

# ધુમ્મસ

બરાબર મારી સામે જ એ બેઠી હતી. મારી નજર એના પર નહોતી. હું મરીન ડ્રાઇવની પાળ સાથે અથડાઈને ચૂરેચૂરો થઈને રસ્તા પર વેરાઈ જતાં મોજાંને જોઈ રહ્યો હતો. આ જોઈ રહેવાનો મને નશો છે. હું જોતો રહી જાઉં છું અને સંસાર મને પાછળ મૂકીને આગળ દોડી જાય છે. એ જ રીતે મને હડસેલો મારીને આગળ દોડી ગઈ હતી ર...ના, એ નામ હું નહિ કહું. એ નામનો તમારે મન અર્થ પણ શો? પણ કોણ જાણે કેમ, આ અથડાઈને ચૂરો થઈ જતાં મોજાં જોઉં છું ત્યારે મને એના શબ્દો યાદ આવે છે. એ એની તોફાની, નિષ્ઠુર ને છતાં સહેજમાં જ આંસુથી છલકાઈ ઊઠતી આંખો મારી સામે માંડીને પૂછતી હતી: 'હું તમને ખૂબ ગમું છું, નહિ?'

જવાબમાં મેં એને ચીઢવવા કહ્યું હતું: 'જો હું હા નહીં કહું તો તારા ગર્વની શી દશા થાય?'

એ રોષે ભરાઈને બોલી: 'સાવ નઠોર છો તમે તો!'

મેં કહ્યું: 'હા, નઠોર ને ખડક જેવો ઊભો છું તેથી જ તો તું તારા ભરતીના વેગથી ધસી આવે છે ત્યારે એ બધા ઉત્પાત સહી લઉં છું. હું નઠોર નહિ હોઉં તો તારા આ બધા ઉધામાનું શું થાય?'

એનો રોષ કાંઈ હળવો થયો નહીં. એ બોલી: કલ્પના, કલ્પના, કલ્પના .... તમારી કલ્પના જે જુલમ ગુજારે તે સહી લેવા માટે મેં જનમ લીધો નથી.

કલ્પના – હા, ખડક જેવા નઠોરને પણ કલ્પનાનો શાપ આપવા જેટલા ભગવાન ઉદાર હોય છે એની મને ખાતરી ક્યાં નથી થઈ ચૂકી? એથી જ તો અહીં બેઠો બેઠો એ ઊછળતાં મોજાંને જોઈને કાંઈ કેવાય તરંગે ચડી જાઉં છું: કોઈ મોટું સ્ટેશન છે. એના વિશાળ છાપરા નીચે અનેક પ્રકારના અવાજોની ધક્કામુક્કી છે. એને ભેદીને લાઉડ સ્પીકરમાંથી અવાજ આવે છે. આઠ ને પંદરે દિલ્હી જનારી ગાડી બાર નંબરના પ્લેટફોર્મ ઉપરથી ઊપડશે. એકાએક લોકોની દોડાદોડ વધે છે. એ દોડાદોડનો નકશો હું સહેજ ઉપર ઊભો રહીને જોયા કરું છું. કેટલાં મોજાં ઊછળે છે! કાંઠા વગરના વિશાળ સમુદ્રનો ભયંકર ઘુઘવાટ મને ઘેરી વળે છે. ઘડીભર હું આંખ બીડી દઉં છું; ને મને યાદ આવે છે કે એ મારી સામે જ બેઠી છે. એનું મારા તરફ ધ્યાન જાય તે પહેલાં જ આંખો ખોલી નાખું છું. સમુદ્ર તરફથી નજર વાળી લઈને હું એને જોઉં છું. શરબતની ઉપર તરતા બરફના ટુકડાઓને એ સ્ટ્રોથી નીચે ડુબાડવા મથે છે. સળી વળી જાય છે. એ ધૂંધવાઈને સળી ફેંકી દે છે. ઘડી ભર એની આંખો જાણે કોઈને શોધતી હોય તેમ આજુબાજુ ફરી વળે છે, પછી એ એકાએક બે હાથથી કાન ઢાંકી દે છે, કશીક યાતનાથી, એકાએક ઊપડી આવેલા કશાક દર્દથી, તેનો ચહેરો વિકૃત થઈ જાય છે. કાન આગળથી હાથને ખસેડી લઈને એ ટેબલ પર પડી રહેલા મારા હાથને બાઝી પડે છે ને એના રૂંધાઈ ગયેલા ગળામાંથી અવાજ નીકળતો નથી, છતાં કશુંક બોલવા જાય છે. મને બાઝી પડેલા એના હાથ સાવ ઠંડા છે. એ હાથે ખૂબ પરસેવો વળ્યો છે. એ પરસેવાના સ્પર્શથી હું મૂંઝાઈ જાઉં છું. 'શું થયું?' એમ વિવેક ખાતર પણ પૂછી શકતો નથી. એનો મને વળગી પડેલો હાથ તરછોડી નાખવા જેટલી મારામાં હિંમત નથી. આજુબાજુના લોકો અમને આ સ્થિતિમાં ટીકીટીકીને જોઈ રહ્યા છે એનું ભાન થતાં હું આખરે ઊભો થઈ જાઉં છું. મારા ઊભા થવાનો ધક્કો લાગતાં એ જાણે સફાળી ભાનમાં આવે છે ને ઊભી થઈને મારી સાથે ચાલવા માંડે છે. હું ચાલવાનું શરૂ કરી ચૂક્યો હોઉં છું એટલે એકદમ ઊભો રહી જતો નથી. મારા કાનમાં ફરી પડઘા ગાજે છે: દિલ્હી જનારી ગાડી આઠ ને પંદરે બાર નંબરના પ્લેટફોર્મ પરથી ઊપડશે. એ વાક્ય જાણે ફરી ઘુમરાઈ ઘુમરાઈને મારા કાનમાં ગાજ્યા કરે છે. મારી આજુબાજુ કશું જ જાણે નથી. એ અવાજના વિસ્તરતા જતા પડઘાનાં વર્તુળોમાં ગૂંચવાતો વીંટાઈ જતો હું આગળ જઈ રહ્યો છું. ત્યાં એ ફરી વાર એકાએક મને બાઝી પડીને છેક મારા કાન આગળ મોઢું લાવીને બોલી ઊઠે છે: 'બચાવો, બચાવો.' એના ભયથી હું પણ ધૂ◌ૂજી ઊઠું છું. છતાં હું એને કશું પૂછી શકતો નથી. એ જ

લગભગ અભાન અવસ્થામાં લવતી હોય તેમ કહે છેઃ 'ઘોડા, હજાર, દસહજાર ઘોડા મારી સામે ધસ્યા આવે છે, બચાવો, બચાવો.' એને આધાર આપવા નહીં પણ કદાચ ભયથી આધાર પામવા જ મેં એનો હાથ જોરથી પકડી રાખ્યો. મને થયું ક્યાં ગઈ મારી કલ્પના? સમુદ્રનાં ખારાં મોજાંની છોળમાંથી ઊડતા સીકરો આંખમાં જતાં આંખ ચચરતી હતી. આંખમાંથી પાણી નીકળતું હતું. આંખે એની ઝાંય વળી જવાથી ચારે બાજુ બધું ધૂંધળું દેખાતું હતું. મારી સામે પૂરપાટ દોડ્યે જતી ઘોડાની હારને હું જોતો હતો, એ હારનો અંત જ નો'તો. મોટું વેરાન મેદાન હતું. ક્ષિતિજ આગળ નાનાં નાનાં ટપકાં જેવા દેખાતા ઘોડા દોડ્યે જતા હતા. એમાંના એક ઘોડા પર હું પોતે હતો. સર્યે જતું એક ટપકું. એમાં એકાએક વંટોળિયો ચઢી આવ્યો. આંધી ચઢી આવી. બીજા ઘોડાઓ ક્યાં જતા રહ્યા તે મને કશું સમજાયું નહિ. એના ડાબલા સંભળાતા બંધ થઈ ગયા, ને મેં જોયું તો હું એક ટેકરી પર આવીને ઊભો હતો, નીચે એક ગામડાનો આભાસ વર્તાતો હતો. આજુબાજુ ધોળી રેતીનો વિસ્તાર હતો. એના પર ચાંદની ચમકી રહી હતી. આસપાસમાં એક્કેય વૃક્ષ દેખાતું નહોતું. આથી આ બધા વિસ્તાર વચ્ચે મારો જ એક પડછાયો અટૂલો ઊભો હતો. ત્યાં જ ક્યાંક બાજુમાંથી કોઈક ગુસપુસ વાતો કરતું હોય એવું મને સંભળાયું. ચારેક જણનું એ ઝૂમખું હતું. એ શબ્દો શબ્દો હોવા કરતાં રેતીના નિર્જન વિસ્તારમાંના પવનના સૂસવાટ જેવા વિશેષ લાગતા હતા. હું કુતૂહલથી એમના તરફ વળ્યો. એમાંની એક સ્ત્રીએ મારા તરફ જોયું. એની આંખમાંનો પ્રશ્ન વિષાદનું રૂપ ધારણ કરીને પ્રકટ થઈ રહ્યો હતો. એની સાથેની બીજી ત્રણ વ્યક્તિઓ અદૃશ્ય થઈ ગઈ. પેલી સ્ત્રી મને હાથ ઝાલીને દોરી જવા લાગી. મેં નજર કરી તો ઠેર ઠેર કાળા આકારોનાં ઝૂમખાં દેખાયાં. એ બધાંનો વાત કરવાનો ભેગો અવાજ મારા કાનમાં સૂસવાવા લાગ્યો. ધોળી રેતીના અસીમ વિસ્તારમાં હું ચાલ્યે જ ગયો, ચાલ્યે જ ગયો ને ઘણે વખતે મને સમજાયું કે ટેકરી પરથી જોયેલું પેલું ગામડું સુધ્ધાં ક્યારનું અદૃશ્ય થઈ ચૂક્યું હતું. ત્યાં એક અવાજ સાવ નજીકથી મને સંભળાયો.

'ઓળખો છો ને?'

મારાથી કહેવાઈ ગયું; 'હા' પણ હું જૂઠું તો નહોતો બોલ્યો. એ અવાજ તો મને પરિચિત હતો જ. એનું નામ હોઠે લાવવા જતો હતો ત્યાં જ એ અવાજે મને કહ્યું; 'હું તો પવનમાં

માળો બાંધીને રહેનાર પંખી, રોજ રાતે તમારા મૌનનાં મોતી ચણી જાઉં છું. ખબર પડે છે તમને?'

એના આ શબ્દો પાછળ કશીક વેદના હતી. એને હું ક્યાં નહોતો ઓળખતો? મને યાદ આવ્યું. એક વાર એ ખૂબ ઝગડીને મને પૂછતી હતી:

'તો તમે શા માટે મારી સાથે સમ્બન્ધનો દાવો કરો છો?'

એ પ્રશ્નનો મેં જવાબ વાળ્યો નહિ.

એણે ફરીથી પૂછ્યું: 'બોલો ને એવો કશો સમ્બન્ધ છે ખરો?'

મેં એકાક્ષરી જવાબ વાળ્યો: 'હા.'

એણે ફરી ધૂંધવાઈને પૂછ્યું: 'શું ધૂળનો સંબંધ?

મેં કહ્યું: 'ના, આગનો સમ્બન્ધ.'

ઘડી ભર એ સૂનમૂન થઈ ને બેસી રહી. પછી મેં કહ્યું: 'જો સાંભળ, એક કવિએ કહ્યું છે:

'I may be silent, but

I'm thinking.

I may not talk but

Don't mistake me for a wall.'

એ છણકો કરીને બોલી: 'ઓહો, એમ વાત છે? તો જુઓ. હું તમને શાપ આપું છું. તમે ધુમ્મસ બનીને વિખેરાઈ જશો. દુનિયાભરમાં કોઈ સૂરજ ચાંદો તમને એકઠા કરીને આકાર નહિ આપી શકે.'

આ સાંભળીને મેં જરાય વિચલિત બન્યા વગર કહ્યું: 'તારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને? આપણો સમ્બન્ધ તો પ્રેમનો નથી, રોષનો છે, વરદાનનો નથી, શાપનો છે. જન્મેજન્મે શાપ આપવા તું મને શોધતી આવશે. તને તો ખબર છે ને, ચન્દ્રમાં પણ જ્વાળામુખી છે?'

આ સાંભળીને એ કશુંક બોલવા ગઈ. એના હોઠ ફરક્યા, એનાં નસકોરાં ફૂલી ઊઠ્યાં, પણ એ કશું બોલી શકી નહીં. પછી એકાએક મારી સામે નજર માંડીને બોલી; 'ઓળખો છો ને મને?'

કેટલા વખત પહેલાંનો એ પ્રશ્ન મારી ચારે બાજુના સૂના વિસ્તારમાં ગાજી ઊઠ્યો, ને મેં જોયું તો મારી પાસે કોઈ નહોતું. મરીન ડ્રાઇવનો રસ્તો, આકાશમાં વાદળ ઘેરાયાં હતાં. એની છાયા ઝીલીને દરિયાનાં પાણી ભૂખરાં થઈ ગયાં હતાં. મારી સાથે ચાલતી ચાલતી એ કશુંક બોલ્યે જતી હતી. એના પૂરા શબ્દો તો મારે કાને પડતા પણ નહોતા. વચમાં વચમાં એ એકાએક હસી પડતી હતી. એના હસવાના અવાજમાં કશાક ઉન્માદનું સૂચન હતું, એથી હું ગભરાઈ જતો હતો. એના તૂટ્યા-ફૂટ્યા શબ્દો મારી નજર સામે એક જુદી જ સૃષ્ટિ રચી દેતા હતા; નાનું શહેર, અંધારી ગલી, ભેજ, ખાબોચિયાં, મૂર્ચ્છા ખાતી હવા, એક શીતળ લહર, થોડા શબ્દ, એકાદ ભીરુ સ્પર્શ, છંછેડાયેલું લોહી, નાસભાગ, અપવાદ, આરોપ, શંકા, હા અને નાની ભુલભુલામણીથી ભરેલી ગલીકૂંચી, પથ્થરના દેવને રક્તકમળનું નિવેદન, સતત ઝરતાં આંસુની જળધારી, ભેજ, ભેજ, ભેજ; સૂરજ પણ ભેજથી નીતરતો, ઝાંખો. ચાંદો પણ જાણે એના પોતાના જ પ્રેત જેવો, ને આ સૃષ્ટિ વચ્ચે અથડાતોકૂટાતો પવન, સ્પર્શની સીમાઓને લોપી નાખતો ઉચ્છૃંખલ પવન, પીપળાનાં કંપતાં પાંદડાં, ઊંડાં કૂવામાં ડોલતી છાયા, ઘરની ટોચ પર ચાંચ ઘસતું બેઠેલું ઘુવડ ને દૂર દૂર પુરપાટ દોડ્યે જતા ધોળા ઘોડા પર ચાલ્યો જતો એક કાળો અસવાર, એના ગાજી ઊઠતા ડાબલા...

વાદળની ઘટા વધારે ઘેરી બની હતી. હવે રસ્તો સાવ નિર્જન બની ગયો હતો, મોજાની છાલક સાથે શરૂ થયેલા વરસાદની ઝરમર પણ ભળી ગઈ હતી. એ ઝરમરના ને ભીની હવાના તાણાવાણાની ગૂંથાતી કશીક જાળ વચ્ચે જાણે હું ફસાતો જતો હતો. કોઈ

જાદુગરની આ માયાને જાણે ગમે ત્યારે એક ફૂંક મારવાથી ઉરાડી દઈ શકાશે એવા વિશ્વાસથી હું ચાલ્યો જતો હતો. ત્યાં મારી નજીક આવી જઈને એણે પૂછ્યું:

'તમને ભય લાગે છે?'

મેં પૂછ્યું: 'કોનો? તમારો?'

આ સાંભળીને એ હસી પડી. હસવાનું થંભી ગયા પછી વળી જાણે એને યાદ કરીને એ ફરી હસી પડી. હું મૂંઝાયો. ત્યાં એ ફરી સ્વસ્થ થઈને બોલી: 'ના, મારો નહિ. મારું મીઠું માંસ તો હવા એના નહોર ભરીભરીને આરોગે છે, પવન એના દાંત વગરના હોઠથી એને ચૂસે છે. લો ને, હું તો આ રહી –' એમ કહીને એ ચાલતી ચાલતી એક ડગલું આગળ વધીને મારા ચાલવાનો રસ્તો રોકી દઈને ઊભી રહી ગઈ. હું પણ ઊભો રહી ગયો. એ એટલી બધી નજીક હતી કે એની ભીની લટ મને રહી રહીને સ્પર્શી જતી હતી. એના સ્પર્શથી હું ધ્રૂજી ઊઠતો હતો. થોડી વાર એ આમ જ ઊભી રહી. પછીથી એ ખસી ગઈ ને સ્વસ્થ અવાજે બોલી: 'આકાશનો એકેએક તારો તમારી પાસે છેક નીચે ઊતરી આવીને એની મોટી મોટી આંખો ફાડીને જોઈ રહે છે ખરો? પવન તમારા શરીરને આરપાર વીંધી નાખીને તમને વેરાન વિસ્તારમાં ઊડાવી મૂકે છે ખરો? તમારો જ પડછાયો તમારા પગમાં નાગચૂડ ભરાવીને તમને નીચે ને નીચે ઘસડી જાય છે ખરો? મારાં હાડકાં પવનની સરાણે ચઢીને તીક્ષ્ણ બને છે. એમાંથી તણખા ઊડ્યે જાય છે...' એ બોલ્યે જ ગઈ. એના અવાજનાં ટોળાં વચ્ચે હું ખોવાઈ ગયો. દૂરથી અવાજ સંભળાતો હતો: આઠ ત્રીસે મદ્રાસ મેઇલ પ્લેટફોર્મ નંબર દસ ઉપરથી ઊપડશે. આ જ વાક્યનાં અનંત પુનરાવર્તનોનાં વર્તુળ મને ચારે બાજુથી ઘેરી વળ્યાં. વરસાદ સહેજ વારને માટે થંભી જવા આવ્યો, પણ એકાએક દરિયા પર ને રસ્તા પર ગાઢું ધુમ્મસ ઊતરી આવ્યું. મારી આજુબાજુનું બધું જ દેખાતું બંધ થઈ ગયું. મારાં અંગો પણ મને દેખાતાં બંધ થઈ ગયાં. જાણે શરીર આખું કણકણ થઈને વિખેરાઈ ગયું. આ ધુમ્મસમાં પ્રકાશનાં આંસુ દેખાતાં હતાં, પવનનાં હીબકાં સંભળાતાં હતાં, સૂરજ જેવો સૂરજ ક્યાંક આંધળો બનીને અડબડિયાં ખાતો હતો. મેં જોયું તો મારી બાજુમાં કોઈ જ નહોતું, હું પણ નહોતો. ક્યાંક દૂર પેલા શબ્દો: 'હું તમને શાપ આપું છું: તમે ધુમ્મસ બનીને કણકણ થઈને વિખરાઈ જશો. દુનિયાનો કોઈ સૂરજ, કોઈ ચાંદો તમને આકાર નહિ આપી શકે.'

•

ક્ષિતિજ: ઓગસ્ટ, 1964

# આંધળી માછલીઓ

હું અહીં બેઠી બેઠી સાંભળું છું: આ એમનો જ અવાજ. એ મને શોધતો શોધતો આવે છે.

શરૂઆતમાં ઝરતા ઝાકળ જેવો, પછીથી ભમ્મરિયા કૂવાની બખોલમાં પોતાનો જ પડઘો સાંભળતા બેસી રહેલા અન્ધકારના જેવો. પછી મધરાતે એકાએક જાગી જતાં નીહારિકાના સ્રોતના દૂર દૂરથી વહ્યે આવતા પ્રવાહના જેવો, ને પછી એકાએક નિકટ આવીને ટહુકી જતા મારા જ કોઈ પૂર્વજન્મના શબ્દ જેવો. એ કોઈ મંડળીમાં બેસીને વાતો કરતા હોય છે ત્યારે કે કોઈ સભામાં વ્યાખ્યાન કરતા હોય છે ત્યારે કે પછી કશું બોલ્યા વિના મારી સામે જ બેઠા હોવા છતાં એકાએક અન્યમનસ્ક બનીને મને ઉલ્લંઘીને ક્યાંય દૂર આંખોને રઝળતી મૂકી દેતા હોય છે ત્યારે હું લોભથી એ અવાજને સંચિત કરું છું: ખોબો ભરીને ફૂલ. એની સુવાસ જાણે મને જન્મોજન્મથી શોધતી આવે છે. મને ઘેરી વળે છે. મારા મર્મને ભરી દે છે ને પછી વિલાઈ જાય છે, ઊંડે ઊંડે રહીને મને એકાએક વિહ્વળ બનાવી દે છે; સમથળ વહ્યે જતા જીવનનો સંવાદી લય હું ચૂકી જાઉં છું. ફરી સૃષ્ટિના આદિકાળના અરણ્યને ખોળે ખેલતો શિશુ ઝંઝાવાત એના ઉધામાથી મને હેરાન કરી મૂકે છે, અન્ધ જળની દિશાહીન વ્યાકુળતા શિરાએ શિરાએ વહી જાય છે; મારા નામના અક્ષરો ઉત્તર ધ્રુવના હિમાચ્છાદિત પ્રદેશમાં ઊડતા અજાણ્યા પંખીની ધોળી ધોળી પાંખો વચ્ચે ખોવાઈ જતાં જોઉં છું. શૂન્યના વિશાળ પ્રસારમાં એક બુદ્બુદની જેમ હું થોડી વાર તર્યા કરું છું. ને પછી વિલય પામું છું. જુગજુગનાં પાપપુણ્યનું એક ક્ષણમાં વિસર્જન થઈ જાય છે. રહી જાય છે માત્ર થોડા તરંગો. એ અવાજ સાંભળવાનો

મને આનન્દ જ છે એવું નથી, ભય પણ છે – પ્રચણ્ડ ભય! ને તેથી હું મને સંભાળીને સાચવી રાખવા કેટકેટલું મથું છું! પણ બારીની બહારથી અવાજો દ્વારા આખી સૃષ્ટિ અંદર પ્રવેશવા મથી રહી હતી! બસના ડ્રાઇવરે એકાએક મારેલી બ્રેક, ઝડપથી દોડી જતી એમ્બ્યુલન્સનો ઘણ્ટ, કોઈ કિશોરે આનન્દમાં પોતાના સાથીને બોલાવવાને દીધેલો સાદ – ને આ બધાંને વીંધીને ચૂંચવાઈને ધીમે ધીમે ચાલ્યે જતા જગન્નાથના રથનો અવાજ. કેટલા મુમૂર્ષુઓ એની નીચે કચડાઈ જવા પ્રાણ પાથરે છે! હવામાં એનો ચિત્કાર છે: જગન્નાથ! જગન્નાથ!

આ અવાજના પ્રલયપૂરથી બચવા માટે હું કશાકને બાઝી પડવા ઇચ્છું છું, કોઈ પુરાણા વૃક્ષની જેમ ખૂબ ખૂબ ઊંડે મૂળ પ્રસારીને જુગજુગ સુધી વિસ્તરવા ઇચ્છું છું. કોઈકને સ્પર્શવા ઇચ્છું છું. ઝંખું છું નિબિડ સ્પર્શને, ગાઢ આલિંગનને – જે ક્યાંય સહેજસરખો શૂન્ય અવકાશ ન રાખે, સૂર્ય, ચન્દ્ર, તારા, સમુદ્ર, પર્વત, બધું એની ભીંસમાં એકાકાર થઈ જાય, પ્રસ્વેદના કણમાં ઓગળી જાય. મારી કાયામાં એક વિરાટ હિલ્લોળ જાગે છે, કાંઠા પરનાં ગામોને ડુબાડી દેતી કોઈ વન્યાના પૂર જેવો. એની ગાંડીતૂર છોળમાં ભાંગીને કણકણ થઈને હું વિખરાઈ જાઉં છું સૂર્યમાં, ચન્દ્રમાં, જળમાં, અગ્નિમાં –

'તને ખબર છે ખરી, હું અહીં ક્યારથી ઊભો છું તે?' હું જૂઠું બોલું છું બેધડક: 'હા.'

'તો તું તારી ટેવ પ્રમાણે કેમ મારો હાથ પકડી નથી લેતી? તારી આંગળીઓ મારી આંગળીમાં કેમ ગૂંથી નથી દેતી?'

હું કશો જવાબ દઉં તે પહેલાં એ રોષથી કે પછી ઉત્કટ પ્રેમથી મારી આંગળીનાં ટેરવાં પર એના દાંત દબાવે છે. મારા મુખમાંથી આછો સિત્કાર નીકળી જાય છે. હું ઠપકાભરી આંખે એને જોઈ રહું છું. એ નીચો વળીને એના બે હોઠ વચ્ચે મારી આંખને ડૂબાડી દે છે. એ બે હોઠ વચ્ચેના હૂંફના સાગર વચ્ચે મારી આંખો – આંધળી માછલીઓ – તર્યા કરે છે. પછી એ એના બે હાથ વચ્ચે મારું મોઢું, ગોઠવીને લગભગ જકડી દઈને, મને જોયા કરે છે. મારી આંખ પર એના હોઠની આર્દ્રતાની ઝાંય છે. એનું મુખ આ ઝાંયને કારણે માયાવી રૂપ ધારણ કરે છે. 'કોણ છે એ?' હું મારા મનને પૂછું છું. જાણું છું એનું નામ ત્રણ અક્ષરનું છે. કોઈ બારાખડીમાંથી એ ત્રણ અક્ષરો શોધવાનું કહે તો હું અબઘડી જ શોધી

આપી શકું એમ છું. ને તેમ છતાં એ ત્રણ અક્ષરો અજાણ્યા છે, આ આખી સૃષ્ટિ મને અજાણી લાગે છે, હું કશાક અજાણ્યા ભયથી ધ્રૂજી ઊઠું છું. એ પૂછે છે: ‘કેમ, આટલી બધી કંપે છે કેમ?’

હું સહજ જ કહી દઉં છું: ‘આનન્દથી.’

પછી એ મારી પાસે આવીને બેસે છે. મારી લટને એની આંગળીમાં ગૂંચવે છે. એના ઉચ્છ્વાસથી મારી પાંપણો થરકી ઊઠે છે. હું આંખ ઊંચી કરતી નથી, એના મુખ તરફ જોતી નથી. એની છાતી પર માથું ટેકવીને બેસી રહું છું.

એ બોલ્યે જાય છે કાંઈ કેટલીય વાતો: સંક્રાન્તને દિવસે રંગબેરંગી પતંગોની જેમ એના શબ્દો ઊડાઊડ કરે છે. એ પૈકીના કોઈનો દોર મારે ઝાલવો નથી, એ દોર ઝાલવા જતાં જ મારી આંગળી – આંગળી જ માત્ર? – કેવી ઉઝરડાઈ ગઈ હતી!

મેં કહ્યું: ‘હં, હવે તારી પૂર્ણાની વાત કર.’

એ મારા ગાલમાં હળવી ટપલી મારીને બોલ્યો: ‘મને પામવા છતાં પામ્યાનો એને વિશ્વાસ નથી એટલે એ દર સોમવારે મારે ત્યાં આવે છે. બા ખુશખુશ થઈને એને આવકારે છે. હું ઉપરના ઓરડામાં મારી કાયદાની છેલ્લી પરીક્ષા માટે મોટાં મોટાં થોથાં ઉથામતો બેઠો હોઉં છું ત્યાં એ આવીને મારા ‘પવિત્ર’ ચરણને સ્પર્શે છે, એની ઉપર ફૂલ ચઢાવે છે. મારી આંગળીનાં ટેરવાં એની આંખને અડાડે છે ને પછી ઊભી થઈને મારી સામે મીટ માંડી રહે છે.’

એક્કી શ્વાસે એ આટલું બધું બોલી જાય છે તેથી મને હસવું આવે છે. આથી એ સહેજ ખિસિયાણો પડી જાય છે ને મને પૂછે છે: ‘કેમ, એમાં હસવા જેવું છે?’

‘આ દેવ બનવાનો પાઠ તને હવે બરાબર ફાવી ગયો લાગે છે, નહીં?’

એ કહે છે: ‘મારા દાદા – ‘

હું એને વચ્ચેથી અટકાવીને કહું છું: ‘મારા દાદા, મારા દાદા’ – બસ તારા દાદાએ

શીખવ્યું તેટલું જ આવડ્યું છે. એ સિવાય દુનિયામાં બીજું બધું ઘણું છે – હું પણ છું તે તું જાણે છે ખરો?'

મારા આ આકસ્મિક ઉપાલમ્ભથી એ મુંઝાઈ જાય છે, ને કશું નહીં સૂઝતાં મારી આંગળીનાં ટેરવાં કરડવા લાગે છે. મને એની દયા આવે છે. હું એનાં ઝુલફાંમાં આંગળી ફેરવું છું, એના નાજુક હોઠ મારા હોઠથી સ્પર્શું છું. એ મારી વધુ નિકટ આવે છે. મારા ગળામાંની મોતીની સેરને ગૂંચવી નાખે છે. હું કૃત્રિમ રોષથી કહું છું. 'સાચાં મોતીનો છે, જો તૂટશે ને તો –'

એ વળી છોભીલો પડી જાય છે. એને વધુ ચીઢવવા હું કહું છું: 'બોલ, તું આખી જિન્દગીમાં આપી શકવાનો છે આવો એકાદ હાર?'

એ કશું કેફિયતરૂપે કહેવા જાય તે સાંભળવાનું દુ:ખ ટાળવા જ મેં જલદી જલદી બોલી નાખ્યું: 'તેં આપ્યો જ છે તો હાર – જો ને, આ આંસુઓ પરોવ્યે જ જાઉં છું, પણ ખૂટતાં નથી.'

થોડી વાર સુધી એ નજર ઊંચી કરી શક્યો નહીં. આથી અકળાઈ જઈને મેં કહ્યું: 'દુ:ખી તું કરે ને આશ્વાસન મારે તને આપવાનું? આ તે ક્યાંનો ન્યાય?'

છેલ્લો પ્રશ્ન પૂછતાં મારી આંખ ઝાંખી થઈ ગઈ. મારી સામેના બધા આકારોની રેખાઓ એકબીજામાં ભળી જવા લાગી. બધું એકાકાર થઈ જાય તે પહેલાં હું સાવધ થઈ ગઈ ને બોલી: 'તારે ચરણે ધરવાને ફૂલ તો નથી, પણ ચા તો પી શકીશ ને?'

પછી અમે ચા પીધી, પૂર્ણાની વાત પણ નીકળી. એને કપાળમાં મોટો ગોળમટોળ ચાંલ્લો કરવાની ટેવ છે. એ વિશે મેં જરા મજાક કરી: 'એનું સૌભાગ્ય કેટલા મોટા કદનું છે તેની એ જાહેરાત છે, નહીં?'

હું કદાચ અદેખાઈની મારી આવું બોલી રહી હતી એવો એને રખેને ખ્યાલ આવે ને મારી દયા ખાય એ બીકે મેં જ કહી નાખ્યું. 'કેમ, આ વખતે કેવુંક વંચાય છે?'

બસ, પછી ચાલી બધી કોલેજની, પિકનિકની, ડિબેટની – કાંઈ કેટલી સટરપટર વાતો. નાટકમાં એનું કામ ખાસ વખણાયું. એને લીધે તો કોલેજને ઇનામ મળ્યું વગેરે વગેરે. મને ખબર ન પડી કે હું ક્યારે અન્યમનસ્ક બની ગઈ. પછી એ ગયો ત્યાં સુધી હું એક પણ અક્ષર બોલી નહીં, બહાર રસ્તા પર એ ટપકું બનીને અદશ્ય થઈ જાય તે પહેલાં એ ટપકાને આંગળીને ટેરવે લઈને મારી આંખમાં આંજી દીધું...

હું ગઈ ત્યારે હંમેશની જેમ એ વિચારમાં બેઠા નહોતા. એમના મુખ પર કશાક અસાધારણ આનન્દની ચમક હતી. શિયાળો હમણાં જ શરૂ થયો હતો. આખી સૃષ્ટિ જાણે મીઠી હૂંફભરી સોડ શોધતી હતી. હું હજુ તો એમની પાસે જ જતી હતી ત્યાં એમણે હાથ લંબાવીને મને એમની સાવ નજીક ખેંચી લીધી. મને એમના હાથ ગમે છે. જગતભરની કોમળતા સંચય કરવાનો એ હાથનો સ્વભાવ છે. એ હાથની બધી આંગળીઓ વચ્ચે સંપ છે. કેટલીક વાર તો એ બધી ભેગી મળીને જાણે મીઠા લહેકાથી ગીત ગાઈ રહી હોય એવું મને સંભળાય છે. આથી એ હાથને હું મારા બે હાથ વચ્ચે સંતાડી દઉં છું, કોઈનીય એના પર નજર ન પડે તો સારું એવો મને લોભ જાગે છે. એમનેય આ ગમે છે તો ખરું, પણ પછી એ કહે છે: 'તું બહુ લુચ્ચી છે નહીં?'

હું કહું છું: 'મારે વિશે શોધીશોધીને બસ આટલું જ શોધ્યું?'

એ કહે છે: 'મારે ક્યાં શોધવું પડ્યું છે? આ તારા હાથ જ મને કહી દે છે!'

મેં પૂછ્યું ; ' શું કહી દે છે?'

એ હસતાં હસતાં બોલ્યા: 'આ હાથને આમ જકડી લઈએ એટલે એ આગળ વધી શકે જ નહીં –'

મેં વાક્ય પૂરું કરવા દીધું જ નહીં ને રોષથી મારો હાથ પાછો ખેંચી લીધો. એટલે એમણે કહ્યું: 'હવે તને તારી લુચ્ચાઈનો પુરાવો મળી ગયો ને? જો એવું ન હોત તો તારો હાથ આમ ધૂંધવાઈ ન ઊઠ્યો હોત.'

પછી મેં જ ફરી એમના હાથની કોમળતા જાણે આંગળીને ટેરવે હૃદયમાં સંચિત કરવા

માંડી. એમની આંખમાં જે આનન્દની ચમક હતી તે ચાલી ગઈ. ધીમે ધીમે મારા હાથમાંનો એમનો હાથ શિથિલ થઈ ગયો. આથી હું ગભરાઈ ગઈ.

મેં પૂછ્યું: કેમ, ઘટા કેમ ઘેરાઈ આવી?

એમણે કહ્યું: 'ઘટા ઘેરાયેલી જોઈને ક્યાંક તો મોર ગહેકતા હશે ને?'

વાક્યને અન્તેનો પ્રશ્ન – એમાં કુતૂહલ છે કે વિષાદ? કે પછી બન્ને? ધીમે ધીમે એમનો અવાજ મને મારાથી ખૂબ ખૂબ દૂર લઈ જવા લાગ્યો.

એ કહેતા હતા: 'તું કોઈ મૂલ્યવાન હીરાની જેમ ખૂબ ખૂબ ઊંડે છે, ઘણા બધા અન્ધકારથી ઘેરાયેલી છે, ને એથી જ તો અન્ધકારની માયા છે. એના ગર્ભમાં જ તારું તેજ રહેલું છે. પણ મારું લોહી તો સૂર્યે માંજી માંજીને પારદર્શી બનાવી દીધું છે. જન્મના જન્મ એમાં ઉઘાડા પડી જાય છે. આ અન્ધકારના ઊંડાણને જે તાગે તેની દૃષ્ટિ જુદી જ બની જાય, વળી જે ઊંડે જવા ઇચ્છતા હોય તેની પાસે વજન જોઈએ. ખૂબખૂબ વેદનાનું વજન, જન્મોજન્મથી સંઘરેલી વેદનાનું વજન. કોઈક વાર તારા મુખ પરની ચમક જોઈને મને લાગે છે કે હવે મારે અન્ધકારને વધારે તાગવાની જરૂર નથી, આ રહ્યો મારા હાથમાં. પણ – ' મેં એમને અટકાવી દઈને કહ્યું: 'બસ, હવે આગળ બોલશો નહીં.' મેં એમની આંખ પર મારી આંખનો ભાર દાબી દીધો. ઘડીભરની એ નિ:શબ્દતામાં હું ક્યાંની ક્યાં જઈ પડી! આ એક ક્ષણ – હીરાના જેવી, એને અજવાળે મારા જુગજુગ પ્રકાશી ઊઠ્યા, પાપપુણ્ય ભસ્મ થઈ ગયાં. કોઈ શંખલાની જેમ હું આ નિ:શબ્દતાને કાંઠે પડી રહી. મારા મર્મમાં મને સાગરનું ગર્જન સંભળાવા લાગ્યું. કશાક અજાણ્યા ભયથી હું ચોંકી ઊઠી. મારી કાયા કમ્પી ઊઠી. એનો કમ્પ એમને પણ સ્પર્શી ગયો. એમણે મારી બંધ આંખ ખોલી નાખીને મારી સામે જોઈ રહીને કહ્યું: 'આ આંખોને હું નથી ઓળખતો! એને તરવાને જે સાગર જોઈએ તે ક્યાં છે? એ કોઈ વિશાળ રણના પેટાળમાં ગરજી રહ્યો હશે?

આ સાંભળીને અણજાણપણે જ મારી આંખમાંથી આંસુ સરી જાય છે. પછી તો એની ધારાને અટકાવી શકાતી નથી. મારી આંખો ડહોળાઈ જાય છે, એમાં રતાશ તરવા લાગે

છે, એ ઝાંખી બની જાય છે. વળી આકારની રેખાઓ એકબીજામાં ભળવા લાગે છે. બધું એકાકાર બની જઈને રસાતલ જાય તે પહેલાં હું બચાવી લેવા મથું છું. શોધું છું સ્પર્શને. ક્યાં છે એ? મારા હાથ એને શોધે છે; મારી આંખો એના બે હોઠના કાંઠા વચ્ચે છલકાતા હૂંફના સાગર વચ્ચે આંધળી માછલીઓ બનીને તરવા ઇચ્છે છે. મારી આ વ્યાકુળતા, જળ બહાર ફેંકાયેલી માછલીના જેવો મારો તરફડાટ જોઈને એ હેબતાઈ જઈને મને જોઈ રહે છે. મારી આંખો પર એમના હાથની કોમળતા છલકાય છે. મારા જીવમાં જીવ આવે છે. એમની આંખનાં અણિયાળાં ભીનાં થયાં હોય એવો મને ભાસ થાય છે.

એ કશું બોલે, એ અવાજ હું સાંભળું, એમાં મારા જુગજુગ ખોઈ નાખું ને નિ:શેષ લુપ્ત થઈ જાઉં એ આશાથી હું એમને પૂછું છું: ' કેવી લાગે છે મારી આંખો?'

જાણે મારો પ્રશ્ન સાંભળ્યો જ ન હોય ને આપમેળે જ બોલતા હોય તેમ બોલે છે: 'એક કિલ્લો છે. ખૂબ પુરાણો. અંદર રાજારાણીના મહેલનાં ખંડિયેર છે. કરોળિયાનાં જાળાં જેવો પારદર્શી ભૂતકાળ ત્યાં બેઠો છે. એને ખૂણે ખૂણે પુરાણી આંખોની કોડીનો ઢગલો છે, ઝાંઝરના રૂમઝૂમ ઝણકારનાં પ્રેત રખડે છે. એ મહેલ પાસે છે એક કૂવો – એનાં કાળાંભમ્મર પાણી, એ પાણી કે પછી પ્રવાહી અન્ધકાર? એનાં કુંવારાં જળને નહીં સ્પર્શ સૂર્યનો કે નહીં ચન્દ્રનો. કોઈક વાર ઉનાળામાં પાણી આછાં થાય, ને ત્યારે ડોકિયું કરીએ તો પાણીને અડીને અંદર રહેલી લોખંડની દીવાલ દેખાય, એના પર હાલતાં પાણીના પડછાયાના સાપ નાચ્યા કરે, ને એની નીચે દેખાય એક મોટું તાળું. દર ઉનાળે કોઈ ને કોઈ એ તાળું ખોલીને એ દરવાજા પાછળ રહેલા લખલૂટ ઝવેરાતને પામવા કૂવામાં ઝંપલાવે ને બીજે દિવસે એના માથાનાં ઝુલફાં કૂવાની સપાટી પર તર્યા કરે – દર વર્ષે લોકો માથાં ગણે. તારી આંખ એ કૂવા જેવી લાગે છે. નથી એમાં સૂર્ય, નથી એમાં ચન્દ્ર – એમાં તરે છે એક માથું –'

મારાથી વધુ સાંભળી શકાયું નહીં. હું ઊભી થઈ ગઈ. થોડે છેટે ઊભા રહીને મેં એમને જોયા. ઢળતી સાંજને લીધે કે મારી આંખે વળેલી ઝાંખને લીધે કે પછી એમના જ અવાજના જાદુને લીધે એ જાણે ત્યાં હતા જ નહીં, સહેજ સરખો એમનો આભાસેય રહ્યો નહોતો...

ને પછી –

આંધળા કૂવામાં તરતા માથાની આંખોની બખોલમાં આંધળી માછલીઓ સંતાકૂકડી રમતી હતી.

•

ક્ષિતિજ: ડિસેમ્બર, 1964

# મારા ચાર ખૂનીઓ

એક છે દ્વ. એની આંખમાં પશુઓની આંખમાં હોય છે એવી ઉદાસી સદા છવાયેલી રહે છે. એ મારી સામે આંખ ઉઠાવીને ભાગ્યે જ જુએ છે. પણ એ મારા પડછાયાને જુએ છે. મારા પડછાયાને જોવાને આંખ ઊંચી કરવી પડતી નથી. એક દિવસ મેં જોયું તો એ મારા પડછાયાના માથામાં ખીલો ઠોકી રહ્યો હતો. મેં ધાર્યું હોત તો હું ખસી ગયો હોત, મારો પડછાયો ખસેડી લીધો હોત. પણ મનેય કદાચ મારા પડછાયાના વધમાં રસ પડ્યો હશે. મારા પડછાયા પર મારો કાબૂ કેટલો? તે દિવસે મારી સામે જ ઊભી હતી કટ્ઠ. અમારા પડછાયા ભેગા થઈ જતા હતા. એની તો અમને બન્નેને ખબર નહોતી, ત્યાં મારી નજર દ્વના પર પડી. એ હાજર જ હતો. પોતાના કદનાં કરતાં મોટી મણકા જેવી બહાર ઊપસી આવેલી આંખોવાળા કોઈ જન્તુ જેવો એ લાગતો હતો. એને જોતાં જ મારી વાતનો તન્તુ તૂટી ગયો. વૈષ્ણવ મન્દિરમાં આરતીટાણે વાગતી ઝાલરના જેવો એની એ આંખોનો એકસરખો અવાજ મારા કાનમાં ગાજવા લાગ્યો, મારું શરીર કમ્પી ઊઠ્યું. કટ્ઠ મારા મુખ પરનો ભાવ જોઈને છળી મરી. એ મારી નિકટ આવીને મારા મુખ પર હાથ મૂકવા ગઈ. પડછાયા નજીક સર્યા. લગભગ એકબીજામાં અભિન્ન બનીને ભળી ગયા. હીરાકણી કાચને કાપે તેમ દ્વની દૃષ્ટિ અમારા અભિન્ન પડછાયાને કાપવા લાગી. મેં આંખો બંધ કરી દીધી. કટ્ઠએ પૂછ્યું: કેમ, મને જોઈને આંખો બંધ કરી દીધી?' મને ખૂબ વેદના થતી હતી છતાં મે કહ્યું: 'મને ખૂબ ખૂબ સુખ થાય છે. એ સુખમાં ઊંડે ઊંડે ડૂબી જવા માટે મેં અન્ધકારમાં ડૂબકી મારી છે.' મેં આંખો ખોલી ત્યારે કટ્ઠ નહોતી. મારા પડછાયાના છિન્ન અંશો ચારે બાજુ તરફડતા પડ્યા હતા. કેટલીક વાર મને લાગે છે કે મારા શરીરમાં આ નર્યા

પડછાયાઓ જ ભરેલા છે. એનું કશું વજન નથી. હું બધે ભળી જાઉં છું, ઓગળી જાઉં છું. રેલાઈ જાઉં છું; વૈશાખની બપોરની ઊની ઊની લૂમાં, હેમન્તની સાંજની હિમધૂસર શૂન્યતામાં, આંસુની ભંગુરતામાં, નિઃશ્વાસના ઉત્તાપમાં, હસવાનું ભૂલી ગયેલા હોઠ પરની ઉદાસીમાં, સ્મૃતિની ચમક વિનાની આંખોની બખોલમાં, સ્પર્શના રોમાંચને ખોઈ બેઠેલી આંગળીઓની નરી અન્ધતામાં – ને ત્યારે દ્વની મણકા જેવી આંખો મારી સામે તાકી રહે છે. ધીમે ધીમે હું એમાં શોષાઈ જાઉં છું. મારા લોહીનું એક ટીપું સરખું ગુમાવવાની એની ઇચ્છા નથી. પછી હું પણ એક ગોળ આંખ બનીને મારી હસ્તીને નાબૂદ થતી જોઈ રહું છું. ને આ છે દ. એને બકુલા કહો, બંકિમા કહો. તમે અમને સાથે જુઓ તો તમને અમારી અદેખાઈ જ આવે. લીસા પથ્થર પરથી સરી જતા તડકાના જેવી એની દૃષ્ટિ છે. ખણ્ડેરની દીવાલ પર બાઝેલી લીલના જેવો મખમલી એનો અવાજ છે. એના સ્પર્શમાં અન્ધની નિરાધાર આંગળીઓની વિહ્વળતા છે. એ મારામાં જ વસે છે. પૃથ્વી પર આવા પ્રેમની મેં આશા નહોતી રાખી. મારા શબ્દોને એ મારાં જ હાડકાંની સફેદીથી ઊજળા બનાવે છે. એ શબ્દોમાં તેજ પૂરવા એ મારામાં સૂતેલા કેટલાક ગુપ્ત જ્વાળામુખીને જગાડી મૂકે છે. એના તેજથી મારા શબ્દો ભડકે બળે છે ત્યારે મારી શિરાશિરા છેદીને એ રક્તપ્રલય લાવી દે છે. એ શબ્દોની ઊડી જતી રાખને ભરી રાખવા એ મારા હૃદયને ઊંડું ને ઊંડું કોતરે છે ને પછી એ રાખને રખે ને મારા શ્વાસ ઉડાવી ન મૂકે એ બીકે મારા શ્વાસને ખડકની જેમ આડી પડીને રૂંધે છે. શ્વાસ વિનાની મારી છાતીના પોલાણમાં એ અન્ધકારના હજાર ગરુડ છોડી મૂકે છે. એ ગરુડોના ઉડ્ડયનથી મારું શૂન્ય ઘેરું ઘુંટાતું જાય છે. એનું વજન એટલું બધું વધતું જાય છે કે સામે પલ્લે બેઠેલો ઈશ્વર ઊંચે ને ઊંચે જતો જાય છે. રહી રહીને દનું અટ્ટહાસ્ય મારામાં ગાજી ઊઠે છે; એનાં મોજાંઓમાં ભાંગેલા વહાણમાંના કોઈ મૃત શિશુના ખવાઈ ગયેલા દેહમાંથી બચી ગયેલી નિષ્પલક આંખની જેમ હું તર્યા કરું છું. એનો સ્પર્શ મારા અણુએ અણુને ભાંગીને વિખેરે છે. હવે પછીના સાત જન્મ સુધી ઈશ્વર મને કોઈ સ્ત્રીના ગર્ભમાં એકઠો કરી શકવાનો નથી એવું મને લાગે છે. રણની રેતીમાં, હિરોશિમાની ભસ્મમાં, બારીએ ઊભી રહેલી અન્યમનસ્કાની આંખમાંથી ટીપે ટીપે સરી જતી આશામાં, બે પ્રેમીઓ વચ્ચે છવાઈ ગયેલી નિઃશબ્દતામાં મારા ભગ્ન અણુઓ ભળી જશે. જુગજુગના સૂર્ય એને શોધશે, ચન્દ્ર એને સાગરની ભરતીમાં કોઈ નિર્જન તટ પર ખેંચી લાવવા મથશે. દ મને એના શબ્દના પડઘામાં સંતાડે છે, દૂર ફેંકીને

પાછો સમેટી લે છે. એની આ રતિક્રીડા સમયના ચોકીપહેરા નીચે થતી નથી. સમયની સીમાથી બહાર ખેંચી લાવીને જ એ મને એના બાહુપાશમાં જકડે છે. આથી મારું શૂન્ય ભીંસાઈને વધુ ઘટ્ટ બને છે. જો કોઈ એમાં પ્રાણ પૂરે તો? આથી તો આ શૂન્ય પર એ એની હજાર મરણના સરવાળા જેવી આંખોનો પહેરો ગોઠવે છે. મારી આ નિત્યસંગિનીએ મારા એકાન્તને મારામાંથી હદપાર કરી દીધું છે. એની શિરામાં મૃગજળ વહે છે. એના પે્રમની ઉત્કટતા બતાવવાને એ એની શિરા છેદીને આ મૃગજળમાં મને નવડાવે છે. ફોસ્ફરસની શિખાઓનો રાસ ચગે છે. આમ રોજ ઉજવાય છે અમારા પ્રણયનો ઉત્સવ. આથી જ તો કદાચ હવે મારી પાંપણની છાયા જોવાની પણ મને ફુરસદ નથી. મારામાંથી હાંકી કાઢેલા મારા શ્વાસ કદાચ કોઈક વાર ફરી મને શોધતા આવી ચઢે તો? એમને આશ્વાસન આપવાને શું કહેવું? ક્ને તો તમે ઓળખો જ છો. ભૂલી ગયા? હજી તો ગઈ કાલે જ આપણે સૌ સાથે હતા. શું કહ્યું? હા, એ કાંઈ મારી આંગળી ઝાલીને ચાલતો નથી. મારી પાછળ સંતાઈને રહે છે. આપણે વાતો કરીએ છીએ ત્યારે પહેલા બે શબ્દ મને બોલવા દઈને તરત જ વાતનો દોર એ પોતાના હાથમાં લઈ લે છે. તમને કોઈ વાર નવાઈ લાગે છે, નહીં? પણ તમને હું શી રીતે કહું કે એ મારા શબ્દો નથી! ગઈ કાલે જ તમે ગુસ્સે થઈ ગયાં હતાં ને કહેતાં હતાં કે આ તમારો સ્પર્શ જ નથી, પહેલાં તો તમે...

હા, વાત સાચી છે તમારી. પાણીની અંદર આપણે એકબીજાના હાથને સ્પર્શીએ ત્યારે આપણા સ્પર્શ વચ્ચે પાણીનો સ્પર્શ અન્તરાયરૂપ રહ્યો જ હોય છે ને તેના જેવું. ભુવનેશ્વરના મન્દિરમાં આલંગિનરત તૂટેલા હાથની બખોલમાં હવે ઘુવડનો વાસો છે. આ ક્ પણ એમ જ મારી ને જિંદગીની વચ્ચે વાસો કરીને રહે છે. જે બેને જોડીને કશોક અર્થ થાય તેને એ જોડવા દેતો નથી. એ વિચારોનાં અંગ છેદે છે. જ્યાં સહેજસરખું મમત્વ થાય છે ત્યાં એ બખોલ પાડીને ભરાઈ જ જાય છે. બે આંખને પણ એ ભેગી મળીને કશું જોવા દેતો નથી. લોહીના કણકણ વચ્ચે એની છાયા છે. કોઈક વાર મને છોડીને એ સહેજ થાક ખાવા આડે પડખે થાય છે ત્યારે ચોરીછૂપીથી હું એને જોઈ લઉં છું. એની આંખ કાચીંડાના જેવી છે. એના શરીર પર લીલાશ પડતી ભૂરા રંગની ઝાંય છે. સૌથી ભયંકર છે એના હાથ. એ કરવતના આંકા જેવા લાગે છે. એનું મોઢું જાણે સીવી લીધેલું છે. એના શરીરમાં રહીરહીને આંચકી આવે છે. મારી ચામડીના છિદ્રેછિદ્રમાં થઈને મારામાં પૂરા પ્રસરી જવાનું એને આવડે છે, ને ત્યારે એને આવતી આંચકીઓનો

ધક્કો મારા હૃદયને વાગે છે. એ બેચાર ધબકારા જેટલું એકસાથે આગળ દોડી જાય છે. કેટલીક વાર એ શિરાઓમાં પોતાના પંજા પસારીને એને ફુલાવે છે. લોહીમાં એનો ઉચ્છ્વાસ ભેળવી દઈને જાણે એના પ્રવાહમાં એકસાથે કેટલાંય શબને તરતાં મૂકી દે છે. મારા શ્વાસના પોલાણમાં એ સદીઓ પહેલાંના કોઈ પ્રાગૈતિહાસિક પ્રાણીનો ચિત્કાર ભરી દે છે. કેટલીક વાર એ શરીરને રુવાંડેરુવાંડેથી કાળી કીડીની હારની જેમ આવજા કર્યા કરે છે, હું જ્યારે જંપી ગયો હોઉં છું, ત્યારે એ નિસ્તબ્ધતામાં મારા મરણ સાથે મસલત ચલાવે છે. એના હાસ્યનો અવાજ કટાઈ ગયેલી તલવારને મ્યાનમાંથી બહાર કાઢવાના અવાજ જેવો છે. એથી ભડકીને મારાં કેટલાંય દુ:સ્વપ્નો ચીસ પાડી ઊઠે છે. મારી ખાલી થઈ ગયેલી ક્ષણોનાં ખોખાં એ આખો વખત કચડકચડ ચાવ્યા કરે છે ને એના મોઢામાંથી ટપકતી લાળ રહીરહીને મારા શરીરને કંપાવી જાય છે. યુદ્ધ પછીનો હાહાકાર એ મારી નાડીમાં ગજાવી મૂકે છે. ડૂબી ગયેલા સૂર્યને કોઈ બાળકે કાપેલા ચિત્રની જેમ એ મારી આંખના પડદા પર ચોંટાડે છે. ચિત્તાની અંધારામાં તગતગતી આંખોની સરાણ પર એ એના નહોરની ધાર કાઢ્યા કરે છે. કોઈક વાર એ પ્રલયના જળની જેમ મને ચારે બાજુથી ઘેરી વળે છે. પણ એમાં એ મને પૂરો ઓગળી જવા દેતો નથી, માટે તો હજી હું છું ને હું છું માટે એ પણ છે.

કોણ છે તેની મને ખબર નથી. કદાચ તમે પણ હો, કદાચ હું પણ હોઉં. અત્યાર સુધીમાં મને એટલી ખબર છે કે એને ઝેરનો ભારે શોખ છે. તમે જે કાંઈ આપો તેમાંથી એ કશીક રાસાયણિક પ્રક્રિયાથી ઝેર ઉપજાવી આપે છે. મારી કાયા ને મારું મન જાણે એની પ્રયોગશાળા છે. મારા શરીરના કોષમાં એ અનેક રંગના ઝેરનો સંચય કરે છે. મારી આંખની કીકીમાં કદીક એ ભૂરા ઝેરની જ્વાળા સળગાવે છે. તમે મારી સાથે મીઠા પ્રેમભર્યા શબ્દોમાં વાત કરો છો ને એ શબ્દો હું સાંભળું તે પહેલાં જાણે કોઈ નાગ કે ચિતળને ગરદનમાંથી પકડતો હોય તેમ એ શબ્દોને ઝાલીને એના ઝેરની કોથળી ઊંધી વાળે છે. લીલા ઝેરના સરોવરમાં એ મને તરવા લઈ જાય છે. મોરથુથુના ચન્દ્રને હું એમાં તરતો જોઉં છું. કાટથી લીલો બની ગયેલો સૂર્ય એમાં ડચકિયાં ખાય છે. કોઈ વિષકન્યાના ભૂરા હાથ મને ગાઢ આલિંગનમાં ઘેરી લેવા મારી તરફ વળે છે. એ સરોવરમાંથી હું માંડ છટકીને એક વનમાં પ્રવેશું છું. ચારે તરફ ફૂલ જ ફૂલ. એકેએક ફૂલમાંથી ઝેરનો ફુવારો. ક્યાંકથી કોઈકનું લીલું લીલું હાસ્ય વહી આવે છે. જોઉં છું તો નાનાં બાળકોની

ખોપરીઓને ઝેરમાં ઝબકોળતી કોઈ ડાકણ હસી રહી છે. ઝેરી વનલતાઓની જાળને દૂર કરીને જોઉં છું તો એક મોટો મહેલ દેખાય છે. એનાં લીલાં પાણીના હોજમાં તરે છે એક રૂપરૂપના અમ્બાર જેવી રાજકુમારી. મને જોઈને એ મારી પાસે દોડી આવે છે. એની આંગળી પરની વીંટીમાંનો હીરો મને ચૂસવાનું કહે છે. એ ચૂસીને હું એની સાથે એના મહેલમાં ફરું છું, જોઉં છું, તો મારા પડછાયાને ઝેર ચઢ્યું છે. એને મારી સાથે ઢસડી શકતો નથી. આથી એને મહેલના ભોંયરામાં ફેંકી દઈને હું આગળ વધું છું. રાજકુંવરી મારી આંખોની પ્યાલી ઝેરથી છલકાવી દે છે. અમારાં અંગ ઝેરના બે પ્રવાહની જેમ એકબીજામાં ભળી જઈને છલકાઈ ઊઠે છે. મહેલની દીવાલો તૂટે છે. જ્યાં મહેલ હતો ત્યાં ખણ્ડેર ઊભું હોય છે. એની લીલ બાઝેલી દીવાલ પર થઈને અમે બે લીલા સાપને રૂપે સરીએ છીએ. પૃથ્વીના અક્ષાંશરેખાંશ પર અમારા લીલા લિસોટા અંકાઈ જાય છે. એમાંથી લીલા અગ્નિની ઝાળ કૂદકો મારીને નીકળે છે. એ ઝાળ ફાળ ભરીને દોડે છે. એની લપટમાં ફસાઈને મારા જન્મોજન્મ રાખ થઈને ઊડવા માંડે છે. થોડીક પડી હશે હિરોશિમા પર, થોડીક નાગાસાકી પર. પણ હજી રાખ ઊડ્યા જ કરે છે. કોઈ નદીનાં જળ એને ઠારતાં નથી. મારી રાખને એની આંખના ખરલમાં ઘૂંટે છે. આ ઘૂંટવાના અવાજના પડઘાને હું મારા શ્વાસોચ્છ્વાસ માનીને મારા મરણને જીવનના વાઘા પહેરાવું છું.

ક્ષિતિજ: જાન્યુઆરી, 1965

# વલય

મારા મનમાં કોણ જાણે શું ચાલી રહ્યું હતું? હું એકાએક બોલી ઊઠી: ‘ના, ના, ના!’ એ સાંભળીને હું કોઈ અજાણ્યાની જેમ મને જોઈ રહી. આજુબાજુમાં બેઠેલું કોઈ સાંભળી તો નથી ગયું ને! હું કોને ના કહી રહી હતી? શેની ના કહી રહી હતી? કે પછી કોઈક વાર કોઈકે કહેલી ‘ના’ના પડઘા એકાએક દૂરથી આવીને મનમાં ગાજી ઊઠ્યા હતા.

ઠક્ ઠક્ ઠક્... કોઈ દાદર ચઢે છે? કોઈ કોઈકને મળવા જાય છે? બારણું બંધ હશે કે ખુલ્લું? બંધ હશે તો? જોઉં છું તો વીસેક વર્ષની એક યુરેઝિયન યુવતી એના દોસ્તના હાથમાં હાથ ગૂંથીને ચાલી આવતી હતી. એના ઊંચી એડીના બૂટનો એ અવાજ હતો. મારી બાજુના ટેબલ આગળ કોઈક બેઠું હતું. એનું મોઢું તો હું જોઈ શકતી નહોતી. પણ એ ગ્લાસમાંના બરફના ટુકડાને સ્ટ્રોથી રમાડી રહ્યો હતો. એની પીઠ પર ગોળી છોડી હોય તો? ધડાકાનો અવાજ કેવો થાય?

મારી બાજુના કાચના પાણીથી ભરેલા કેઇસમાં માછલી તરી રહી હતી. એક મોટી માછલી એક ખૂણામાં નિષ્પલક આંખે જોતી થંભી ગઈ છે. કાળી કાળી માછલીઓ, આમથી તેમ સરે છે, રમે છે. સાવ નિ:શબ્દ એમની આ જિન્દગી હું જોઈ રહું છું. કોઈક વાર પાણીની સપાટી પર એક નાનો શો પરપોટો થાય છે ને ઘડી વારમાં ફૂટીને પાણીમાં ભળી જાય છે. હું મારા હૃદયના ધબકારા સાંભળું છું. એક પરપોટો, બીજો પરપોટો – જાણે કોઈ ડૂબી રહ્યું છે .... ઊંડે, ઊંડે, હજી ઊંડે ને પરપોટા ઊઠે છે ને ફૂટે છે. છેક તળિયે એક કાળી માછલી નિષ્પલક આંખે આ ડૂબનારની રાહ જોતી જાણે બેઠી છે.

બે ચાર અસ્પષ્ટ વાક્યો પંખીનાં ખરેલાં પીંછાંની જેમ સરતાં આવે છે. હાસ્યની છોળમાં ભીંજાઈને ખોવાઈ જાય છે. એ વાક્યોની વચ્ચેથી તાકી રહી છે નિસ્તબ્ધતા – ભારે ભારે નિસ્તબ્ધતા, મોટી મોટી મણકા જેવી એની આંખો મારા પર તોળાઈ રહે છે. હું મારા નખથી એ આંખોને ખોતરી નાખવા ઇચ્છું છું. પણ એ આંખોએ પ્રસારેલી જાળમાં હું તરફડું છું. ક્યાં ગઈ પેલી મોટી કાળી માછલી? હું એને શોધું છું. કદાચ મારી પર્સમાં હજીય એ કાગળ પડ્યો હશે. કાગળ શેનો! નાનીશી ચબરખી માત્ર. એક જ વાક્ય એમાં લખ્યું હતું: 'હું તને શોધું છું.' એમાં નહોતો પ્રશ્ન, નહોતો ઉદ્‌ગાર, નહોતો અનુનય કે નહોતો આદેશ. સુખથી શોધે છે કે દુ:ખથી તેનો પણ અણસાર નહીં. હૃદયના ગહન જળમાંથી એકાએક પરપોટો ઊંચે આવે છે, સપાટી પર આવીને બોલે છે: 'હું તને શોધું છું.' ને પછી ગહન જળમાં ખોવાઈ જાય છે. આ રાતદિવસ ચાલ્યા જ કરે છે. કોણ આ ડૂબી રહ્યું છે? કે પછી મને નીચે ને નીચે ખેંચી રહ્યું છે?

થોડી જ વારમાં તો ત્રણેય જણ મને વીંટળાઈ વળ્યા: દ્વ દ ક્. હાસ્યના ઇન્દ્રધનુ, ગપના ગબારા, લુચ્ચી નજરો, ધૂર્ત ઈશારાઓ, રંગીન કાગળમાં વીંટળાયેલા મીઠા મીઠા શબ્દો. હું કાન આગળ ઘડિયાળ ધરીને બેઠી હતી. એના ટક્ ટક્ અવાજને ગણતી હતી. રખેને એકાદ અવાજ ચૂકી જવાય તો! હું કેવી એકાગ્ર લાગતી હોઈશ, નહિ? વચ્ચે વચ્ચે કદીક કદીક મૂંઝાઈને હસી પડતી હતી. વાતો નહોતી સાંભળતી એમ નહીં, પણ પેલી કાળી માછલી અસ્વસ્થ બનીને અહીંથી તહીં કેમ તરી રહી હતી?

'કેમ આંખો ઢાંકીને બેઠી છે?' ક્યાંકથી ભટકતો ભટકતો પ્રશ્ન આવી ચઢ્યો – કોણ જાણે ક્યારથી એ પ્રશ્ન મારી તરફ આવવા નીકળ્યો હશે? એને કેટલાં પ્રકાશવર્ષ લાગ્યાં હશે અહીં આવી પહોંચતાં? મને કશું યાદ આવતું નથી. હવે તો હું આંખો ઢાંકતી નથી. જોઉં છું. દૃષ્ટિ સામેના ને દૃષ્ટિની અંદરના શૂન્યના તાણાવાણાને ગૂંચવ્યા કરું છું. દરેક ગૂંચની પણ આગવી ભાત હોય છે. પણ ઊપસી આવતી એ ભાતને જોવાનું મને કુતૂહલ નથી. માત્ર આંખો ઢાંકવાનો લોભ થઈ આવે એ બીકે આ ગૂંચ કરતી જાઉં છું. કદાચ હવે આંખોને ખોઈ નાખવાનો આથી બીજો સારો માર્ગ મને નહિ જડે.

મારાથી એકાએક કહી દેવાયું હતું: 'બસ, તું કશું બોલીશ નહિ. તું બોલે છે ત્યારે તારું મુખ વિક્ષુબ્ધ થઈ જાય છે.' એની આંખોમાં વિષાદ હતો, ને છતાં એમાં સ્મિત પણ હતું.

એ સ્મિત એની આંખમાંથી કદી ભૂંસાતું નહોતું ને તેથી જ એ મને અકળાવી મૂકતું હતું. એ મારાં આંસુથી અકળાતો, હું એના સ્મિતથી. કોણ જાણે કેમ, અમે અમારાં આંસુ અને સ્મિતને ભેગાં થવા દેતાં નહોતાં. એને એના સ્મિત સાથે જાણે કશો સમ્બન્ધ નહોતો ને છતાં –

હું એક સાથે ઘણું લવી ગઈ હોઈશ. પણ પછીનું વાક્ય 'ને છતાં ' કહીને અધૂરું મૂકી દીધું. એ પૂરું થવાની રાહ જોતો એ બેસી રહ્યો. પણ મૌન એક વાર મને ઘેરી વળે છે પછી હું લાખ પ્રયત્ને કશું બોલી શકતી નથી. આથી જ તો, દ્ધ દ ક્ની સાથે હોઉં છું ત્યારે રખેને મારા મૌનને કોઈ તાકી તાકીને જોઈ રહે એ બીકે હું બોલ્યે જ જાઉં છું. પણ એની જોડે એવું નથી થતું. એણે સામો પ્રશ્ન કર્યો: 'ને છતાં?' મેં કંઈક કૃત્રિમ રોષથી કહી દીધું: 'ને છતાં હું છું, તું પણ છે.' મેં શા માટે આમ કહ્યું તેની મને જ નથી ખબર. પણ એ સાંભળીને એનો ચહેરો જ જાણે ભુંસાઈ ગયો. આંખો એની નાના બાળકના હાથમાંથી સરી પડતી લખોટીની જેમ ક્યાંની ક્યાં ગબડી ગઈ. હોઠ તૂટેલી છીપની જેમ ભૂકો થઈને વેરાઈ ગયા. શબ્દો એના કાંકરાની જેમ કોઈ નદીને તળિયે બેસી ગયા. ને છતાં હું એની સામે જોઈ જ રહી – જોઈ રહેવાથી જ જાણે લુપ્ત થઈ જવાશે એવી આશાએ.

'તો કાલે?' કોઈક મારી આગળ ઝૂકીને પૂછે છે. હું કહું છું: 'ના, આજે.' પૂછનાર અચરજથી જોઈ રહે છે. હું એનો હાથ ઝાલીને બહાર નીકળું છું, આખે રસ્તે એ હાથ છોડતી નથી. વાતો કર્યે જાઉં છું. પ્રોગ્રામ ઘડું છું. આજે આ, કાલે તે – ખૂબ ખૂબ રસ છે મને. સંગીતનો જલસો, 'To Chase a Croocked Shadow' પર્યટન, ગપસપમંડળ – કવિતા? ના, નથી ગમતું એવું ટાહ્યલું. કોઈ વાર વાંચું ખરી, પણ – કોણ જાણે શાથી બોલતાં અટકી જાઉં છું. સામેથી એ જ આવે છે કે પછી એનું ભૂત? આ રસ્તે અત્યારે ક્યાંથી? હતી તેથી વિશેષ આનન્દમાં હોઉં એવું દેખાડવા સહેજ સહેજમાં હસું છું. પણ અંદરથી હૃદય ફફડે છે. એ ઘણી વાર પૂછે છે: 'તું ત્રણચારના જૂથ વચ્ચે શા માટે સંતાતી ફરે છે? તું કોનાથી ભાગે છે?' મને જ નથી ખબર. જે સમયને ક્ષણક્ષણમાં છૂટો પાડી આપે છે તેનું હું શરણ શોધું છું. એથી તો હવે આંખમાં બે આંસુને પણ જોડી શકતી નથી, ને કદાચ આંખના બે પલકારાને પણ –

'શું જોઈ રહ્યો છે આમ એકસરખો તાકીને?' હું અકળાઈને પૂછી ઊઠું છું. ઘડીભર તો એ

એમ ને એમ જોઈ જ રહે છે. પછી કહે છે: 'તારી આંખના પલકારાને.' હું હસું છું ને કહું છું: 'એ તે કાંઈ જોવાની વસ્તુ છે?' એ પણ હસીને કહે છે: 'ના, ગણવાની વસ્તુ છે.' 'શું કરીશ એને ગણીને?' 'કોઈ વાર એ સરવાળો તને પાછો આપીશ.' 'એવું મારું શું શું તેં ભવિષ્યમાં કોઈક વાર પાછું આપવાને સંઘરી રાખ્યું છે?' ત્યાં એ ઊઠીને એકાએક મને ગાઢ આલિંગનમાં જકડી દે છે. મારો શ્વાસ સુધ્ધાં રૂંધાઈ જાય છે પણ હું આલિંગનમાંથી છૂટવા મથતી નથી. થોડી વાર પછી મારી કાયા જાણે પ્રવાહની જેમ વહી જાય છે.' ગાઢ અન્ધકારની ધારા. એમાંથી હવે જન્મશે સૂર્ય, ચન્દ્ર, તારા. એક બ્રહ્માણ્ડનો ભાર મારી કાયા પર તોળાઈ રહે છે. એ હું શી રીતે સહું? આથી જ તો –

માછલીઓ બધી ઘડીભર જંપી ગઈ છે. જળની સપાટી નિસ્તરંગ છે. પરપોટા દેખાતા નથી. ચકલી માળો બાંધવાને તણખલું બે ચાંચ વચ્ચે પકડી રાખે તેમ હું પણ થંભી ગયેલા કાળની આ ક્ષણને પકડીને બેઠી છું. એ ઝંઝાવાતની જેમ આવીને બધી ક્ષણ ઉઠાવી લઈ જાય છે. નારી સાચવવા ઇચ્છે છે. સંવર્ધવા ઇચ્છે છે. આથી તો હું ક્ષણોને સાચવવા મથું છું. ગણવા નથી બેસતી, સંચય પણ કરવા નથી ઇચ્છતી, આરોગવા પણ બેસતી નથી. પણ એ લાવે છે દિશાદિશાના પવનો, અદીઠ સમુદ્રની ભરતીઓ, અડાબીડ વનના ગાઢ અન્ધકારો – એમાં હું મારી ગરીબડી ક્ષણોને શી રીતે છૂટી મૂકી શકું? આથી જ તો દ્વદ્ધદ્વદ્ધક્...

'કોણ છે એ?'

'મને આવા પ્રશ્ન નથી ગમતા.'

'કેમ?'

'કદાચ તમને આવા પ્રશ્નોના જવાબ નહિ ગમે.'

'દયા –'

'ક્યારેક અણજાણપણે આપણે દયા નથી યાચી બેસતા?'

એ ધૂંધવાઈ ઊઠ્યો છે તે હું જાણું છું. બહારથી કેવો શાન્ત ને સ્વસ્થ લાગે છે! મને થાય છે: લાવ, એના વાળ વિખેરી નાખું, એના ગાલ પર ઉઝરડા ભરું, એના હોઠ પર દાંત બેસાડી દઉં... પણ હું કશું કરતી નથી, જોઈ રહું છું. એકાએક એ મને કહે છે: ‘અત્યારે તું ખૂબ સુન્દર લાગે છે.’ હું કહું છું: ‘સદ્ભાગ્ય તારું કે મારી સુન્દરતાની આ ક્ષણે તું હાજર છે.’ પણ એણે કદાચ મારું વાક્ય સાંભળ્યું નથી. બધી આંગળી એ સાવ હળવેથી મારા ગાલ પર ફેરવે છે – હું બની જાઉં છું જળરાશિ. કેટલી બધી માછલીઓ જળમાં સેલારા મારી રહી છે! જળને કેવો સુખદ અનુભવ થાય છે. જળરાશિ છલકાય છે. મારી આંખમાંથી વહી જાય છે બિન્દુ પછી બિન્દુ. ટેબલના કાચ પર ટપકીને ભાંગે છે – ભાંગે છે – ભાંગે છે...

જે દિવસ એની પગલી પાડ્યા વિના ચાલી જાય તે દિવસ સારો. આથી જ તો જે કોઈ દિવસની પગલી ભૂંસી આપે તેને હું આવકારું છું – પછી એ દ્ધ હોય, દ હોય, ક્ હોય. આંસુથી આપણે ભૂંસીભૂંસીને તે કેટલું ભૂંસી શકવાનાં હતાં? મને યાદ છે: એ દિવસો ખૂબ લહેરમાં જતા હતા. મારું મન વહેલી સવારથી જ ઊડું ઊડું થઈ રહેતું. વાંચવા બેસું ને અક્ષરો પંખી થઈને ઊડી જાય, ક્યાંક જવા નીકળું ને સદાનો પરિચિત રસ્તો પણ ભૂલી જાઉં, વાત કરતી હોઉં ને મારું જ આગલું વાક્ય ભૂલી જાઉં – પર્યટન, સિનેમા, રેસ્ટોરાંમાં બેસીને આઇસ્ક્રીમ ખાવો, કલાકના કલાક ઇધરતિધરની ગપ હાંકતા રસ્તા પર દ્ધ જોડે ઘૂમ્યા કરવું... દની હોસ્ટેલના એન્યુઅલ ગેધરિન્ગમાં જવું, ક્ને સરસ મજાનો કાગળ લખવો... સમયના પર ભાર મૂક્યા વિના એને જુદા જુદા આકારે વાળવો – મને ગમે છે આવી રમતો. પણ એકાએક જોઉં છું તો આ બધી ક્ષણને ગૂંથીને કોઈ એનો હાર મને પહેરાવી દે છે. એનો ભાર નથી સહેવાતો, હું એને તોડી નાખું છું, હૃદયની એરણ પર એ ક્ષણોને ભાંગીને કચ્ચર કચ્ચર કરી નાખું છું. એ કચ્ચરોને એ એકઠી કરે છે, એના હાથમાંથી લોહી વહે છે. હું એને પૂછું છું, ‘શા માટે આ કચ્ચરો એકઠી કરી?’ એ તો પોતાની કલ્પિત શહીદી પર મુસ્તાક બનીને બેઠો છે. એના હાથનું લોહી જોઈને મને ખુન્નસ ચઢે છે. હું કહું છું: ‘તારું લોહી જ તારે જોવું હોય તો એના અનેક રસ્તા છે. એ માટે તું મારો શા માટે ઉપયોગ કરે છે?’ એ હસીને કહે છે: ‘તારો ઉપયોગ કોણ કરે છે તેની તને ખબર છે ખરી?’ ફરી મને થાય છે કે એને હચમચાવી નાખું . વીંખી નાખું, કાચની જેમ વીંઝીને કચ્ચર કચ્ચર કરી નાખું...

માછલીઓનો પકડદાવ ફરી શરૂ થયો છે. સ્ટ્રોથી ગ્લાસમાં બરફના ટુકડા પેલો માણસ અથડાવ્યા કરે છે. બરફ ઓગળતો નથી. સમય સરતો નથી. સમયનું તણખલું દાંત વચ્ચે દાબીને હું બેઠી છું. નજર સામે જોઉં છું એ ઓરડી, એ કબાટ – એ કહે છે, 'જો આ દવાખાનું.' 'મને માંદી માનવાનું તને બહુ સુખ છે, ખરું ને?' 'કોઈ નિમિત્તે તારું થોડું રક્ષણ કરી શકું –' 'હા, દ્વથી, દથી, ક્થી.' મને દવા પાવાને ઊંચી કરેલી ચમચી એના હાથમાં ધ્રૂજે છે. હું લગભગ ચીસ પાડી ઊઠું છું. 'જો આ ટીપું મારી સાડી પર પડશે ને તો મારી આવી મોંઘી સાડી –' એ સફાળો ચમચી મારા મોઢામાં ગોઠવી દે છે. પછી મારી સામું જોઈને કહે છે ; 'કેટલી પીળી પડી ગઈ છે તું? તારી આંખમાં પહેલાંનો ચમકારો રહ્યો નથી, ને પાંસળી કેવી નીકળી આવી છે!' હું કશું બોલતી નથી. દુઃખથી કે પછી રોષથી એ એકાએક પૂછી ઊઠે છે: 'તને શું થયું છે?' હું કોણ જાણે શી ધૂનમાં કહી દઉં છું: 'તું!'

'કોણ, તું?'

'કેમ? તું બીજા કોઈકની રાહ જોતો હતો?'

'ના.'

'તો?'

હજી કશું કહું તે પહેલાં એણે મારા હોઠો એના દાંત વચ્ચે દાબી દીધા. એની પકડમાંથી છૂટીને મેં કહ્યું: 'જવાબ ન આપવો હોય ત્યારે આ યુક્તિ તને ઠીક પરવડે છે ખરું ને? ચાલાકીની ચાલાકી ને ખુશામતની ખુશામત.'

'ઓહો, તો તું રીઝે છે ખરી?'

'હું તારા જેટલી લોભી નથી.'

'લોભ? જેને થોડું થોડું કટકે કટકે મળતું હોય તેને લોભ, હું તો –'

'એટલો બધો વિશ્વાસ છે તને મને પામ્યાનો, તો પછી શા માટે...'

'તો શા માટે તું આનન્દથી છલકાઈ ઊઠતો નથી? તારી પાસે આવું છું ત્યારે મને હંમેશાં આ ભય રહે છે. રખેને મારો આનન્દ ખોઈ બેસું તો!'

'ને કશું પામવાનો કદી અનુભવ થતો નથી?'

'તું હિસાબ માગે છે?'

'એટલો બધો દરિદ્ર હું નથી.'

'તો પછી કોઈક મારી પાસેથી એકાદ બે ક્ષણ લઈ જાય તો તારું બધું લુંટાઈ ગયું હોય તેમ..'

'મને લૂંટાવવું ગમે છે, લુંટાઈ જવાનું નહિ.'

'હું ને દ્ધ આજે જઈએ છીએ 'ઓન ધ વોટર ફ્રન્ટ'માં.'

'સાંભળીને ખુશ થયો.'

'એમ દુણાઈને બોલવાની કાંઈ જરૂર?'

'તારો આનન્દ તે મારો આનન્દ.'

'ને તારો વિષાદ તે મારો વિષાદ?'

'તું એનાથી ભાગવા ઇચ્છે છે?'

'ભાગીને શું હું શૂન્યને ભેટવા ઇચ્છું છું?'

'તું કદાચ મને શૂન્યવત્ કરી દેવા ઇચ્છે છે.'

'એની તને શી ખબર?'

ઘડીવાર સુધી એ કશું બોલ્યો નહીં, પછી અણધાર્યા વિષાદથી લગભગ આંસુથી રૂંધાયેલા કણ્ઠે કહ્યું: 'ના, મને કશી જ ખબર નથી, કશી જ ખબર નથી.'

દ્વ કશુંક કહી રહ્યો છે. હું અર્ધું સાંભળું છું, અર્ધું સાંભળતી નથી. ત્યાં એકાએક એ કશા પ્રશ્નથી ઢંઢોળીને મને જગાડે છે: 'બોલ ને, તને તો બધી જ ખબર છે.' ને કોણ જાણે શાથી મારાથી બોલાઈ જવાય છે. 'ના, મને કશી જ ખબર નથી.' દ્વ 'લુચ્ચી' કહીને મારા ગાલમાં ચૂંટી ખણે છે. મારી આંખમાં આંસુ આવી જાય છે. એકાએક ગમ્ભીર બનીને એ પૂછે છે: 'તને થયું છે શું?' ગમ્ભીર થવાની એની વય નથી. હું એનાથી સાત આઠ વર્ષ મોટી છું, છતાં એ મને પટાવવા ફોસલાવવા જાય છે ત્યારે મને ખૂબ મજા પડે છે. સિનેમામાં પણ જો હું એની પાસે નહીં હોઉં તો નાના બાળકની જેમ એ રિસાઈ જાય છે. હું એના ગાલમાં ટપલી મારીને કહું છું: 'કશું જ નહીં.' પણ એ માનતો નથી. કલાકના કલાક એ મને રોકી રાખે છે. મને હસાવવાનો એનો પ્રયત્ન જોઈને મને હસવું આવે છે. નાટકમાંનો કોઈ બાળરાજા મ્યાનમાંથી તલવાર કાઢીને મસમોટા શત્રુ સામે ઊભો થઈ જાય તેમ એ એકાએક ફૂંફાડો મારીને મને પૂછે છે: 'કોણ છે એ? કોને કારણે તું આટલી ગમ્ભીર બની જાય છે?' હું કંઈક બેધ્યાન બનીને એ પ્રશ્નનો પડઘો પાડું છું: 'કોણ છે એ?'

માછલીઓની આ રમત ચાલે છે કે પછી યુદ્ધ? અહીંથી એ કાંઈ કહી શકાતું નથી. માછલીઓ તો કશું ઉશ્કેરાઈને બોલતી નથી, એની આંખોમાં ભાવ હોય છે ખરો? યુરેઝિયન યુવતી 'માઇક' આગળ જઈને ગાવા માંડે છે. ડ્રમ બજે છે. એના પડછંદા મારા સૂના હૃદયમાં ગાજી ઊઠે છે. ટેબલ પરની ફૂલદાનીમાં ધોળું લીલીનું ફૂલ ડોક ઢાળીને ઢળી પડ્યું છે. પાસે પેન્ટ્રીના કાઉન્ટર પર એક વેઇટર છરીથી પાઉંની સ્લાઇસ કાપે છે. એસ્પ્રેસો કોફીનું મશીન ચાલુ થયું છે. સંગીતના સૂર અહીંતહીં નમાયા બાળકની જેમ રખડે છે: દીવાલ પરના દર્પણ સાથે અફળાય છે ને એની કચ્ચર ઊડીને મારી આંખમાં પડે છે. એથી જ કદાચ એક બિન્દુ ઝમે છે. હું એને લૂછતી નથી. એ પાંપણ પર તોળાઈ રહે છે ને પછી ટેબલના કાચ પર માથું પટકીને મરી જાય છે. હવા તૂટેલા કાચની ઝીણીઝીણી કચ્ચર જેવી લાગે છે. એનો શ્વાસ લેતાં રહેંસાઈ જવાય છે. હું પર્સમાંથી કોમ્પેક્ટ કાઢીને દર્પણમાં જોઉં છું: આંખ લાલ થઈ ગઈ છે.

‘આ શું કરે છે તું? કોઈની પર્સ આમ લઈ લેવાય?’ એ કશું સાંભળતો નથી. કહે છે: ‘તારી આંખો કેટલી સુન્દર લાગે છે તે જોવી છે તારે?’

‘ના, નથી જોવું મારે કશું.’

‘પણ મારે તને બતાવવી છે.’ કહીને એ પર્સમાંથી દર્પણ કાઢી મારી સામે ધરે છે. એમાં જોઈને હું છળી મરું છું. મારી આંખમાં આ શેનો નશો, આ શો ઉન્માદ? એ કહે છે: ‘પૂનમનો ચન્દ્ર પૂર્વક્ષિતિજે પ્રથમ પ્રકટે ત્યારે કેવો રાતો હોય છે! એવી છે તારી આંખની રતાશ…’

‘ઓહો કવિતા કરવી છે?’

‘આ લાગણી સજાવવાની વાત નથી. મારી કોઈ પણ લાગણી તને કૃત્રિમ જ લાગે છે?’

‘બધી જ વાતમાં તને તો વાંકું પડે છે. સહેજ સહેજમાં તું ગમ્ભીર થઈ જાય છે એટલે જ તો હું …’

‘એટલે જ તું મારાથી ભાગતી ફરે છે?’

હું અકળાઈ ઊઠી હતી. એટલે મારાથી કહેવાઈ ગયું: ‘હા.’

એકાએક એ ઊઠીને ઊભો થઈ ગયો. પછી એ બોલ્યો: ‘જો તને ખબર હોત…’

કોઈ મેક્સિકને ટેપ ડાન્સ શરૂ કર્યા હતો. એના ઠપકારાને હું લિપિની જેમ ગોઠવીને વાંચવા મથતી હતી. માછલીઓ ગભરાઈ ગઈ હતી? કાળી મોટી માછલી દોડાદોડ કરતી હતી. પાણીમાં ખૂબ પરપોટા થતા હતા. રેસ્ટોરાંમાં ખાસ્સી ભીડ જામી હતી. હવા વધુ બરડ થતી હતી. મારો શ્વાસ રૂંધાતો હતો. ક્યાંક ઊંડે ઊંડે કોઈક ડૂબી રહ્યું હતું, તરફડી રહ્યું હતું. મને ચક્કર આવતાં હતાં. હું પર્સમાંથી સ્મેલિંગ સોલ્ટ બહાર કાઢવા મથતી હતી. જ્યુક બોક્સમાં કોઈની નવી ફરમાયેશ વાગતી હતી: Do you remember an inn, Miranda? મારા કાનમાં પડઘા પડવા લાગ્યા: Do you remember? Do you remember? આ કોણ પૂછી રહ્યું છે મને? Do you

remember? We have already met before. હું આયરીન મહેતા–હા, પિકનિક પર દ્ધ સાથે, તમે ગીત ગાયું હતું...દ્ધ? ના, એણે જ મને અહીં મોકલી ....હા, આ 27 મી-એ આવશે ને? – ના, માત્ર રિસેપ્શનમાં નહીં, જો એવું કરશો તો દ્ધને ખોટું લાગશે... માછલીઓ ભાગાભાગ કરતી હતી, મારા કાનમાં આ પંક્તિ પણ કોઈ ગભરાયેલી માછલીની જેમ ભાગાભાગ કરતી હતી. Do you remember an inn, Miranda? આયરીન બોલ્યે જ જતી હતી: જો મને ખબર હોત તો ...

ધ્રુવપ્રદેશની હિમાચ્છાદિત ભૂમિ, ચન્દ્ર, આંખને આંજી નાખનાર શુભ્ર વિસ્તાર. એમાં ક્યાંક છેક તળિયે અશ્મીભૂત અવશેષની જેમ હું દટાઈ ગઈ છું. હવે એક રેખા આમથી તેમ ફરવાની નથી. આ શુભ્ર વિસ્તારમાં જ પેલી કાળી માછલી હશે? કે પછી આ શુભ્ર વિસ્તાર એ કાળી માછલીના ઉદરમાં સમાઈ ગયો છે? સ્ટ્રોથી બરફના ટુકડાને ડૂબાડવા મથનાર પેલો માણસ ક્યાં છે? ક્યાં છે દ્ધક્ષ દક્ષ ક્? ને ક્યાં છે એ?... કેટલું મોટું ટોળું ભેગું થયું હતું! બધાં પૂછતાં હતાં: ક્યાં છે એ? મિત્રો મને પૂછતાં હતાં: ક્યાં છે એ? ઘરની ખુલ્લી બારીઓ અમારી સામે તાકી રહી હતી. બારણાં રોકતાં નહોતાં, સોફા પર કોઈના બેસવાનો દાબ સુધ્ધાં હતો. પણ આખું ઘર અશ્રુત સ્વરે ‘ના’ કહી રહ્યું હતું. ટેબલ પર એક કાગળ પડ્યો હતો, કોરો, ધોળો ધોળો, અક્ષર પાડ્યા વિનાનો... એના ધોળા અન્તહીન વિસ્તારમાં મારી દૃષ્ટિ ભૂલી પડી છે. હું કોઈનો પ્રશ્ન સાંભળ્યા વિના ચાલી આવું છું. પણ મારા અશ્મીભૂત ખોખાંની અંદર જાણે એ પ્રશ્નનો ધબકાર હજી સળવળ્યા કરે છે.

# ભય

યોષિતા નથી બોલતી, નથી હસતી. કેવળ નિષ્પલક નેત્રે જોઈ રહે છે. એ કશું જોતી નથી, માટે સદા જોયા કરે છે. સમય પોતે યોષિતાની આંખોમાં પોતાનું પ્રતિબિમ્બ જોવા ચાહે તો જોઈ શકે નહિ. એ આંખો પારદર્શી છે. એ હવે કશું સાચવતી નથી, ના, એક આંસુ પણ નહિ. એ આંખોમાં આછી ભૂરાશ છે – દૂર દૂરના પર્વતો પર દેખાય છે તેવી.

યોષિતા પહેલાં આવી નહોતી. ભારે નટખટ હતી. ચંચલ આંખો, એક પછી એક સ્મિતની પાંખડીઓ ખૂલતી જ જાય. ઉમંગના આવેગમાં શબ્દો પણ પૂરા ઉચ્ચારે નહિ. રમતિયાળ બાળક અધી કોળિયો ભરે ને વળી રમત તરફ વળી જાય તેમ એ શબ્દો અર્ધા ઉચ્ચારીને જ છોડી દેતી છતાં એ શબ્દોમાં કાચા ફળની તુરાશભરી ખટાશનો સ્વાદ હતો. એ ચાલે નહીં પણ સરી જાય; પવનની આંગળી ઝાલીને દોડે. આપણું હૈયું વ્યાકુળ બનીને એના ધબકારાનો તાલ ચૂકી જાય. ત્યારેય, એના આ તોફાની પ્રવાહની નીચે, દટાઈને સ્થિર થઈ ગયેલા પથ્થરની જેમ, રહી હશે આ આજની નિસ્તબ્ધતા?

હવે એ તોફાન નથી, છે નિસ્તરંગ પ્રવાહ. એના ઊંડાણમાં કશો ઉત્પાત મચે તો એના પડઘા ઊંડાણમાં જ શમી જાય છે, બહાર એક તરંગ સરખો દેખાતો નથી. કાંઠાંનાં ઘેઘૂર વૃક્ષોની ઘટા ઘુંટાય છે એના જળમાં.

તમે કાન દઈને સાંભળો તો નિરવધિ સંભળાયા કરે સ્થિર જળનો ઊંડે ઊંડેથી આવતો અવાજ – એવો જ ધ્વનિ કદાચ હશે નક્ષત્રો નક્ષત્રો વચ્ચેના શૂન્ય અવકાશમાં.

યોષિતા પહેલાં આવી નહોતી. બધાં કહે છે કે મેં જ એને આવી કરી મૂકી છે. જાણે પતંગિયું ઊડતું ઊડતું કાંટાની વાડ વચ્ચે ભરાઈ ગયું! એનાથી જાણી કરીને દૂર રહેવામાં મને શું વીત્યું હશે તે હું જ જાણું. એની ચંચળ લીલા જોનારા ઘણાએ હતા. એ થાકી જતી તોય જાણે કોઈ એને છોડતું નહિ. ખડકો વચ્ચે પછડાટ ખાતી નદી ધોળાં ફીણનાં મોતી વેરે તેમ જ એ કરી રહી હતી. મોતી વીણી લેનારા ઘણા હતા. એનેય એના વહ્યે જવાના આવેગમાં આ પછડાટની વેદના ઓળખવાની ધીરજ નહોતી. ને એ વેદનાનો સ્વભાવ જ એવો હોય છે: ધીમે ધીમે આઘાતોનાં ચિહ્ન આંક્યે જાય, ને પછી એકાએક આપણી દૃષ્ટિ એ સાંકેતિક લિપિને ઓળખી લે, પછી.... આ સાંકેતિક લિપિ એની દૃષ્ટિએ પડી તે જ ક્ષણે મારી દૃષ્ટિ સાથે એની દૃષ્ટિ મળી. એ પહેલાં તો હું એની નજરે જ નહોતો પડ્યો. એનો કશો વાંક નથી. એક ઊંચા મોજાના શિખર પર હતી એ. એ છલકાઈને કોને ભીંજવી ગઈ તેનો કાંઈ હિસાબ રાખી શકાય? ઊંડે ઊંડેનો કશોક વિક્ષોભ શું એને આમ ઉછાળતો હશે? કેટલાય એને વિજયપતાકાની જેમ ઊંચે ધરીને ચાલતા હતા. એનો ફરકવાનો અવાજ જ કેવળ હું દૂરથી સાંભળતો હતો.

મને એણે એક વાર કહ્યું હતું: 'તારા શબ્દો ભારે છેતરામણા હોય છે – કઠણ ઠળિયો જ મોટો, ને ઉપર માત્ર આછો ગર. મોઢામાં મૂકીએ ને છેતરાઈ જઈએ.' હું જવાબ આપતો નહિ. નહિ તો કહ્યું હોતઃ મૃદુ કઠોરના આધારે જ ટકી રહે. કઠોર ગુપ્ત રહે ને પ્રકટ કરે મૃદુને, બધી મધુરતા પણ એ મૃદુને જ દઈ દે.' મારી આ કવિતાઈ એણે પૂરી કાન ધરીને સાંભળી પણ ન હોત!

પણ પછી શું થયું? પવનમાં ધ્વજા ચિરાઈ ગઈ, કોઈ ખડક જોડે પછડાઈને મોજું વેરાઈ ગયું – ન રહ્યું મોતી, ન રહી છાલ, સમુદ્રનો ઘુઘવાટ દૂર સરી ગયો. ઘરની ચાર દીવાલ, તુલસીનું કૂંડું, ઘીનો દીવો, એક પુરુષના નામનું રક્ષણ – ને પછી દીર્ઘ પથ, ને એને અન્તે મરણનો ખોળો.

આંખો ખોલીને એણે મને જોયો. મેં દોડી જઈને એને ઊંચકી લીધી નહિ. એવું કર્યું હોત તો પાછળથી એણે મને ખૂબ ધિક્કાર્યો હોત. પ્રેમ ઉગારતો નથી, સાથે ડૂબી જાણે છે; ને સાથે ડૂબવા જેટલો તો હું નિકટ નહોતો. આથી એ આંખોને હું જોઈ રહ્યો. દૂરના પર્વતો પર જે ભૂરું આવેષ્ટન હોય છે, એવું ભૂરું આવેષ્ટન ઢાંકતું હતું એ આંખોને,

એ આવરણની બીજી બાજુએ રહીને મેં એને જોઈ – પામવાના લોભથી નહીં, આધાર આપવાની આશાથી નહિ.

મેં કહ્યું, 'યોષિતા.'

એ ચમકી ઊઠી. કશાક ભયની ધ્રૂજારી એના શરીરમાં દોડી ગઈ.

મેં એને પૂછ્યું: 'શું થાય છે તને?'

એણે સહેજ પણ વિચારવા થોભ્યા વિના જવાબ આપ્યો, 'આનન્દ.'

એ જવાબને જૂઠો ઠરાવવાનો હઠાગ્રહ કરવાનો ઉદ્યમ મને નિરર્થક લાગ્યો. બાળકની ઊંઘમાં શિથિલ થયેલી આંગળીની પકડ વચ્ચેથી રમકડું સરી પડે તેમ એ એક શબ્દ એના મુખમાંથી સરી પડ્યો હતો. એને ઢંઢોળીને, જગાડીને એનો અર્થ પૂછવાનો ઉદ્યમ શા માટે?

શાખાપ્રશાખાવાળું વૃક્ષ હોય. એના પર કળી બેસે, ફૂલ આવે, ફૂલ ખરે, ફળ આવે, ડાળ ફળના ભારથી લચી પડે. ફળ પાકે, ફળ ઉતારી લેવાય, પછી માત્ર રહે બીજ. વળી એ નાના શા બીજથી પ્રારમ્ભ. પણ બીજથી ફળ સુધી જતાં વચમાં કેટલા ઝંઝાવાત, કેવો બાળી નાખે એવો તાપ! હું જોતો હતો. યોષિતા હવે નાના શા અરક્ષિત બીજ જેવી હતી. એની ફળ સુધીની યાત્રા મારે ધીરજથી જોવી રહી. હું પોતે જ ઝંઝાવાત બનીને કે પ્રખર તાપ બનીને એના નાશનું કારણ તો નહીં બનું ને? આથી જ તો કદાચ દૂરતાના પટને એકદમ ખસેડી નાખવાનું દુસ્સાહસ કરતાં મેં મને વાર્યો હતો. પણ...

એક દિવસ યોષિતાએ કહ્યું: 'મને ભય લાગે છે.' એ બીજું કશુંક બોલશે એની અપેક્ષામાં હું કશું બોલ્યો નહિ. પણ એ તો શૂન્યમનસ્ક બનીને બેસી રહી. મેં જોયું તો એના હોઠ થરકતા હતા. શેનો ભય હશે એને? મેં એ જ પ્રશ્ન એને પૂછ્યો:

'શેનો ભય?'

એ મારી પાસે સરી આવી. એના મુખ પર આમ તો સ્વસ્થતા હતી, પણ એનું પડ ભેદીને

કશુંક બહાર આવવા મથી રહ્યું હતું. એનો એમાં અણસાર હતો. ઘડીભર એ મારી સામે જોઈ રહી. પણ તે દિવસે એ કશું વિશેષ બોલી નહિ શકી. આપણા ચિત્તમાં શું નથી હોતું? આદિ કાળની એ ગુફા શું હજી આપણા ચિત્તમાં નથી? આગલા કોઈ યુગમાં થયેલા પ્રલયના પડછંદા હજી પણ શું આપણી નાડીમાં ગાજતા નથી?

હું યોષિતાની સાથે નીકળી પડ્યો, અમે ખૂબખૂબ રખડ્યાં. જાણે કોઈ અમારી પાછળ પડ્યું હોય એમ અમે ભાગતાં હતાં. કેટલાંય શહેર, કેટલાય નદીપર્વત – બધે ઘૂમી વળ્યાં. દોડતી ગાડીમાં યોષિતા મારી સામે બેઠી હોય, બહારની સૃષ્ટિને એની આંખમાંથી પસાર થતી હું જોઈ રહું. શહેરના ભીડવાળા રસ્તા પર અમે ફરતાં હોઈએ – મૂંગા મં◌ૂગા, નિલિર્પ્ત, ઝબકતા દીવાઓ, રંગરાગ, વેદનાથી કણસતા માનવસમૂહો, જાહેરખબરનાં ઊભરાતાં કીડિયારાં – આ બધાં વચ્ચે એકાકી. પાતળા થઈ ગયેલા બરફના પડ પર અમે ચાલતાં હતાં. એ તૂટી જાય તો?

આખરે એક દિવસ મેં યોષિતાને પૂછ્યું: ‘હવે ક્યાં જઈશું?’

એણે કહ્યું: ‘મને નથી ગમતો દરિયો, નથી ગમતા પહાડ. મને ગમે છે નદી. કોઈ અજાણી નદી, જેને કાંઠે શહેર નહિ. માત્ર હોય અબોટ્યું એકાન્ત…

બસ દોડતી હતી. રસ્તો સારો નહોતો. આંચકા લાગતા હતા. યોષિતા મારે ખભે માથું ઢાળીને બેઠી હતી – ઉઘાડી નિષ્પલક આંખે. બહારની સૃષ્ટિની નાની શી રેખા પણ એના ચિત્તમાં અંકાતી નહોતી. તાપ, ધૂળ, બસમાં બેઠેલા લોકોની વાતચીતનો ઘોંઘાટ – હું બે શબ્દ બોલવા મથતો હતો. પણ આ તાપ, ધૂળ અને ઘોંઘાટના વમળમાં ચકરાવો ભમીને બધું ઊંડે ઊંડે ચાલી જતું હતું. ત્યાં એકાએક ઠંડી પવનની લહર આવી, યોષિતા ચોંકી ઊઠી ને બોલી: ‘નદી’, એ સાંભળીને મેં સમ્મતિસૂચક અસ્પષ્ટ કશુંક કહ્યું. બારીમાંથી બહાર નજર નાખી. યોષિતાની ઊડતી લટ વચ્ચેથી, કાંઠાની વૃક્ષઘટા વચ્ચેથી, બળબળતી હવાના મૃગજળ વચ્ચેથી દેખાઈ જળરેખા – ને એ જળપ્રવાહની જેમ આજ સુધી રૂંધી રાખેલી મારી વાણીનો પ્રવાહ વહી જશે કે શું એવી મને દહેશત લાગી. યોષિતાની દૃષ્ટિ નદી તરફ હતી. સાથે છતાં બે નક્ષત્રો જેટલાં

દૂર અમે પોતપોતાના ભ્રમણપથે ભમી રહ્યાં હતાં. વચ્ચે હતો અન્ધકાર – કશાના સહેજસરખા અણસાર વિનાનો નર્યો શુદ્ધ અન્ધકાર.

દરમાંથી એક પછી એક કીડી ચાલી જાય તેમ મારી ઉન્નિદ્ર આંખોમાં ચટકા ભરીને રાતી કીડીના જેવી ક્ષણોની હાર ચાલી જતી હતી. દૂરથી સંભળાતો હતો નદીના જળનો અવાજ. કેવો બિહામણો હોય છે એ અવાજ! ધીમે ધીમે ચોરપગલે એ સર્યે જાય છે, ખબર ન પડે એમ એ આપણને ઘેરી વળે છે. એ અવાજનું એકસૂરીલાપણું આપણને ઘેનમાં નાખી દે છે, એ ઘેનથી પરવશ થઈને એના ઊંડાણમાં સરી જઈએ છીએ – ઉપર રહી જાય છે એકબે ભંગુર પરપોટા માત્ર!

મારી પાસે જ હતી યોષિતા – અન્ધકારમાં દેખાતી જળરેખાના જેવી, એની કાયામાં છે નિદ્રાને કારણે થતું આછું હલન. બાકી તો છે નર્યું નિ:શબ્દ ઊંડાણ. એને કદી ભેદી શકાતું નથી; ને છતાં એ ઊંડાણ મને સદા આકર્ષ્યા કરે છે ને છતાં એમાં ડૂબીને હું લય પામી જતો નથી, ઉપર જ તર્યા કરું છું.

પાછલા પહોરે યોષિતાએ એના હોઠ છેક મારા કાન પાસે લાવીને પૂછ્યું: ‘ક્યાં છે તું?’

મેં એની આંખની પાંપણ પર આંગળી મૂકતાં કહ્યું: ‘આ રહ્યો હું.’ પણ મારો ઉત્તર સાંભળ્યા વિના જ એણે પડખું ફેરવી દીધું. કદાચ સ્વપ્નમાં એ કોઈકને આ પ્રશ્ન પૂછી રહી હશે. એની દૃષ્ટિસીમામાં રહેવા છતાં, એમાંથી જ હદપારી ભોગવીને જીવ્યે જવાનું!

બહારની નીરવતામાં વહેતાં પાણીનો અવાજ ધીમે ધીમે વધુ ને વધુ મારા તરફ ધસી રહ્યો હતો. હવામાં કશાકના ભણકારા વાગતા હતા. એકાએક પવનની ઝાપટથી બારીઓ ખખડી ઊઠી. બહાર કશું દેખાતું નહોતું, છતાં કાનમાં ભણકારા ગાજતા હતા. મેં આંખો બંધ કરી દીધી. ઘૂમરી ખાતાં જળ મને ઘેરી વળ્યાં. એમાં હું ઊંડે ને ઊંડે ઊતરતો ચાલ્યો. મારી કાયાના કણ છૂટાં થઈને વેરાઈ ગયા, રહી ગઈ મારી અશરીરી ચેતના. એના બધા જ વ્રણ તાજા હતા, એની એકેય સ્મૃતિ ઝાંખી નહોતી થઈ ગઈ. વિખેરાઈ ગયેલા મારા કણને શોધતી મારી ચેતના કેવળ એક વેદનાનો થડકાર માત્ર બની રહી....

સવારે જાગીને જોયું તો યોષિતા નહોતી. હું બધા ઓરડામાં શોધી વળ્યો. કોણ જાણે શું ઇંગિત પામીને હું નદી તરફ વળ્યો. જોયું તો યોષિતા નદીના જળમાં પગ પખાળતી બેઠી હતી. એણે મારા આવ્યાની કશી નોંધ લીધી નહિ. હું કશું બોલ્યા વિના એની પાસે બેઠો. કેટલીય ક્ષણ એમ ને એમ વીતી ગઈ. આ જાણે અનન્ત કાળ સુધી ચાલ્યા કરશે એવું મને લાગ્યું. કદાચ હું સાચેસાચ જળને તળિયે લય પામી ગયો હતો, ને યોષિતા પણ...

હું યોષિતાને ખભે હાથ મૂકીને એનું ધ્યાન ખેંચવા ગયો. હાથને જાણે કશાનો સ્પર્શ જ થયો નહીં, જાણે જળ જળને અડ્યું, જળમાં શમી ગયું.

# દુર્લભા

રેખા વળી ક્યાં ખોવાઈ ગઈ? સુહાસે મુંબઈ જેવા મોટા શહેરના રસ્તા પરનાં ટોળામાં રેખાને શોધવાનો પ્રયત્ન કર્યો. એ બબડ્યો: ‘ભારે હઠીલી છે રેખા! અહીં કોણ જોઈ જવાનું હતું. પણ કહે કે –’ ત્યાં જોયું તો રેખા રસ્તો ઓળંગીને સામે પહોંચી ગઈ હતી. એના જીવમાં જીવ આવ્યો. એને તો ધ્રાસ્કો જ પડ્યો હતો: રેખા ઘરે પાછી વળી તો નહિ ગઈ હોય ને!

સુહાસ પણ રસ્તો ઓળંગીને સામી બાજુએ પહોંચી ગયો. રેખાની સાવ નજીક જઈને એ બોલવા જ જતો હતો: રેખા! રેખા! ત્યાં રેખાએ જ નાના બાળકને છાનું રાખવા નિશાની કરતી હોય તેવો અભિનય કરીને એને ચૂપ કરી દીધો. સુહાસ અકળાયો. દૂરથી એ રેખાને જોઈ રહ્યો. આ પ્રસંગને માટે રેખાને એણે ખાસ સાડી આપી હતી. એ જોઈને તો એ સુહાસના પર ચિઢાઈ જ ગઈ! ‘તને તે કાંઈ ભાન છે ખરું?’ સુહાસે વીલે મોઢે પૂછ્યું: ‘કેમ?’

રેખા બોલી: ‘કેમ શું વળી? આવી મોંઘી સાડી જોઈને બાને વહેમ આવે કે નહિ? મેં કાંઈ એટલા બધા પૈસા એકઠા નથી કરી રાખ્યા!’

સુહાસ ઉત્સાહમાં ને ઉત્સાહમાં બોલી ગયો: ‘પણ રેખા, તેં આજે એ પહેરી હોય તો તું કેવી સુન્દર –’ એને વચ્ચેથી જ તોડી પાડીને રેખા બોલી: ‘તું શું મને ઢીંગલીની જેમ સજાવવા ઇચ્છે છે? તો આ ખાદીભવનમાંથી એકાદ ઢીંગલી લઈ લે ને મને ઘરે જવા દે!’

સુહાસ તો ડઘાઈને જોઈ જ રહ્યો. એને આવી મૂંઝવણમાં જોઈને રેખા વધારે અકળાઈ. એણે કહ્યું: 'ક્યાં છે તારા મિત્રનું ઘર?'

વળી બંનેએ આગળ ચાલવા માંડ્યું – રેખા આગળ ને સુહાસ પાછળ. સુહાસ વિચારતો હતો: રેખા ખેંચાઈને તો નથી આવતી ને? ને ખેંચાઈને આવતી હોય તોય શું? હવે એ રેખાને જતી કરવા તૈયાર નહોતો. આમ તો બંને વચ્ચે ઝાઝો મેળ દેખાતો નહોતો. રેખા જરા આખાબોલી પણ ખરી. કોઈક વાર તો સુહાસને ચિઢવવા ખાતર જ એને જે ગમે તેની મશ્કરી ઉડાવતી:

'આ યુ દ કોલોન ક્યાંથી શોધી લાવ્યો છે?'

'કેમ?'

'મને એની વાસ જરાય ગમતી નથી.'

આમ છતાં સુહાસ ને રેખા આજે સાથે જઈ રહ્યાં હતાં. બંને વચ્ચે કશુંક અતૂટ હતું. હશે જ ને નહીં તો – રેખા થોડીક આગળ નીકળી ગઈ હતી એને રોકતાં સુહાસે કહ્યું: 'બસ, આ જ ઘર.'

રેખા ઊભી રહી ગઈ. એક બાજુ હોટેલમાંના ઉચ્છિષ્ટનો ભાગ પાડતા બેઠેલા ભંગીઓ, બીજી તરફ લડતી બે બિલાડીઓ. રેખાએ ભવાં ચઢાવી પૂછ્યું: 'અહીં?'

સુહાસ કહેવા જ જતો હતો: 'આપણે ક્યાં અહીં સંસાર માંડીને બારે દહાડા રહેવું છે –' પણ એ મનમાં વાક્ય પૂરું ગોઠવે તે પહેલાં જ રેખા બોલી ઊઠી: 'મને તારા બધા મિત્રો નથી ગમતા. પેલો શ્રીકાન્ત કેવો વેવલો છે! અહીં આખું ટોળું જમા તો નથી કર્યું ને?'

સુહાસે તો કોઈને કહ્યું જ નહોતું. પણ પ્રિયંવદ ઉત્સાહનો માર્યો બધાને તેડી લાવ્યો હોય તો!

સુહાસે રેખાને ઊભી રાખતાં કહ્યું: 'રેખા, જો તને નહીં ગમતું હોય તો આપણે અહીંથી પાછા જ વળીએ.'

રેખાએ અણધારી મક્કમતાથી કહ્યું: 'પાછી વળવા માટે હું અહીં નથી આવી.'

સુહાસ ભયથી ફફડતો દાદર ચઢવા માંડ્યો, એની પાછળપાછળ રેખા. પ્રિયંવદની ઓરડી આગળ આવીને સુહાસે બારણું ખખડાવ્યું. એકી સાથે અંદરથી કેટલાયનો હસવાનો અવાજ આવ્યો. બારણું ખૂલ્યું. મિત્રોની મંડળીમાં સુશીલ જરા ટીખળી હતો. એ બોલી ઊઠ્યો: 'કેમ સુહાસ? એકલો તો નથી આવ્યો ને?' પછી રેખાને જોતાં એ આનંદમાં આવી ગયો ને બોલ્યો: 'આ વખતે પ્રિયંવદનું કાઢેલું મુહૂર્ત સાચું પડ્યું.'

પ્રિયંવદે પૂછ્યું: 'રેખા, ઇલા મંજુ વંદના કોઈ નથી આવ્યાં?'

રેખાએ કહ્યું: 'મેં કોઈને કહ્યું જ નહોતું.'

આથી આગળ બોલવાની કોઈની વૃત્તિ થઈ નહીં: સહી, સાક્ષીના દસ્તખત – બધું પત્યું. પેંડા વહેંચાયા. મિત્રોએ સુહાસને ચઢાવ્યો: 'અલ્યા, જોઈ શું રહ્યો છે? રેખાના મોઢામાં પેંડો મૂકી દે ને!'

રેખા તરત તડૂકી ઊઠી: 'મને નથી ગમતા એવા વેવલાવેડા!'

પછી થોડી વાર રહીને એણે સુહાસને કહ્યું: 'ચાલ, હવે આપણે જઈએ ને?'

સુહાસે પૂછ્યું: 'ક્યાં?'

રેખા બોલી: 'ક્યાં એટલે? મારે ઘેર. ગોરેગાંવ. પહોંચતાં નવ વાગી જશે.'

શ્રીકાન્ત બોલ્યો: 'અમે તો આ ઓરડી તમને સોંપવાનો નિર્ણય કર્યો હતો.'

આ ઉદાર પ્રસ્તાવને વધાવવાનો ઉમળકો સુહાસે કે રેખાએ બતાવ્યો નહીં.

વળી રસ્તે રેખા ને સુહાસ આગળપાછળ ચાલવા મંડ્યાં. મરીનડ્રાઇવ, નરીમાન પોઇન્ટ, પથ્થર સાથે અથડાતાં મોજાં, એના ઊછળતા સીકર, પવનના અવાજમાં આછો થઈ

જતો રેખાનો અવાજ – સુહાસને ઘણું યાદ આવતું હતું. છ વર્ષ! કેટલા કોઠાનો આ પ્રણયવ્યૂહ હતો!

સાંજ ઢળી ચૂકી હતી. ઘરે પાછાં વળતાં ટોળાંને સુહાસ જોઈ રહ્યો. ઘેરી ઉદાસીનો અશ્રુત સ્વર એ ટોળાં ઉપર તરતો હતો. ચર્ચગેટ સ્ટેશન આગળ ભિખારીઓ કાકલૂદી કરતાં ઊભાં હતાં. ઇરોસના નિયોન દીવાઓ ઉપર ઝબૂકતા હતા. પેલી ઉદાસીના અંગ પર આ નિયોન દીવાઓ જાણે અલંકારની જેમ ચમકી રહ્યા હતા!

ઓવલનું મેદાન, એલ્ફિન્સ્ટન કોલેજ, એપોલો, દૂરની દરિયામાંની ટેકરીઓ – સુહાસ જોતો જ રહ્યો. રેખા કશું બોલતી નહોતી. ટહૂકી ઊઠે, પતંગિયાની જેમ ઊડાઊડ કરી મૂકે, માછલીની જેમ પાણીમાં સેલારા મારે એવો આ પ્રેમ કેમ ભારે ભારે થઈ ગયો હતો? – રેખા વિચારતી હતી. સુહાસ પણ વિચારતો હતો. પણ બંનેના વિચારના છેડા મળતા હતા ખરા?

ભીડ વચ્ચેની થોડીક નિર્જનતામાં બંને જઈને ઊભાં રહ્યાં. રેખાનો હાથ સુહાસના હાથને શોધતો આવ્યો. સુહાસના હાથે પ્રગલ્ભ બનીને રેખાના હાથને જકડી લીધો. રેખા કશું બોલી નહીં. સુહાસ મહામહેનતે મૌન જાળવતો ઊભો. કોઈ સ્ટીમરનું ભૂંગળું વાગ્યું. દરિયામાંના નાના હોડકામાં એક ટમટમતો દીવો દેખાયો. સુહાસ ને રેખા પાળ પર બેઠાં. દૂરના દરિયા પરના અગોચર અન્ધકારમાં ભવિષ્યની લકીરને શોધતી એમની આંખો પણ મૂક હતી; છતાં જાણે બંનેની વેદના આંગળી પકડીને ચાલતી હતી – દૂરના આછા અન્ધકારમાં બંનેની વેદનાઓ જાણે વિહરવા નીકળી પડી હતી – નાના શિશુની જેમ.

સુહાસ અકળાયો. એણે રેખાને કહ્યું: 'રેખા કંઈક તો બોલ.'

રેખાએ કહ્યું: 'શું કહું? પ્રિયતમ, પ્રાણેશ્વર...'

સુહાસે કહ્યું: 'ના, કહેને માત્ર સુ, અથવા સુ પણ નહીં, અન્ધકારમાં જેને જોઈ પણ નહીં શકું તેવો તારા હોઠનો આછો થરકાટ માત્ર...'

રેખા બોલી: 'કાલ સુધી બધું કેવું નિશ્ચિત હતું! હવે બધું જ અનિશ્ચિત.'

સુહાસ સહેજ વ્યથાથી ઉત્તેજિત થઈને બોલ્યો: ‘અનિશ્ચિતતા એટલે જ તો સાહસ…’

રેખા હસીને બોલી: ‘હવે મને તારું નામ ફેરવવાનો અધિકાર ખરો ને? તો આપણે તારું નામ ‘સુહાસ’ને બદલે ‘સાહસ’ કરી નાખીએ!’

સુહાસે કહ્યું: ‘તારા વિના કાંઈ એવું સાહસ થયું હોત?’

રેખા બોલી: ‘કબૂલ છે. હું માત્ર સહચારિણી નહીં, સહસાહસિની પણ ખરી.’

સુહાસને શું બોલવું તે સૂઝ્યું નહીં. એને યાદ આવ્યું: એ બોલે છે, રેખા લખે છે. લખતી જાય છે, ટોળટિખ્ખળ કરતી જાય છે. એના કાવ્યની પંક્તિઓ વચ્ચે રેખાના પ્રસન્ન સ્મિતની છોળ છલકાઈ ઊઠે છે. એની આંખોની ચટુલતા સુહાસની કવિતાના અન્વયને ચકરડીભમરડી ફેરવે છે. કોઈક વાર રેખાની આંખમાં અકારણ (હા, કારણ કે સુહાસ ફરી ફરી પૂછે છે તો રેખા એક જ જવાબ આપે છે: કારણ જાણવા તો તારી પાસે આવી છું) આંસુ આવી ચઢે છે. શબ્દો ઓગળી જાય છે. હવામાં તરી રહે છે માત્ર એની બાષ્પ. સુહાસ એની સામે જોઈ રહે છે. બે આંખો, આંસુથી ડહોળાયેલી બે રાતી રાતી આંખો: એમાં કોઈનું પ્રતિબિમ્બ નથી. એ આંખો કોઈને જોતી નથી, ને છતાં એ આંખોને સ્મૃતિ છે – અગાધ સ્મૃતિ છે, એ સ્મૃતિમાં વેદનાના જુવાળ આવે છે. ને એ જુવાળ આગળ એ પોતાને સાવ નગણ્ય જેવો જુએ છે – કોઈ હોડકામાંના નાના ટમટમતા દીવાના જેવો. ને ત્યારે આ રેખા – જે ગાઢ આલિંગનમાં પોતાનામાં સાવ લુપ્ત થઈ જાય છે તેને એ સાવ દુર્લભ માને છે, એનું હૃદય મૂઢ બની જાય છે. કશું ન સૂઝતાં એ સામે બેઠેલી રેખાને ભીંસી નાખે છે. રેખા અકળાતી નથી, મૂંઝાતી નથી. પૂરી સ્વસ્થતાથી જાણે બોલે છે: સુહાસ, તેં જ તો જીવનાનન્દની કવિતા મને સંભળાવી હતી, નહીં? કવિ શું કહે છે તે યાદ છે? કવિ કહે છે કે આ તો છે વ્યાઘ્રયુગ. એની મુખ્ય પ્રવૃત્તિ હરિણીનું મીઠું મુલાયમ માંસ ભક્ષવાની. બધા જ પુરુષો વાઘ – અથવા સારા શબ્દોમાં કહું તો નરશાર્દૂલ!’

આ યાદ આવતાં સુહાસ રેખાને સ્પર્શવાનો મોહ જતો કરે છે. અન્ધકારમાં ઊપસી આવતા એના આભાસની રેખાઓને માત્ર આંખથી સ્પર્શે છે – જેવી રીતે દૂર દૂરના

તારા સ્પર્શે છે સમુદ્રના તરંગોને; જેવી રીતે જુહુના સમુદ્રતટ પરની નારિયેળીનો પર્ણમર્મર આકાશના મૌનને સ્પર્શે છે.

પછી બંને ઊઠ્યાં – છૂટાં પડવાને ગાડીમાં બેઠાં. ફર્સ્ટ ક્લાસનો ડબ્બો લગભગ ખાલી જેવો હતો. રંગબેરંગી ચિત્રોવાળી ચોપડીનાં પાનાં પવનમાં ફરફરે તેમ સ્ટેશનો આવીને જતાં હતાં. સુહાસ રેલના પાટા જોઈ રહ્યો. કેવા વળ ખાતા હતા એ પાટાઓ! ઘડીમાં એકબીજાને છેદે છે, એકબીજામાં ભળી જાય છે. દૂર માહીમની ખાડીમાં દરિયાનાં પાણી ધૂંધળા પ્રકાશને ઝીલતાં પડ્યાં છે. ધોળાંધોળા ફીણની હાર અન્ધકારમાં દોડી જતી દેખાય છે. રેખા એની વધુ નિકટ સરે છે. સુહાસના હૃદયમાં કશીક ઊંડી વ્યથા જાગે છે. એને ખબર નથી એ વ્યથા ક્યાંથી આવે છે, એના વક્ષ:સ્થળમાં રેખાનું મુખ ખોવાઈ જાય છે. સુહાસ કહે છે: 'રેખા, આવા પ્રેમની આશાએ શું આપણે જન્મ નહોતો લીધો? તું કાંઈ મારી દિશામાં આવવા નહોતી નીકળી, ને હુંય દિશાનું ભાન ભૂલીને ક્યાં ઊભો રહી ગયો હતો! આ પ્રેમ – એને માથે ઘરનું છાપરું નથી, એને ઉમ્બરની સીમા નથી; તુલસીક્યારો, કંકણરણકતા હાથ ને સાંજટાણે પ્રકટાવાતા ઘીના દીવાની વચ્ચે એ ઘેરાયો નથી. આકાશની જ એને ઓથ છે. રેખા, આ ગાડી દોડ્યે જાય છે. માની લેને કે એ જાણે અટકવાની જ નથી. આપણે દૂર દૂર દોડ્યે જ જઈએ છીએ – નદીના પ્રવાહ આપણામાં ભળે છે, પર્વતોની નિર્જનતા આપણાં હૃદયના એકાન્તને ઓળખવા માંડે છે: દૂર દૂરનો અવકાશ આપણી આંખોમાં ઓગળવા માંડે છે; એક અશ્રુ થઈને ઝમે છે. ને પાસે જ બેઠું છે આપણું મરણ – એની નિકટતાની હૂંફથી આપણે ભડકતાં નથી, આપણે દોડ્યે જ જઈએ છીએ. તું રેખા – દૂર સુધી વિસ્તરતી એકલતાની સીધી રેખા જે વંકાઈને પાછું વળીને જોતી નથી, ક્ષિતિજને ભેદીને દોડી જાય છે, ને હું નીહારિકાના અદૃશ્ય તારાની જેમ દૂર દૂરથી એને જોઈ રહું છું – જુગ જુગથી.'

સુહાસ બોલ્યે જાય છે ને રેખા પરમ સુખથી ઘૂઘવતી કપોતીની જેમ ખૂબ ઊંડે ઊંડેથી જાણે 'હં' માત્ર કહેવા પૂરતી સહેજ સપાટી પર આવે છે. ઘુંટાયેલા સુખથી ઘેરી બનેલી આંખોમાંની એની વિલોલ કીકી સુહાસ જોઈ રહે છે. આ આંખો એને બહુ ગમે છે. એ આંખોમાં પ્રલય છે, ને પ્રણય પ્રલય વિનાનો હોઈ શકે ખરો? રેખાના ઊંડે ઊંડેથી આવતા 'હં'ને સાંભળવાના લોભમાં એ બોલ્યે જાય છે. એને ખબર નથી કે એ શબ્દો ક્યાંથી

આવે છે – ચારે બાજુના અન્ધકારમાંથી કે પછી આજુબાજુ વિસ્તરીને પડેલા અવાક્ માનવીઓની વ્યથાના ઊંડાણમાંથી કે પછી એ શબ્દો છે નર્યા મૌનનાં બુદ્બુદ, ને આખરે તો પોતે પણ રેખાના મૌનના વમળ વચ્ચે ઘેરાઈ ગયેલો એકાદ બુદ્બુદ માત્ર!

સુહાસ એ કશું જાણતો નથી. સ્પર્શનું કોઈ ઝંકૃતિપૂર્ણ મહાકાવ્ય એની આંગળીનાં ટેરવાં નીચે ઊપસી આવતું લાગે છે. એને આંખથી ઉકેલી શકાતું નથી, સ્પર્શથી જ માણી શકાય છે. એ સ્પર્શમાં ઊતરી આવે છે દૂરની નીલિમાનો સ્પર્શ, ધૂસર વિહ્વળતાનો અશ્રુગદ્ગદ સ્પર્શ, દૂરદૂરથી મીટ માંડી રહેલા મૃત્યુનો સ્પર્શ.

સુહાસ તુષ્ટ છે, રેખા લુપ્ત છે. અન્ધકારમાં જ અન્ધકારની સહસ્ર ધારાઓ લુપ્ત છે તેમ.

# બે સૂરજમુખી અને

બળબળતો સૂર્ય મૃગજળમાં તરે છે બે મુખ સૂરજમુખીની જેમ ઉન્મુખ ના હં બધું સમજું છું હું જોવા દે એમ ભલે તાપમાં તપીને લાલચોળ થયેલા ગાલ સોનેરી આછી રુવાંટી સ્પર્શની લિપિ અંકાયે જ જાય છે મસૃણ દેહ પર ના નહીં જોવા દઉં જાણે તો છે કે વીંટી છે એમ કહે ને કે એ બહાને મારો હાથ જોઈએ છે તને હા હું આપીશ વીંટી પછી ના હં માઠું લગાડીશ નહિ આ બળતી બપોર આ હજાર આંખે દેખતી દુનિયા બે સૂરજમુખી ઉન્મુખ સૂરજમુખી ચાલું છું આ શું દિવસે દિવસે ભારે થતું જાય છે આંખનાં પોપચાં નીચે મનુ ક્નખ્તટ્ઠમાં લાલ લીટીથી નિશાની કરેલાં પાનાં વાંચજે ભગવદ્ગીતા એમ જે સુખદુઃખમાં સમદષ્ટિવાળો અને સ્વસ્થ રહે છે જે માટી પથ્થર અને સોનામાં મૃગજળમાં સોનાવરણાં સૂરજમુખી ગરમાળા પરથી ઝૂલતાં સોનેરી હાંડીઝુમ્મર બળબળતી આંખોમાં આ પ્રેમની સ્નિગ્ધ શલાકા પરસેવામાં શબની જેમ તરે છે કાયા Are you ready and I see the first thing in my black eye world and ask her to describe it I saw crystal chandeliers and she saw white petals દોઢ બાપ રે પણ સાંભળ તો ના કશી નથી હોતી ખાસ વાત એની એ જ રોજ ને છતાં હા હા દષ્ટિપથ આગળથી ત્રિજ્યાઓ ફંટાય છે કોઈ આગમનની કોઈ વદાયની જોઈએ છીએ ભેગાં મળીને હું ને મરણ ના એ હું હસતો નહોતો ટેવ છે એવી એ છે કશોક વિચિત્ર અવાજ વય શીખવે છે બધું વય મારે ખભે બેઠી છે.

સૂરજમુખીના જેવાં બે ઉન્મુખ મુખ મૂક સ્નિગ્ધ તરલ ઓમ હ્રીં કોણ છે તે સાંધે સાંધે

ડાકણ દાંત કચકચાવે છે ભૂવો ભગાડશે પાણી ઉતારો ચોખા આ માદળિયું રાખો મનુ રામરક્ષાનો પાઠ કરી ગયો પ્રથમ ચુમ્બનની હોઠ પર અંકાયેલી ભીની મુદ્રા રોમાવલિમાં દોડી જતો આછો કમ્પ નથી વસન્ત નથી કોકિલ મૃગજળમાં તરતાં બે સૂરજમુખી આંસુથી ડબડબ આંખો હોઠ ધ્રૂજે છે જુગુપ્સા કડવો ઊબકો આવે છે જોયો છે ને કપાળનો ઘા અરે હૃદયમાં કેટલા પ્રકટ કર્યા વિનાના ઘા છે તે હા ફરી જતી રહીશ હવે શું રેણુ રેણુ પપ્પા પાસે નહિ રહે બેટા રોટલીના મોંમાં લોચા વળે છે ઘસડાય છે

નામ તો હશે જ ને બળતી બપોરે ઝંખવાઈ જતી આંખે દૂરથી જોયું છે નથી ખબર કે રૂપ કેવું છે પણ કલકૂજન અક્રમ જલ્પન આંખમાં ચમક ખીલી ઊઠ્યાં છે બે મુખ સવા રૂપિયો આપો કચવાશો તેથી શું મનુ હિસાબમાં હજુ તું કાચો છે ક્નખ્તટ્ઠનો લેખ વાંચ્યો સાંભળતા નથી લાવોને સવારૂપિયો દીવાલો ધસી આવે છે લાખ્ખોનું લશ્કર ફુરચેફુરચા ઊડી જાય છે લે મારા મગજ પર ભૂત સવાર થયું છે શું દેખાય છે તમને મૃગજળમાં તરતાં બે મુખ આવશે ને લે એમાં તે પૂછવાનું ના હં મને તારો ના હંનો ટહુકો ગમે છે બોલ ને એક વાર ધત્ત નથી ચરણે અળતો નથી નૂપુર તે છતાં બળતી બપોરે આ શો ઝંકાર સાંભળો છો ને હા ફરી નહી કહું તપાવેલા સળિયાની જેમ પાસે સૂતેલી એ એના નિસાસાથી ધગધગતી શારડી ફેરવીને અણુએ અણુને કોચે છે ચમકે છે રસોડાનું બારણું બારસાખને ટેકે ઊભી છે મેલાંઘેલાં કપડાં ચીમળાયેલું કરચલી પડેલું મોં હવે કદી પગ નહિ મૂકું આ ઘરમાં જરા મારી વાત ના તમારી વાતનો અન્ત નથી રહો ને તમારી ધૂનમાં મસ્ત ધૂન ખબર છે ખરી જો શબ્દો ઊડ્યા હોત પતંગિયાની જેમ વહ્યા હોત ઝરણાંની જેમ એ બધાંનો શિલાભાર હા કોઈ પ્રાચીન નગરની જેમ દટાઈ ગયો છું બધું જ અશ્મીભૂત ક્યાં શોધે છે તું મને ક્યાં જશે કોની પાસે પાછી આવશે આંખે બળબળતા સૂરજથી ઝાંખ વળે છે ને છતાં બે સૂરજમુખી ના હું ઘરમાં નથી હવે તો સૃષ્ટિ આખી અભિસારપથ પવન વાય પાંદડાં હાલે બધે એક જ ઇંગિત બધે એક જ સંકેત છે બધું છે ને છતાં આંખ સામે છે એક જ છબિ ના તમારી વાર્તાનો સ્વીકાર નહીં થાય રેઢિયાળ રોમેન્ટિક મૃગજળમાં તો કોઈ ડૂબતું નથી બે સોનેરી સૂરજમુખી સદા તર્યા કરે છે ઘર ચાલે છે સંસાર સરે છે નથી બોલતો હું નથી બોલતી એ દરમાં રહેનારા બે જીવ મૂગા મૂગા ઊંડે ને ઊંડે સરે છે કાયા ફૂલે છે મૌનથી આંખ સૂઝે છે અન્ધકારથી રેણુ રેણુ એકડો એમ ન લખાય રેણુ તારી આંખના આકાશમાં એકડો ચગે છે પતંગની જેમ પણ

એ એકડાને નીચે ઉતારો દોર છોડી નાખો આ પાટીના કાળા પથ્થરમાં જડી દો ના સ્વપ્ન નહોતું સાચો સૂરજ સાચું આકાશ પણ ગાંડી આપણે બે જ સાચાં ન હોઈએ તો અહં નહિ બોલું હું ખોટી તો ભલે પણ તું ખોટો ના તું સાચો સાચો સાચો આકાશના સૂરજથી વધારે સાચો ને સોનેરી એનો આ શબ્દ હું દૂરથી સાંભળતો હતો નથી જોયું એનું મુખ કે નથી જાણતો એના ભાગ્યશાળી પ્રિયતમને પણ ઘડીભર થંભી ગયો હું વયના ભારથી નહીં ભરબપોરે આંખે અંધારાં આવવાથી નહીં પણ એકબીજા તરફ અભિમુખ થયેલાં બે મુખ સૂરજ તરફ ઉન્મુખ સૂરજમુખીનાં જેવાં બે મુખ કહોને બાપુજી એક સપનાંની વાર્તા રેણુ વાર્તાનું તો વન હોય એક વાર એમાં દાખલ થઈએ પછી રસ્તો ભૂલી જવાય પણ પપ્પા એકાદ સપનાની વાત સાંભળ હું હતો આકાશમાં ચાંદા ભેગો ચાંદો સૂરજ ભેગો સૂરજ પછી એક દિવસ પગ ખસ્યો તે પડ્યો પડ્યો એવો પડ્યો કે થઈ ગયો માટીનું ઢેફું ક્યાંકથી તારી જેમ ખોળે બેઠું બીજ અમે દોસ્તી બાંધી ને વળી આકાશ તરફ ઊંચા વધ્યા પણ ભારે દુઃખ પંખીઓ મશ્કરી કરે ઊંચે વધેલી ડાળ પર બેસે ને પૂછે ચાલો આવવું છે આકાશમાં ડાળ હલાવીને હા પાડીએ ને ચાલો કહેતુંકને પંખી ફર્ર્ દઈને ઊડી જાય પછી તો કાયા કપાઈ મકાન થયું ધરતીકમ્પ થયો ધરતીમાં દટાઈ ગયા ફરી ચાંદાસૂરજનાં સપનાં આવે, માટીમાં ભળ્યા દબાઈ કચડાઈને કઠણ બન્યા પથ્થર થયા સુરંગ ફોડીને બહાર કાઢ્યા સલાટ બેઠા છીણી લીધી અંગે નહોર ભર્યા રાજાના કીર્તિલેખને અમર બનાવીને ઊભા જડી દીધા અંગે રાજાની કીર્તિના ઉઝરડા લઈને રોજ ચાંદા સૂરજને જોયા કરીએ ત્યાં આંગણે જ આવે તારા જેવી બટુકડી બાળા એની એક આંખમાં સૂરજ એક આંખમાં ચાંદો હું કહું એને એક ફૂંક મારે તો જાદુ થાય હું અલોપ થઈ જાઉં ન રહે રાજા ન રહે કીતિર્ પણ એ તો સહિયર જોડે દોડી જાય પછી આવે પવન અધીર ચંચલ એને ન ઝલાય ન રોકાય તોયે કહું ભાઈ પવન એક એક કાંકરી ખેરવતો જા મારો લોપ કરતો જા પણ સાંભળે કોણ વરસાદનાં ટીપાં આવે એને કહું થોડી થોડી ઘસી નાખોને મારી કાયા દૂર દૂરના દરિયાને કહું દરમાં જતી કીડીને કહું સહેજ સહેજ ઠેલો મારો કે હું ગબડી જાઉં અહીંથી ખસું રેણુ કોઈ મારું સાંભળે નહીં ને હું ભારે થતો જાઉં દિવસ ને રાત દિવસ ને રાત પછી પપ્પા રેણુ આનો અન્ત નહિ આ સપનું ચાલ્યા જ કરે એ તૂટે નહીં ગાલ પર રતાશ દોડી જાય છે આંખમાં ચમક છે બોલવા જાય છે શબ્દો શોધે છે મન નથી માનતું કૃત્રિમ રોષથી પણ છલકાતાં આનંદથી એ કેવળ જોઈ રહે છે બપોરની નિસ્તબ્ધતામાં ભળી જાય છે આ મૌન મૌનની આડશે સમય ઊભો રહી

જાય છે થંભ્યા નીર ને થંભ્યો પવન પથ્થરની નસમાં દોડતો બીજનો ચમકારો થંભ્યો કાન માંડીને સાંભળે છે સહુ મનુ તું સાંભળતો જ નથી સુખડ ઘસ્યું ગીતા વાંચી માળા ફેરવી ટોલ્સ્ટોય સવારે ઊઠીને રોજ સંકલ્પ કરું કરું કેવળ સારાં કામ વિચાર સારા વાણી સારી પછી રાત પડે ભૂલ ભૂલ શ્વાસ લીધાની ભૂલ જાગ્યાની ભૂલ આંખ ખોલ્યાની ભૂલ ભૂલ રેણુ તારી પાટીના પથ્થરમાં કેદ પૂરેલા એકડાને છોડી દે એને જોઈએ છે સંગાથ ભલે ને મળે શૂન્ય હા જાણું જ છું તો તમને તો બધું અહીં સૂનકાર જ લાગે છે બેસી રહો છો મોઢું ચઢાવીને કાગળ ચીતરો છો બ્ર અક્ષર બોલવાનો નહિ કોને પરણી છું હું આ ઘરના સૂનકારને ના તું સમજતી નથી હું કશું નથી કરતો તે વાત ખોટી છે તારી જોતી નથી દોડું છું હું કાળયવનની ગુફામાં અન્ધકારને વીંઝતો કોણ છે મારી પાછળ તેની નથી ખબર તુંય એકીશ્વાસે દોડતી કેમ નથી દોડ તો સાથે હાંફી શકીશું આપણે સાથે થાકી શકીશું આપણે રેણુ છોડી દે ને એકડાને ના એમ કાંઈ સહેલાઈથી નહિ છોડું તારો હાથ શું કરીશ રુવાંટીની સંખ્યા ગણીશ જનમારો એમાં જશે વેવલો નહિ તો કોઈ પૂછે કે યાદ છે એનું મોઢું તો શું કહીશ ના કોઈને કહેવાનું નહીં ભાગવતમાં કહ્યું છે પ્રેમ તો અતિ ગુહ્ય બોલીશ નહીં એ શબ્દ કેમ બોલીએ તો ઊડી જાય બળબળતી બપોરે ઊડે છે સોનેરી પતંગિયાં ચારેકોર ઠેલો મારું છું થાકેલી કાયાને અશ્મીભૂત વર્ષોનો પુંજ ખસતો નથી તડકો કાળો કાળો થઈ જાય છે પપ્પા સૂરજમાં કયો રંગ પૂરું કાળો કાળો તમે તો પપ્પા કશું જાણતા નથી રેણુ સૂરજની બીજી બાજુ કાળી છે તું મોટી થઈશ ત્યારે દેખાશે પપ્પા તમારો સૂરજ જુદો મારો સૂરજ જુદો કોઈ વાર મન થશે તો કરશું અદલાબદલી કહું છું તે સાંભળો ખોળિયું તો કાંઈ બદલાવાનું નથી એ તો મોત આવશે ત્યારે ચમકો છો કેમ હું નથી ચમકતો આપણે તો ફોતરાં માત્ર આપણી અંદર મરણનો દાણો બંધાય પુષ્ટ થાય હસીએ તો રડીએ તો દિવસ રાત એ દાણો પોષાય પછી ફોતરું ફાટે ખોળિયું છૂટે આનન્દથી તસતસતા સમયના બંધનને ઢીલું કરીને સમયને ઠેલીને ગબડાવી દઈને નર્યા ઉચ્છ્વાસ રૂપે શેષ રહી અવકાશને ભરી દઈ સરી જવું રૂપ ઘડવાનું અગ્નિને સોંપી દો સ્મરણ નથી પાપ સ્મરણ બની જાય એક નાનો શો તલ ગુપ્ત ગુહ્ય પવન નમાવે છે પડછાયાને આકાશને ખોતરતી બેઠી છે કીડી શૂન્યને બેઠો છે પાસ આપણા અસ્તિત્વનો દયા કરો ઈશ્વરની આંખો લઈ લો સૂરજમુખીની છાયા નીચેની લીલી દુર્વા પર ભાત આંકે છે હથેળી પર આંગળીથી તારું નામ લખે છે લુચ્ચો કોણ વાંચવાનું હતું સૂરજ વાંચે હજાર આંખે પવન આંગળી ફેરવી ફેરવી અક્ષર ગોઠવે સાગર છલકાઈને અક્ષર

ગોઠવે કાંઠે કાંઠે મનુ તું ગીતાનું એક વાક્ય સરખું આખું વાંચતો નથી દાદા આ સમાસ આ સંધિ કોણ છૂટાં કરે એવાં જકડાઈ ગયેલાં હાડ ઓમ હ્રીં કયા બિન્દુથી લોહીએ તારા નામનો ધબકાર ઝીલી લીધો તે કહેવાશે હવે જાણું છું તાંબાની નસમાં દોડે છે અગ્નિ ઘરની વળીમાં ભેરવાઈને તૂટેલી દિવસની પાંખ ખાબોચિયાંને ડખોળતો લંગડાય છે સૂરજ સૂરજમુખી સૂરજમુખી ક્યાં ચાલ્યાં પાતળી હવાની લહેરખી આંસુ પાડે ને ઓગળી જાય હોઠ બોલે નહીં પાકેલાં ફળ જેવા ચુમ્બનના રસથી ભર્યા ભર્યા હોઠ ખૂલે આંખોમાં આંખો તરે આંસુમાં આંસુ ઝમે ને થાય સૂરજ સૂરજ સૂરજમુખીનું વન.

નવભારત: નવેમ્બર, 1966

# અને મરણ

સાત માળનું તોતિંગ મકાન. મહેલ નથી, બાદશાહી હોટેલ નથી, છે ફેક્ટરી. રાક્ષસી કોમ્પ્રેસર ધણધણી ઊઠ્યાં છે. મોટાં મોટાં ચક્રો ફરે છે. રાસાયણિક પદાર્થોની ગન્ધ ગૂંગળાવી નાખે છે. એક્કેય માણસ નથી. રેકોર્ડર પરનો ધ્રૂજતો કાંટો તર્જનીસંકેત કરીને જાણે 'ના ના' કહી રહ્યો છે! મકાનમાં કોમ્પ્રેસરના ઘોંઘાટના પડઘા ગાજે છે. ક્યાંક પારદર્શી નળીઓની અંદર ટીપે ટીપે પીળો તેજાબ ટપકે છે, ઝમે છે, વહે છે. એમાંથી વરાળ નીકળે છે. 'આ તેજાબ બહુ જલદ હોય છે. જો દાઝી જાઓ તો ઠંડા પાણીથી એક સરખું દાઝેલી ચામડીને ધોયા કરજો.' ટીપે ટીપે થતાં તેજાબના વહનને હું જોયા કરું છું. આછી લીલા રંગની પારદર્શી બરણીમાં તેજાબ ભરાતો જાય છે – ટીપે ટીપે.

ત્યાં જોઉં છું તો એક ટીપું કંઈક દ્વિધામાં પડી ગયું લાગે છે, એ અટકી ગયું છે, વરાળ સિસોટી વગાડે છે. કોમ્પ્રેસરો ધૂંધવાય છે. જાણે પેલા નાના ટીપાને સૌ ધક્કો મારે છે, પણ એ ટીપું ખસતું નથી, ખસતું નથી.

મારી છાતી ધણધણી ઊઠી. હું ગૂંગળાઈ ગયો. આંખ તેજાબની વરાળમાં બફાઈ ગઈ. હું હાથ વીંઝતો આગળ વધ્યો, દોડ્યો. સાતમો માળ, છઠ્ઠો માળ, પાંચમો માળ... ને છેક નીચે. પણ બહાર જવાનું બારણું દેખાતું નથી, બારણું શું હતું જ નહિ? હું હવામાં હાથ વીંઝું છું. મારી છાતી જ જાણે એ બંધ બારણું હોય તેમ મારી છાતી પર જ એ મુક્કા વાગે છે. ધીમે ધીમે બધો ઘોંઘાટ શમે છે, નથી તેજાબ, નથી વરાળ... ને હું?

કદાચ રસ્તો મોટો હશે. મારી જ નજીકમાં ક્યાંક ચાલી જતાં લોકોનાં ટોળાંનો અસ્પષ્ટ

અવાજ સંભળાય છે, મોટરના હોર્ન સંભળાય છે, કોઈ એકાએક બ્રેક મારે છે, ચીસ સંભળાય છે. શું થયું તે જોવા હું દોડી જાઉં છું, પણ મારા કાનમાં મારાં પગલાંના જ પડઘા ગાજે છે. થંભી જઈને ચારે બાજુ જોઉં છું. એક અત્યન્ત પરિચિત સુવાસ મને ઘેરી વળે છે, મને ઢંઢોળે છે, અનુનય કરે છે. પૂછે છે: 'ઓળખે છે ને? ઓળખે છે ને?' હું દ્વિધામાં પડી જાઉં છું. સહેજ થંભી જાઉં છું. મને ઘસાઈને એક પડછાયો દોડી જાય છે. હવામાં પડઘા ગાજે છે: 'રસ્તો રોકીને કેમ ઊભા છો? રસ્તો છોડો, રસ્તો છોડો.'

આ શી સુગન્ધ? ના, અજાણી નથી ને છતાં એ સુગન્ધને કોઈ નામ જોડે, સ્થળ જોડે, પ્રસંગ જોડે સાંકળી શકતો નથી.

મારી ચારે બાજુ ટોળું છે. કોઈ કશું બોલતું નથી. આ શું કોઈ સરઘસ હશે? સ્મશાનયાત્રા હશે? હું અહીં શા માટે છું? ના, અહીં હોઈ શકું જ નહિ. કોઈ અકળાઈને મને ધક્કો મારે છે. કશુંક બોલે છે. હું પણ કશુંક બોલું છું. પણ એ અવાજ છે, શબ્દ નથી એવું મને લાગે છે. કશુંક પારદર્શી જાળું મને ઘેરી વળે છે. હું એને અળગું કરવા મથું છું.

ના, હું રસ્તા પર નહોતો. નિમ્મુ, સ્વીચ ક્યાં છે? હા, જાણું છું તું ગુસ્સે છે. મોડો આવું છું તે તને નથી ગમતું તે સમજું છું . પણ હમણાં હમણાંનું કશું ગોઠતું નથી; દીવાલ વચ્ચે, છાપરાં નીચે ઊભા રહેવાતું નથી. શ્વાસ રૂંધાય છે. ચાલ્યા કરું છું તો ઠીક લાગે છે, આથી ફરું છું. ના, હું કોઈને મળવા નથી જતો: નથી કશી મસલત, નથી ગુફ્તેગો – હા, કોઈ મારા કાનમાં કશુંક ધીમે ધીમે બોલતું હોય એવો મને ભાસ થાય છે. એના આ એકસરખા અવાજથી હું મૂગો થઈ જાઉં છું. નિમ્મુ, તારી જોડે નથી બોલવાનું ગમતું એવું નથી, પણ જાણે બોલવાનો સમય જ નથી મળતો. નિમ્મુ, તું રોષથી ધૂંધવાય છે તે હું જાણું છું. અત્યારે કદાચ તું મારી બાજુમાં જ સૂતી છે. કશાંક દુ:સ્વપ્નથી તારા શ્વાસ વેગીલા બને છે. તારા સ્વપ્નમાં એક જ વાત – હું ભાગી જાઉં છું, અદૃશ્ય થઈ જાઉં છું. ના, નિમ્મુ – રાતે અંધારામાં તારા ગાલ પર હાથ ફેરવું છું. મારી આંગળીઓ ભીની થઈ જાય છે. મારું પ્રેત તારી પાસે સૂતું હોય તેમ તું જાણે મારો જ શોક કરી રહી છે. મને છાતીએ બળતરા થાય છે, તેજાબનું ટીપું ખસતું નથી, અટકી ગયું છે, એની વરાળની બાફથી મારી આંખ છવાઈ જાય છે. નિમ્મુ, તો શું હું નથી? ડાહી થઈ જા, લાઇટ કર, ફ્રીજમાંથી ઠંડું પાણી લાવ, મને બળતરા થાય છે... નિમ્મુ, હું ઘડીભર નહિ બોલું તો અકળાઈશ

નહિ. શબ્દનો શિલાભાર ઠેલું છું. ને ખસતો નથી. શું? પ્રેમ? ના, મને કશી ખબર નથી. ધીમે ધીમે આપણને કોઈ ખસેડી મૂકે છે, આપણે સ્થાને કશુંક આવીને બેસી જાય છે. ચહેરોમહોરો સરખો, પણ એની જોડે વહેવાર ચાલે નહિ, એટલે તો કહું છુંઃ ત્યારે તું સાવધ કેમ નહિ રહી? તેં કેમ એવું થવા દીધું? નિમ્મુ, ચાલ, આપણે સાથે ફરીએ. ઘર નથી ગમતું. કબાટનો કાચ મને ગળી જાય છે. બારીબારણાંનાં ચોકઠાં ફાંસીના માંચડા બની જાય છે. તું મને સ્પર્શે છે ને જાણે બધું જ એવું તો આળું બની ગયું છે કે હું લગભગ ચીસ પાડી ઊઠું છું, પણ તું ચોંકી ઊઠે તેથી ચીસને રૂંધી રાખું છું... કોમ્પ્રેસર ધણધણી ઊઠે છે, સાત માળનું મકાન હાલી ઊઠે છે... આથી હું ભાગું છું, હવામાં હાથ વીંઝતો ... નિમ્મુ, મારા હાથ ઝાલી લે, તો હું થોભી જઈશ. ભલે તારા સ્વપ્નમાં તું મને તને મૂકીને ભાગતો જુએ, પણ નિમ્મુ, પણ ... તને ખબર છે શાથી આ બધી સેળભેળ શરૂ થાય છે? પહેલાં હિંડોળો હતો, દૃષ્ટિના દોરથી બાંધેલો – કેવાં ઝૂલતાં હતાં આપણે! અને હવે ફરે છે ચક્ર – રાત અને દિવસ. ખબર છે તને... હૃદયના એકસરખા ધબકારા સાંભળીને ત્રાસી ઊઠું છું. ભાંગેલાં રમકડાં વચ્ચેથી રસ્તો કરીને ચાલવા મથતા બાળકની જેમ ચાલવાનું મને નથી ગમતું. કોઈ મને પડતો જુએ તે ય મને નથી ગમતું. નિમ્મુ, તેજાબની વરાળની જેમ તું મને વીંટળાઈ વળીશ નહિ, સમ્ભવ છે કે હું પાંખ શોધી લાવીશ, તારે માટે ને મારે માટે. મારી આંખ સાબૂત રહેવા દેજે. સીસું ઢાળીને ભરેલાં બીબાંની જેમ હું ભારે થતો જાઉં છું, માટે મને પાંખ શોધવા દેજે...નિમ્મુ, તારી પાસે તો ઘણું કહેવાનું છે, તું બોલ્યે જા – મારી દુષ્ટતા, મારી બર્બરતા, મારી ઉદાસીનતા – તારી આખી યાદી પૂરી કર, હું સાંભળું છું. ડૂબનાર પોતાના ઉગારનારને જ ભેટી પડીને જળસમાધિ લેવડાવે તેવું તું કરીશ નહિ. ડૂબનારાઓનું આલિંગન મને ગમતું નથી, માટે નિમ્મુ, મારા બે હાથ છૂટા રહેવા દેજે, તો જ મને દોડવું ફાવશે.... તું કંઈક સાદી વાત લઈને એમાં તારી જાતને પરોવી દે ને! ફોટા પરની ધૂળ, ફાડ્યા વગરના કાગળ, બારીના પડદા – રાતે એ ખસેડી નાખીશું, આકાશમાંનં઼ું કૃત્તિકાનું ઝૂમખું જોઈશું, ચાલી જતી ટ્રકનું લાલ ટપકું જોઈશું, પછી તારી આંખ ઊંઘથી બીડાઈ જશે, મારા હાથને આધારે તારું માથું. ને મારો હાથ વળી તારાં આંસુથી ભીનો થશે – તારું સ્વપ્ન ને મારી જાગૃતિ...ના, નિમ્મુ, નથી સાંધી શકાતાં એ બે...

'શેઠ, આવવું છે કે?'

'ક્યાં લઈ જઈશ?'

'કેમ, તમને નથી ખબર? તો આ બધું લોક ક્યાં દોડી રહ્યું છે? ચાલો, બેસી જાઓ.'

ઘોડાગાડી દોડે છે. ચારે બાજુ ટોળાંનો આભાસ છે. ચાબૂક હવામાં વીંઝાય છે, મારા કાન ચમચમી ઊઠે છે. ઘોડો દોડે છે. એના મોઢામાંથી ફીણ ઊડે છે; વેગ વધે છે. કોઈનો હાથ પૈંડામાં ભેરવાઈને તૂટીને આંટા ફરતો થઈ જાય છે. હાથ પર ઘડિયાળ છે. એ હાથને પકડી લઈને રોકવાનું મન થાય છે, ત્યાં બીજું કશુંક આવીને મારા પગ આગળ આવીને પડે છે – કપાયેલી બે આંગળીઓ. એક પર વીંટી છે, હીરો ચમકે છે, ફાટેલી આંખે મારી તરફ તાકી રહે છે. ધીમે ધીમે હું છિન્ન અંગોથી ઘેરાઈ જાઉં છું. ઘોડાગાડીનો વેગ વધે છે. હું ગભરાઈ જાઉં છું. હાંકનારને કશુંક કહેવા જાઉં છું, પણ ઘોડાના ડાબલામાં મને મારો અવાજ સંભળાતો નથી. હું બહાર નજર કરું છું. દૂર ક્યાંક ચકડોળ ફરે છે, થોડાંક ઝાંખા માણસો ઉપર જાય છે, નીચે આવે છે. ફુગ્ગાઓ ઊડે છે, પિપૂડી વાગે છે; તે છતાં ચારે બાજુ જાણે નરી નિર્જનતા છે. કશીક પારદર્શી દીવાલની બીજી બાજુ આ બધું બની રહ્યું છે. કપાયેલી આંગળીઓ સળવળે છે, જાણે પડખું બદલે છે, હીરાની ફાટેલી આંખ બીડાઈ જાય છે; ચક્રાકારે ફરતો તૂટેલો હાથ દરેક આંટે 'આવ, આવ'નો જાણે અણસાર કરે છે. ડાબલાના અવાજ 'આવું છું, આવું છું'ના પડઘા પાડે છે.

ક્યાંકથી ફૂલો આવીને પડે છે, જાણે માથું પટકી પટકીને મરે છે, ઢળી પડે છે. મારા પગ બંને ઢંકાઈ જાય છે. પાંખડી પર ઝિલાયેલું ઝાકળ મારા પગ ભીંજવી દે છે, ધીમે ધીમે પગ પર ભાર વધતો જાય છે. હું પગ ઊંચો કરું છું. હવાની એક લહેર આવે છે, ફાડી નાખેલા કાગળની કાપલીઓની જેમ ફૂલની પાંખડીઓ ઊડવા લાગે છે, પછી બધું અદૃશ્ય થાય છે. એકાએક ચારે કોર સૂનકાર છવાઈ જાય છે. હું અન્ધકારમાં તાકી રહું છું. ત્યાં ટ્રાફિક સિગ્નલનો લાલ દીવો દેખાય છે, ઘોડાગાડી ઊભી રહે છે ને હું કશું કહ્યા કર્યા વગર ઊતરી જાઉં છું.

રસ્તાની બંને બાજુના લાઇટના થાંભલા પર ધજાપતાકા ફરફરતા હતા. દૂર ક્યાંક બેન્ડ વાગતું હતું. કશોક સમારમ્ભ હતો. હું ભીડમાંથી રસ્તો કરીને જતો હતો, પણ કોઈનો ચહેરો નોંધી શકતો નહોતો. ત્યાં એક કાળી મોટર સામેના મોટા મકાન આગળ આવીને

ઊભી રહી ગઈ. બારણું ખોલીને બે અંગરક્ષક જેવા લાગતા પડછંદ માણસો ઊભા રહી ગયા. અંદરથી કોઈ માણસ નીકળ્યો નહીં, એને બદલે નીકળી સુખડની લાંબી પેટી, એને ઉપાડીને બે માણસ ચાલવા લાગ્યા. કુતૂહલથી હું એ દિશામાં વળ્યો. એ મોટા મકાનમાં દાખલ થયો. હાંડીઝુમ્મર લટકતાં હતાં, માણસોની ભીડ હતી. ત્યાં એકાએક પેલી પરિચિત સુગન્ધ મને ઘેરી વળી. મેં આજુબાજુ નજર કરી. ટોળું દૂર દૂર સુધી ફેલાયું હતું. ત્યાં દૂરથી કોઈ રૂમાલ હલાવીને મને બોલાવી રહ્યું હતું.

‘મૃણાલ, ગાંડી જ છે સાવ. આમ દૂરથી તું મને બૂમ પાડે છે, રૂમાલ હલાવીને સંકેત કરે છે તે…’

‘કેમ, તને શરમ આવે છે? તો તો હું ખાસ એવું કરીશ.’

‘તારી હઠ તને વહાલી છે કે પ્રેમ?’

‘હઠ, મરી જઈશ ત્યારેય હઠ નહિ છોડું. હું ત્યારેય દૂરથી રૂમાલ હલાવીને તને બોલાવીશ.’

મૃણાલ… હું એ દિશામાં આગળ વધું છું. કોઈનો હાથ મારા હાથમાં ભેરવાઈ જાય છે. રબરની ઢીંગલીનો હાથ હોય તેમ એ મારા કોટના ખિસ્સામાં ભેરવાઈ રહે છે, એને ખંખેરીને હું આગળ વધું છું. કોઈની આંખો ચોંટી જાય છે, મારા ગાલ પર. એને ઉખેડીને ફગાવી દઉં છું. દીવાલ પર જઈને એ ચોંટી જાય છે, ને પછી તાકી રહે છે.

આ બધાં વચ્ચેથી રસ્તો કરતો હું આગળ વધું છું. મૃણાલ ઊભી છે, હસે છે, રૂમાલ ફરકાવે છે, લુચ્ચાઈભરી બે આંખો – હું જોયા કરું છું. કેટલુંય મને વળગતું જાય છે; એક હાથ ગળે ભેરવાય છે, એને પાસેની ખીંટીએ ભેરવી દઉં છું. આગળ વધું છું પણ મૃણાલ, તું તો ચાલતી જ નથી, હઠીલી મૃણાલ તું દોડતી નથી … વારુ, હું દોડું છું, આવું છું… નિમ્મુ, તેજાબની વરાળની જેમ તું મને વીંટળાઈશ નહિ, કારણ કે મૃણાલ હઠ છોડતી નથી.

નવભારત: નવેમ્બર, 1966

# પદ્મા, તને...

પદ્મા, હું તને તિરસ્કારું છું. તારા મુખની રેખાએ રેખા મને યાદ છે, કારણ કે એને ભૂંસી નાખવાનો હું પ્રયત્ન કર્યા કરું છું. તારી આંખમાં આંસુ તો છે, પણ સારેલાં આંસુ બહુ હળવાં હોય છે, એ નથી સાર્યાં હોતાં ત્યારે જ બહુ ભારે હોય છે. આથી હું તારી પાસે આંસુ પડાવવા નથી ઇચ્છતો. છો ને રહ્યો આંસુનો ભાર. તું હળવી થઈ જાય તો તો ઊડી જ જાય, ને પદ્મા, હું તો ઇચ્છું છું કે તારે ડૂબી જવું જોઈએ – ખૂબ ઊંડાં જળમાં; પણ ડૂબવાને માટે ભાર જોઈએ.

જાણું છું કે અત્યારે તું નોકરચાકર અને સગાંવહાલાંથી ઘેરાઈને બેઠી છે. સાંજે છ વાગે પેકાર્ડ હાજર. શોપિંગ કે પછી જસ્ટ અ સ્ટ્રોલ. ઘણી વાર તું તારા સૌન્દર્યની પ્રશંસા સાંભળીને મલકાતી હોય છે. પણ પદ્મા, એ બધી વાત ખોટી છે. તને એમાં રસ નથી તે હું જાણું છું. તારી વયની ધનિક કુટુમ્બની કન્યા જે કાંઈ કરે તે બધું તું ખંતપૂર્વક કરવા મથી રહી છે, જેથી તારી સાધારણતા જ તારું રક્ષાકવચ બને. પણ એ રક્ષાકવચને હું ભેદીશ. ને પદ્મા, અગ્નિ ભયંકર વસ્તુ છે, પૃથ્વી પણ કઠોર છે. જળ જ સારું. મારા હૃદય જેટલું એ કદાચ ઊંડું નહિ હોય, પણ એમાં નિશ્ચિતપણે ડૂબી શકાય. ડૂબીને તું તળિયે બેસી રહે એમ નથી ઇચ્છતો. તું તરતી તરતી વહ્યે જાય તે જ સારું.

ને દરિયો નહિ પદ્મા, નદી સારી. કાંઠે ઊંચી કરાડ નહીં. મને એ નથી ગમતી. નદીમાં વચ્ચે વચ્ચે પથ્થરો હોય તે સારું. એ પથ્થરો તને ઘડીભર રોકે, તારો એકાદ હાથ ભેરવાઈ રહે, પગ ઘૂમરાતા પાણીમાં નાચવા લાગે, વાળની લટ પાણીમાં પ્રસરે ને એનો

કાળો વેગીલો પ્રવાહ હું જોઈ રહું – પછી પાણીનો વેગ વધે, તને એક ધક્કો વાગે, ને મોડું થતું હોય તેમ તું બમણા વેગથી વહેવા લાગે. નદી જ સારી, પથરાળ નદી જ સારી.

કેવી આનન્દની વાત – આખોય વખત ચાલ્યા કરશે તારું ને જળનું કૂજન. કાન દઈને હું સાંભળ્યા કરીશ. એમાં કોઈને સંદેશો નહિ, કોઈને સમ્બોધન નહીં, આગલી-પાછલી વાતનું સાંધણ નહિ, અવિરત ને અસ્ખલિત કૂજન, જન્મોજન્મની અનિન્દ્રાનેય ઘેનથી પરવશ કરી નાખે એવું કૂજન. પદ્મા, તને પૃથ્વી પર બોલતાં જ નહોતું આવડ્યું. તારી એ ભાષા જ નહોતી. હવે બુદ્‌બુદના ઉદ્‌ગાર તું જલદી શીખી લઈ શકીશ. જળમાં બહુ પ્રશ્નો નથી હોતા, ને તનેય ક્યાં પ્રશ્નો ગમતા હતા? ચન્દ્ર હોય કે નહિ હોય – એ કાંઈ મહત્ત્વનું નથી. જળને તળિયે બેસવાને બધાં જ મુહૂર્ત સરખાં છે. ના, જળમાં ઊતરતી વેળાએ બે હાથ જોડીશ નહિ, તારાં ચરણ જળની હથેળીમાં ઊંચકાઈ જશે, જળની કાયા તને વીંટળાઈ વળશે, તું જળમાં પૂરી પ્રવેશી જશે, જળ આનન્દના બુદ્‌બુદ પ્રકટ કરશે – એક બુદ્‌બુદ એટલે એક વિશ્વ, જાણું છું, તારામાં ઘણાં વિશ્વ હતાં. એના ધ્રુવ સુધીની મને ખબર છે. હું ક્ષણેક્ષણે તારા વિશ્વનું માપ કાઢતો હતો – મારામાં તારો પ્રલય થઈ શકે કે નહિ તેનો હું ક્યાસ કાઢતો હતો. ખરાબે ચઢેલા વહાણની જેમ નહિ, પણ અક્ષત અખણ્ડ તું મારામાં એકાકાર થઈ જાય... પણ પદ્મા, જળમાં કશો ભય નથી, ને તારે તળિયે બેસી રહેવાની જરૂર નથી. તું જળવિહાર કરતી રહેજે.

ના પદ્મા, હું ખોટું નથી બોલતો. જળને દાંત નથી, નહોર નથી. તું પૃથ્વીની ને પૃથ્વીના લોકોની વાત ભૂલી જા. જાણું છું કે ઘણાય દન્તક્ષત ને નખક્ષત તારી ગુપ્ત કાયાના પર અંકાયા છે. પણ જળની આંગળીઓ ધીમે ધીમે એ બધું ભૂંસી નાખશે. ફરી તારી કાયા બની જશે સાવ નિષ્કલંક, આ દન્તક્ષત ને નખક્ષત જ તારું રહસ્ય છે એમ તું માનતી હતી. એ રહસ્ય જળને સોંપી દે. જળનું રહસ્ય પારદર્શી હોય છે. તારું રહસ્ય પણ પારદર્શી બની રહો. પદ્મા, આ પૃથ્વી પર આપણું રહસ્ય જ આપણને રૂંધે છે, કારણ કે એ રહસ્ય એકલાનું જ હોય છે. જળનું રહસ્ય સર્વવ્યાપી છે. તારામાં રહેલી પૃથ્વીને જળ ગમે તેટલી માંજી નાખે તોય એ પારદર્શી તો નહિ બને, પણ જળ ધીમે ધીમે પૃથ્વીને ઘસી નાખશે, પછી ત્વચાનો ઢાંકપિછોડો, શિરાઓનો ફાંસો રહેશે નહિ. બે આંખની સાંકડી ગલીનો અન્ત આવશે. પૃથ્વી હોય તો જ પગ, જળમાં પગની જરૂર શી? આમ

તારો ધીમે ધીમે મોક્ષ થશે, ને છતાં રહી જશે તારું કૂજન – કાંઠે કાંઠે કાન દઈને હું તારું એ અવિરત કૂજન સાંભળ્યા કરીશ.

આ સમુદ્ર નથી, એટલે અહીં વડવાગ્નિ નથી. તું નાની હતી ત્યારે તેં બાળકબુદ્ધિથી ધગધગતો સોનેરી અંગારો હાથમાં રમવા લીધો હતો. જિંદગીભર તારી એ બાળકબુદ્ધિ ગઈ નહીં. ક્યાંય પણ છુપાયેલા અગ્નિને શોધવાની તને ટેવ છે. તારો એ અગ્નિસંચય (ને તેં બીજો શેનો સંચય કર્યો છે વારુ?)જળને સોંપી દેજે. વન્ય પશુઓથી બચવા વનવાસીઓ ગોળાકારે તાપણું કરે ને વચ્ચે રાતવેળા સૂઈ રહે. પણ અગ્નિ પોતે જ પશુ તેની તો તને ખબર નહિ. તારે હાથે અગ્નિની જિહ્વા પર તારું માંસ મૂકતી રહી. જે અગ્નિને અર્પ્યું તે જળ નહિ સ્વીકારે એમ માનીશ નહિ. પણ અગ્નિ પોતે જ જળમાં લોપ પામશે, ને હવે કટકે કટકે અર્પણ નહિ, એકી સાથે સમસ્તનું નૈવેદ્ય. પદ્મા, જળની અંજલિ કોઈ પણ દાનથીય વિશાળ. તારો કશો શેષ નહિ રહે, જે વધે તેનો હિસાબ, જે નિ:શેષ તેનો કોઈ આંકડો નહિ માંડે. પદ્મા, તું નિશ્ચિત રહેજે.

ના પદ્મા, તારી રમત તું ભૂલી જઈશ નહિ. ક્રીડા કરવી ને કરાવવી એ તો જળનો સ્વભાવ જ છે. રાતે જળ તારાના પાંચીકા એકઠા કરે ત્યારે પાંચીકા ઉછાળીને રમજે; સૂરજ ચાંદાના દડા ઉછાળજે; કૃષ્ણનો ખોવાઈ ગયેલો દડો હજી જડ્યો નથી. ખોટી છે કાલીયમર્દનની વાતો; કૃષ્ણ શોધે છે એ દડો. પણ પૃથ્વી પરથી જે જળમાં ગયું તે પૃથ્વી પર પાછું જાય નહિ. પૃથ્વી પરના સૌ ખોઈ બેસે છે કશુંક જળમાં – જો કશુંક ખોવું હોય તો જળમાં ખોઈ નાખવું. શેવાળ તારી આંખોને ઢાંકી દઈને સંતાકૂકડી રમાડશે; હજારો કાંકરાઓ રમતના સાથીદાર બનશે. પવનની લહરી, વૃક્ષોની છાયા, આકાશની નીલિમા – ગોઠિયાઓની ખોટ નથી. જીવવું એટલે જ ક્રીડા – એવું હોય છે જળનું જીવન, માટે તો કહું છું પદ્મા, જળ જ સારું.

પદ્મા, કોણ ઓળખવાનું હતું તારા મર્મને? જળનો મર્મ ને તારો મર્મ એક છે. જે મર્મ જેટલો પોતાનો વિસ્તાર કરે નહિ તે મર્મને શી રીતે પામે? આ તારો મર્મ જ પૃથ્વીનો શાપ. શાથી ઘડાયો છે એ મર્મ? કોઈની લોલુપ નજર, કોઈની આજીજી – પણ પદ્મા, એ બધું ઊણું પડે, ઘણું ઊણું – જળ જ પૂર્ણ. તારા મર્મને જળાકાર કરી નાખ. જળની વાત તું પૃથ્વીની જીભે બોલવા આવી માટે તો તારા પર મને રોષ છે. જળને કાળ નથી,

ને તું કાળની ભીંસ વચ્ચે રહેંસાઈ જવા શા માટે આવી? તારી બે આંખોમાં બે પંખી – એક દિવસનું, બીજું રાતનું. એ પિંજરમાં કેવો કરુણ એનો વિલાપ! માટે તો કહું છું, છોડી દે દિવસને, છોડી દે રાતને. સૂરજ કે ચાંદો ઊતરી ઊતરીને જળમાં કેટલેક ઊંડે ઊતરવાના હતા? ને સમય તો ચાંદાસૂરજની પાવડી – એ તો જળ ઉતારી જ લે. પદ્મા, માટે તો કહું છું કે વ્યાપી જા જળમાં.

પદ્મા, પૃથ્વીને કશી સ્મૃતિ નથી, એ તો નક્કર છે, સ્મૃતિને સંઘરવા જેટલું શૂન્ય એની પાસે ક્યાં છે? માટે તો પૃથ્વી અન્ધ છે. સૂરજચાંદાની ઉછીની આંખે એ કેટલું જોઈ શકે? પણ જળ તો સાક્ષાત્ નેત્ર. જળ જોયા જ કરે, જળ નિષ્પલક નેત્ર. જળ જ આપશે આંખ તારી અન્ધ સ્મૃતિને, ને કેટલું બધું ખોઈ નાખ્યું હતું તેં તારી સ્મૃતિમાં! એ બધું જ તને પાછું મળી જશે. પણ જળમાં કશો લોભ નહિ. બધું જ જળનું જળમય. પૃથક્ સ્મૃતિ કાંટો બની જાય છે, એની ધારા કેવળ લોહીની ધારા, અગ્નિના સ્ફુલ્લંગિ. પણ જળાકાર સ્મૃતિ કશું કોરું રાખે નહિ, સ્મૃતિ વિના તું કેવી અધૂરી લાગતી હતી! ને જે આદિ કાળમાં આપણે બે કેવળ જળના તરંગરૂપે સાથે હતાં તેની સ્મૃતિ પણ હજી ત્યાં એવી ને એવી અખણ્ડ છે. કોઈ કોઈને અખણ્ડ રૂપે પામે જળમાં, કારણ કે જળ કદી ખણ્ડિત થાય નહિ, એ સદા વહે. માટે તો કહું છું પદ્મા, કે તું વહ્યે જા, જળમાં જળ બની વહ્યે જા.

પદ્મા, તું દ્વિધામાં રહીશ નહિ. જળને હોય છે કશી દ્વિધા? તેં ઘણા વિકલ્પોનો વિચાર કર્યો, વિકલ્પ આગળ તું અટકી ગઈ. દરેક વિકલ્પ તારું કશુંક હણી ગયો. આથી જ તો મેં જ્યારે તને જોઈ ત્યારે તું હતી કોઈ પ્રાચીન ખણ્ડિત શિલ્પના જેવી. દ્વિધા જ જીર્ણ કરે છે આપણને, એ તારાં અંગને છેદે એ તું શી રીતે સહન કરી શકી? માટે જ તો તારા પર મને રોષ છે. હું વિકલ્પ બનીને તારી સામે ઊભો રહેવા ઇચ્છતો નથી, કારણ કે હું તને છેદવાનું સાધન માત્ર રહું તો કેવો ન્યૂન બની જાઉં! જળ વિકલ્પને ડુબાડી દઈને આગળ વધે છે, પણ તું વિકલ્પને સામે જોઈને ફંટાઈ જાય છે – કેટલી વેદના રહી જાય છે પાછળ, તને ખ્યાલ છે? એ બધી જ વેદના મેં સંઘરી રાખી છે. એથી તો હું તારી આગળ આવીને ઊભો રહ્યો નથી. તારી પાછળ રહી ગયેલી વેદના સંચિત કરવા હું સદા પાછળ રહ્યો છું. એથી જ તો તું મને ઓળખતી નથી. પણ જળ ભાર માગે છે, એ હોય તો જળ આપણને સ્વીકારે છે. તારે એ ભારની શોધમાં જવું નહિ

પડે; ને એ મારું અર્પણ નથી, તારી જ વેદનાનો ભાર તને સોંપું છું. પદ્મા, જળ તારી પ્રતીક્ષા કરે છે. કશું જ છોડીને આવીશ નહિ. બાળપણમાં પહેલા દાંત આવ્યા ત્યારે કરડવાની ચળથી તેં તારી જ આંગળીને બચકું ભર્યું હતું તેનું તારી આંગળી પરનું ચિહ્ન સુધ્ધાં લેતી આવજે. ઘરના સૂના મેડા પરના ધૂંધળા ખંધા સંકુચિત પરિવેશની આડશે જીવનનું પ્રથમ ચુમ્બન તારા હોઠ પર જે દાંત બેસાડી ગયું તેના ઘાને પણ સાથે રાખજે. છેતરામણી પ્રતીક્ષા, રસ્તાનો નિર્જન વળાંક, એની રેખાશૂન્યતા તારા ગાલ પર આંસુની જે રેખાઓ આંકી ગઈ તે પણ સાથે લાવજે. ચોરીછૂપીથી જે નામને મર્મસ્થાને રાખીને પોષ્યું ને આખરે એની કઠોરતાથી હૃદયના કોમળ મર્મને વીંધાવા દીધો તેના ઘાને પણ સાથે લાવજે. વળી વધ્યાં હશે થોડાંક ફૂલ, જે મૂતિર્ પરથી બાજુએ સરી પડ્યાં હશે – જળ એનેય સ્વીકારશે, માટે એની અવગતિ થવા દઈશ નહિ.

તો પદ્મા, આરમ્ભી દે તારો અન્તિમ અભિસાર. ના, ઘાટ નથી, પગથિયાં નથી, નથી કોઈનો ઇશારો – અણસારો. ધીમે ધીમે ઊતરજે; કોઈની આંખોમાં ઊતરતી હોય, કોઈના હૃદયમાં ઊતરતી હોય તેમ નહિ – ભારે હોય છે એનો ઠાઠ પણ પદ્મા, હવે ઠાઠની જરૂર નથી. ઉતારી નાખ ઝાંઝર, ઉતારી નાખ વસ્ત્ર, ગળામાં હાર નહીં. હાથે વલય નહીં, કાને કર્ણફૂલ નહિ. ના, સૌભાગ્યનું ચિહ્ન સુધ્ધાં નહિ. જળ જ પરમ સૌભાગ્ય, જળની નગ્નતા ને તારી નગ્નતાનો સંગમ થવા દે. સૂરજથી સંતાવું ઘટે, ચન્દ્રથી સંતાવું ઘટે પણ જળમાં નયૌ સ્પર્શ. એ અન્તરાય સહે નહિ. તારી નગ્નતા જ તારી કાયાના પ્રવાહની બંકિમ ગતિને પ્રગટ કરશે.

ના પદ્મા, જળમાં નથી એકાન્ત. પાંદડાં પરથી ઝાકળ સરીને વનની વાત કહેશે; વર્ષાની ધારા આકાશને સાગરની વાતો કહેશે; ઓગણપચાસ વાયુનો પ્રલાપ તારે કાને પડશે; દૂરથી મન્દિરની ધજાનો તર્જનીસંકેત તું જોશે, સાંજે છેલ્લી શમી જતી પગલીઓ તારા કૂજનને તળિયે ડૂબી જશે – બધો સંસાર થાક્યોપાક્યો તારા કૂજનને ખોળે ઢળવા આવશે. સ્મશાનની રાખ ઊડીને આવશે, એને ટાઢક વળે એવાં બે વેણ કહેજે; કાંઠાંનાં વૃક્ષોની ઘટા ઝૂકીને તારું મુખ જુએ તો જોવા દેજે, તું બીજી જ ક્ષણે વહીને દૂર ચાલી જશે, માટે દ્વિધા રાખીશ નહીં. બધો ભાર ધીમે ધીમે ધોઈને જળના કણમાં વિખેરી દેજે,

તું જળમાં લય પામશે એટલે હુંય હળવો થઈ જઈશ, પછી જ મારો મોક્ષ, માટે પદ્મા, તું હવે જળમાં ઊતરી જા, જો જળની હથેળી ઝીલી લે છે તારાં ચરણ...

નવભારત: નવેમ્બર, 1966

જો મેં હંમેશાં 'લોપ' શબ્દનો વિરોધ કર્યો છે, મેં શબ્દ જે વાપરેલો તે 'તિરોધાન', એમાં લોપ નથી આવતો. પણ તમે, જે લોકો ઘટના પર મદાર બાંધે, તે લોકો-કોના જેવા છે- એરિસ્ટોટલે કહ્યું છે એ લોકો કોના જેવા છે? કે સોનાનો ગઠ્ઠો હોય ને, એમાં આટલા કિલોનું સોનું છે, એ કિલો જુએ, બરાબર? એટલે એવો આટલું મળ્યું એમ એ હિસાબ માંડે! જ્યારે કોઈએ નાની સરખી નથ પહેરી હોય તો એના પર વારી જનારો વધારે રસિકજન કહેવાય. જ્યારે જે લોકો ઘટના પર મદાર બાંધીને લખે કે દોસ્તોએવ્સ્કી, 'ક્રાઇમ એન્ડ પનિશમેન્ટ'માં મર્ડરની વાતથી શરૂઆત કરે છે, પણ એ મર્ડર એવી જગ્યાએ લાવીને મૂકે જે કે જ્યારે તમે એ વાત બિલકુલ ભૂલી જ ગયા હો. એણે આખી યોજના કરી હોય 'ક્રાઇમ એન્ડ પનીશમેન્ટ'માં, એ પ્રમાણે કશું બનતું જ નથી! અને એ બધા જ પ્રસંગો એવા લે છે, પણ છતાં તમે જુઓ છો કે એમાંથી, આખી, એની જ ડેન્ઝીટી... તે ઓગાળી નાખે છે.

સુરેશ જોષી